વર્ષ : ૨
અંક : ૬

કુમાર

અંક ૧૮

જેઠ ૧૯૮૧

· ઉગતી · પ્રજાનું · માસિક ·



કુમાર કાર્યાલય
રાયપુર · અમદાવાદ

તંત્રી
રવિશંકર રાવળ

કુમાર

ઉગતી પ્રજાનું માસિક — તંત્રી રવિશંકર રાવળ

લવાજમ: વરસના રૂ. ૬: છ માસના રૂ. ૩
પરદેશના ૧૧ શિલિંગ: છુટક દસ આના

કુમાર કાર્યાલય ૨૭૦૭ રાયપુર અમદાવાદ
નવજીવન કાર્યાલય પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ ૨

પુસ્તક ૨: અંક ૬ — જેઠ: ૧૯૮૧

અનુક્રમ



કુમાર
જેઠ ૧૯૮૧

શા માટે, મા, તારાં શુષ્ક નયન,
શા માટે, મા, તારા રૂક્ષ કેશ !
…　　　　…
શા માટે, મા, તારો મલિન વેશ ?



અમારો દેશ

૧

અમારો હિંદ, અમારી જનની,
ધાત્રી અમારી, અમારો દેશ '
શા માટે, મા, તારાં શુષ્ક નયન,
શા માટે, મા, તારા રુક્ષ કેશ ?
શા માટે, મા, તારી ધુળમાં બેઠક,
શા માટે, મા, તારો મલિન વેશ ?
તેત્રીસ કરોડ સંતાન જેનાં
મુખેથી બોલે 'અમારો દેશ' !

૨

સહગાન [કોરસ]

શેનું આ દુઃખ, શેનું આ દૈન્ય,
શેની આ લજ્જા, શેનો આ કલેશ ?
તેત્રીસ કરોડ એક જ સ્વરે
મુખેથી બોલે 'અમારો દેશ' !

૩

પ્રગટીને જ્યાં ગૌતમ બુદ્ધે
મોક્ષદ્વાર કરિયું મુક્ત,
આજે ય જેને અર્ધું જગત
પ્રણતિ કરે ભક્તિયુક્ત !
અશોકે પ્રસારી કીર્તિ જેની
કંદહારથી હીંદ–જલેશ,
નથી શું, મા, તું તેઓની જનની
નથી શું, મા, તું તેઓનો દેશ ?
—શેનું આ દુઃખ૦

૪

એક દિ જેના સેનાપતિઓ
બોલાવતા લંકામાં જય,
એક દિ જેનાં તુંગ વહાણો
ભમતાં ભારત–સાગર મધ્ય;
સંતાન જેનાં તીબેટ, ચીન,
જાપાને સ્થાપતાં ઉપનિવેશ,
તેને શું છાજે, મા, ધુળમાં બેઠક,
તેને શું છાજે, મા, છિન્ન વેશ ?
—શેનું આ દુઃખ૦

૫

શૂર શિવાજી, વીર પ્રતાપ
નથી શું, મા, તું તેઓનો દેશ ?
ધન્ય ! અમારી નસમાં જો એ
તેઓનું વહે આ રક્ત લેશ !
યદ્યપિ, મા, તુજ દિવ્ય કાંતિ
ઘેરી અંધારે આજ અશેષ,
વીખાશે વાદળ, ચમકશે ફરી
તવ લલાટે નવ ઉજેશ !
—શેનું આ દુઃખ૦

બંગાળી ઉપરથી]

હરિહર ભટ્ટ.



ભાવિનું ચિત્ર

આપણા દેશમા દિનપ્રતિદિન મોંઘવારી વધતી જતી દેખાય છે. વડીલો વાતો કરે છે કે તેમણે જે સસ્તાં દુધ ઘી ખાધેલાં તે હવેની પ્રજાના નસીબમાં રહ્યાં નથી. તેમણે છુટથી જે આરામ ભોગવેલો તે આજની પ્રજાને મળતો નથી. તેમના વખતમાં ભણતર થોડું અને મફત જેવું જ હતું; તેમને વ્યવહારનો જે અનુભવ મળતો તેવો તો નવી પ્રજાને નથીજ મળતો; –એવી કૈં કૈં વાતો કરીને વડીલો આવતા જમાનાનું ભયંકર ચિત્ર આપણી સામે રજુ કરેછે.

તમે એવા ચિત્રથી જરા યે ગભરાશો નહિ. એક વખત એ બીહામણા હાઉની સામે જુસ્સા અને હીંમતથી ધસો, અને તે આપોઆપ હવામાં મળી જશે.

તમારે તમારા ભવિષ્યમાંથી એ ભયંકર ચિત્ર નાબુદ કરવું હોય તો અત્યારથી જ તેની તૈયારી કરવા માંડો. તમે જરા ધીરજથી વિચાર કરો કે આ મોંઘવારી, આ બધી ધંધાની મુશ્કેલીઓ અને બીજી હાડમારીઓ કયાંથી આવી? શાથી આવી?

ખોટનો ધંધો

અને તરત તમને સમજાશે કે હીંદુસ્તાન જેટલું કમાય છે તે કરતાં વધારે ખર્ચ કરે છે. વધારે ખર્ચ થવાથી બાપદાદાની મુડી વપરાવા લાગી છે અને સૌને ખોટ આવતી દેખાય છે. હીંદુસ્તાન ધંધા કરે છે તેમાં જેટલાં નાણાં પરદેશી સામાન માટે ખર્ચે છે તેટલાં યે પાછાં દેશમાં રાખી શકતું

બીક

હીંદુસ્તાનની પડતી શાથી થઇ એમ મને કોઇ પુછે, તો હું એક જ શબ્દમાં જવાબ દઉં કે 'બીકથી'. બીક,—કોઈ સજાની, નુકસાન થવાની, આબરૂ જવાની, નાત બહાર થવાની, માર પડવાની ;......

આવી કોઇ ને કોઈ જાતની બીકથી જ આપણે સાચું બોલી શકતા નથી; સમાજનાં હાનીકારક બંધનો તોડી શકતા નથી, સત્તાનો જુલમ મેંઢાંની પેઠે ખમી લઇએ છીએ અને મુંગો માર ખાધા પડ્યા રહીએ છીએ. બીતી પ્રજા ઉપર પરદેશીઓ બીવડાવીને જ રાજ્ય કરે છે.

એ બીક ઉત્પન્ન શાથી થાય છે?...માત્ર એક જ વાર બીવાથી. અને પછી આપણને બીવાની જાણે ટેવ પડી જાય છે, અને એમ નિર્માલ્ય થઇ જઇએ છીએ. બીકને લીધે જ આપણે જુઠું બોલીએ છીએ, બહાનાં શોધીએ છીએ અને જુદા જુદા વહેમોના દાસ બનીએ છીએ.

આપણા દેશમાં તો જે વધારે બીક રાખે તે જ વધારે ડાહ્યા ગણાય છે. ઉપરી અમલદારોથી, નાતજાતથી, લોકવાયકાથી, સરકારથી જે બીતા રહે તે જ મોભાદાર અને 'વહેવારકુશળ' લેખાય છે. અને તેથી જ આપણને પરમેશ્વરે તેજસ્વી બુદ્ધિ આપેલી હોવા છતાં તેનો અવળો ઉપયોગ કરીએ છીએ.

બીક ન હોય તો જ આપણે છુટથી વિચારો કરી શકીએ, ખરી વિદ્યા મેળવી શકીએ, પરાક્રમો ખેડી શકીએ, જીવનનાં સાહસોમાં ઝંપલાવી શકીએ.

વિદ્યાર્થીને ભણતાં જો બીક હોય તો તેની વિદ્યા નિષ્ફળ જાય છે. ઘણા ભણેલા માણસો કાંઇ નથી કરી શકતા, તેનું કારણ કે તેમના મનમાં ઘણી જાતની બીક ભરેલી હોય છે. માણસમાં પ્રાણ કેટલો છે તે જોવાની મોટી નીશાની એક જ છે; તે એ કે માણસ નિર્ભય કેટલો છે. જેટલી બીક ઓછી તેટલો પ્રાણ તેજસ્વી.

બીક દૂર કરવાનો એક જ માર્ગ છે; અને તે સત્યનો આશ્રય. સત્ય બોલવું, સત્ય આચરવું સત્ય શોધવું ને તે ખાતર પ્રાણ પણ કુરબાન કરવા તત્પર રહેવું. સત્ય બહાદુરને જ મળે છે. બીકણને નથી મળતું.

[રા. વિ. પા.]

એક અદ્દભુત ચીજ છે. દુનીઆના તવંગરમાં તવંગર માણસ પાસે પણ એને ખરીદવાના પૈસા નથી. પણ તમે ધારો તો એ મફત મેળવી શકો. એનું નામ સંતોષ.

નથી. દાખલા તરીકે આપણે સો રૂપીઆનો સંચો લઇએ અને તે વડે દેશના અનેક સો બહાર તણાઈ જતા અટકાવીએ તો જ એ ખર્ચ કર્યું પરમાણ. પણ હજી તો આપણે ધંધાનો ચાલુ ખર્ચ પણ પુરો બચાવી નથી શકયા ત્યાં ધંધા બંધ થવાનો સમય દેખાય છે.

કોની ભુલ ?

આપણા દેશના પૈસાદારોને જે વર્ષે ખુબ કમાણી થવા લાગી હતી તે વખતે તેમને કારીગરોની શાળાઓ, રસાયણી ખાતાંઓ કે કલાભવનો સ્થાપવાનો વિચાર સરખો યે ન આવ્યો, કે જેમાં કેળવાઇ બીજા નાના ધંધા ચલાવનારા માણસો નીકળી આવે. શ્રીમંતોએ તો મોટા ધંધાના મોહમાં નાના માણસોની દરકાર જ ન કરી. જરૂરનાં ઓજારો, શીખેલાં માણસો, વપરાશના પદાર્થો વગેરે બધું પરદેશથી જ મંગાવી અહીં ભર્યાં કર્યું. અને આ દેશનાં માણસોને મજુરીમાં જ રાખ્યાં.

અને પછી જ્યારે તેઓ પરદેશની હરીફાઇમાં થાકવા લાગ્યા ત્યારે આ મજુરોને રજા આપવા લાગ્યા. હવે એ મજુરો કયાં જાય ? ને શું કરે ? આવે વખતે દેશમાં જુદી જુદી નાની નાની દેશની જ કારીગીરીઓ ચાલુ હોત તો ગામડામાં જઇને પણ તેઓ ઉપયોગી પદાર્થો બનાવી શહેરોમાં મોકલી વેપારીઓને નવા ધંધા સુઝાડત અને દેશને જોઇતો માલ અને પદાર્થો દેશમાંથી જ મળી આવત : ગરીબી ન રહેત.

ત્રિપુટીનો સહકાર

પણ શ્રીમંતો, વિદ્વાનો અને કારીગરોનો જ્યાં મેળ થાય એવી કોઈ પણ સંસ્થા આપણા દેશમાં નથી, કે જ્યાં તેઓ સૌ એકબીજા જોડે સહકાર કરી કામ કરી શકે. મજુરો કારીગરોનું કામ મોટા જથ્થામાં તૈયાર કરી આપે; કારીગરોની મુશ્કેલીઓ વિદ્વાનો હટાવે; વિદ્વાનોનું પોષણ શ્રીમંતો કરે; આમ પરસ્પર મેળ થાય ત્યારે જ શ્રીમાનોના ધંધા વ્યવસ્થા અને કરકસરથી ચાલે અને દેશને ખોટ ખમવી ન પડે.

ભોગવ્યું તે ખોટું

અત્યારે શ્રીમંતોને તેમના ધંધાઓમાં જે ખોટો ખમવી પડે છે તેના આંકડા ભયંકર છે. એટલી રકમો સારા કાળમાં તેઓએ પ્રજાને ખુશીથી આપી હોત અને તેમાંથી મોટી વિદ્યાપીઠો, કળાભવનો, વિજ્ઞાનશાળાઓ, હુન્નરાલયો ચાલતાં કર્યાં હોત તો તેમાંથી એટલાં માણસો તો આપણને જરૂર મળી શકત કે જેઓ દેશમાં નવા ધંધા ઉત્પન્ન કરી, માલ બનાવી, આવે વખતે મોટા આધારરૂપ થઇ પડત.

વાંચનાર! તમે શ્રીમાન હો અથવા શ્રીમાન થાઓ તો—ત્યારે આ વિચારો ભુલી ન જતા.

તમારી સ્થિતિ સમજો

પણ હવે તો જે પડી છે તેનો જ વિચાર કરવો જોઇએ. તમારામાંના દરેક જણને વહેલું મોડું સંસારમાં તો પડવાનું જ છે; પોતાનો અને કુટુંબનો વ્યવહારભાર ઉઠાવવો જ પડવાનો છે. તે પ્રસંગનો અત્યારથી જ તમે ધીમે ધીમે વિચાર કરી રાખશો તો પાછળથી પસ્તાવા વારો નહિ આવે. દરેક જણે પોતાની આસપાસના સંસારમાં રોજ નજર કરતા રહેવું અને તેમાં પોતે કયે ઠેકાણે કેવી સ્થિતિમાં ગોઠવાઈ શકશે તેની કલ્પના બાંધ્યા કરવી તથા તૈયારી કરતા રહેવી જોઇએ.

એ તૈયારી કેવી ?

એ તૈયારી તમારે બે રીતે કરવી પડશે. એક તો તમારા અને તમારા પર આધાર રાખતાં માણસોના નિર્વાહની ગોઠવણ; અને બીજી, ભવિષ્યમાં તમારે જે સ્થિતિ ઉત્પન્ન કરવી છે તેની. બંને બાબતો ખરેખરી મુશ્કેલ છે; છતાં તે કર્યા વિના છુટકો જ નથી. તમારે તનતોડ કામ કરવું પડશે. અને છતાં યે તેનું પરિણામ ભારોભાર જોવા નહિ પામો.

પૈસા લેનાર અને આપનાર બંનેને અત્યારે દરેક ઠેકાણે નાણાંભીડ છે. એટલે પૈસા આપનારો માણસ ઓછામાં ઓછું આપીને પોતાનો ટકાવ કરવા ઇચ્છે છે, અને પૈસા લેનારાને જરૂર છે તેથી ઓછામાં ઓછે દરે પણ તેણે કામ મેળવવું પડે છે. આ સ્થિતિમાં કશો ફેરફાર ન થાય ત્યાં સુધી અખંડ–અવિરત 'કામ' કરીને જ નીકાલ લાવવો પડશે.

બંનેએ પોતાના મોજશોખ ઓછા કરી માત્ર ટકી રહેવાનો જ પ્રયત્ન કરવો પડશે. તમે આ

[આગળ પાન ૨૪૦ મે ચાલુ]

ઝેરનો પ્યાલો પીનાર

જુના ગ્રીસમાં જ્ઞાન દેવાની અને મેળવવાની રીત ઘણી સુંદર હતી. ગામ બહાર એક ઘટાદાર વૃક્ષ હોય તેને છાંયડે ડાહ્યા વૃદ્ધો અને જ્ઞાનેચ્છુ જુવાનીઆઓ ભેળા મળે; વ્યવહારનો, નીતિનો કે ઈશ્વર સંબંધીનો કોઈ વિષય કાઢે અને ચર્ચા ચલાવે. પણ એમાં મુખ્ય નિયમ એ હતો કે કોઈ માણસ વાદવિવાદ કે તર્ક કરવામાં મુદ્દલ તપે નહિ, ગાળાગાળી ન કરે કે રીસ સુદ્ધાં ન ચડાવે. જ્ઞાનપ્રાપ્તિની નિઃસ્વાર્થ વૃત્તિથી સૌ જણ બુદ્ધિપૂર્વક દલીલો કરતા અને એવા વિશુદ્ધ જ્ઞાનમાં આખું ગામ રસ લેતું. આમ અભણમાં અભણ માણસને પણ સજીવ જ્ઞાન મળતું અને ઈશ્વરનું ઓળખાણ થતું.

હાલની પેઠે તે વેળા જ્ઞાન પુસ્તકોમાં પુરાઈ રહેલું નહોતું. તેથી માણસ માણસ વચ્ચે હૃદયનો સંબંધ બંધાતો અને આત્માના સચેતન બોલ સંભળાતા, સ્વતંત્ર વિચારકો અને ચિંતકો ઉત્પન્ન થતા, અને સઘળા હળીમળીને જ્ઞાનની આપલે કરતા.

પરંતુ એવા એ ગ્રીસની અંદર પણ એક વખત એવો આવ્યો કે જ્ઞાન સજીવ મટી નિષ્પ્રાણ બન્યું. પંડિતો અને વિદ્વાનો જ્ઞાનનો આત્મા ભુલી ગયા અને જ્ઞાનનાં ફોતરાંને વળગી રહી તેના પર લાંબી ને નકામી ચર્ચાઓ કરવા લાગ્યા. જ્ઞાન કરતાં જ્ઞાનનો દંભ વધી ગયો, અને પ્રજા એમાં અટવાવા લાગી.

જ્યારે પ્રજામાં આવા અંધકારની આણ વર્તે છે ત્યારે ઈશ્વરી કળા જેવી પ્રજ્ઞા કોઈ માનવ જીવનમાં ઉતરે છે. સંસારમાં સાચી વસ્તુ શોધવા પાછળ તે આખી જીંદગી અર્પણ કરે છે, અને જ્યારે એ સત્ય મળે છે ત્યારે પરમ આનંદ અને સંતોષમાં રહી સૌને એ સત્યની પીછાન કરાવે છે. તેના જીવતાં કે મર્યા બાદ લોક એના વચનને 'પ્રમાણ' માને છે. તે તો જગતને ડહાપણનો અમર પ્યાલો આપીને પોતાનું જીવતર ધન્ય કરી જાય છે.

ગ્રીસમાં પણ એવે અંધકારને વખતે ત્રણ સમર્થ તત્ત્વચિંતકો થઈ ગયા: સોક્રેટીસ, એનો શિષ્ય પ્લેટો અને પ્લેટોનો શિષ્ય એરિસ્ટોટલ. એમણે લોકોને જુની ભુલભુલામણીમાંથી કાઢી ખરે માર્ગે ચડાવ્યા અને શાશ્વત જ્ઞાન આપ્યું. પણ એ કંઈ જેવીતેવી વાત ન હતી. એમ કરતાં એમાંના પહેલાને તો વિરોધીઓ તરફથી અનેક મુસીબતો અને ત્રાસ વેઠવાં પડયાં, અને છેવટે

એમાં જ એણે પોતાનો જીવ કાઢી દીધો. અત્યારે તો એનું એ જ્ઞાન પૂર્વજોના અમર વારસા તરીકે પૂજાય છે.

એનું જીવન એ સત્યનું તીર્થક્ષેત્ર હતું. જ્ઞાનના દુષ્કાળમાં એણે કલ્યાણની પરબ માંડી હતી. દુખમાં અને તપમાં તેણે જીંદગી કાઢી અને સત્યને તેણે સર્વસ્વ—આખરે પોતાની જાત સુદ્ધાં અર્પણ કરી હતી. દુનીઆની માયાજાળમાં એ સત્ય અને પરોપકારની મૂર્તિ સમો વિરાજી રહ્યો છે.

એના એ વિચિત્ર જીવનની અને જગતના અમૃત જેવા એના જ્ઞાનની થોડી વાતો આ નીચે નોંધીશું.

આજકાલ કરતાં એ વાતને બે અઢી હજાર વર્ષ વીતવા આવ્યાં.

જાહોજલાલીને હીંડોળે ઝુલતા ગ્રીસ દેશના પાટનગર ઍથેન્સમાં એને એક કદરૂપા છોકરાનો જન્મ થયો. જન્મથી જ ગરીબાઈ લઈને આવેલો, એટલે પહેરવા માંડ એક કપડું, બે વખત પેટ ભરીને ખાવાનાં તો રોજનાં સાંસાં તેને ભણવાની તો વાત જ કેવી? નસીબજોગે પથ્થરમાંથી પુતળાં કોરી કાઢવાનું એ થોડુંઘણું શીખ્યો હતો, એટલે એમાંથી માંડ ગુજરાન ચલાવી શકતો.

એક દિવસ સંજોગવશાત્ ક્રાઇટો નામના શ્રીમંત સાથે વાતો કરવાની એને તક મળી.આ અભણ છોકરાની ડાહી ડાહી વાતોથી તવંગર ક્રાઇટો એટએટલો ખુશ થઇ ગયો કે તેને પોતાને ખર્ચે ભણાવવાનું એણે શરૂ કર્યું. ગામલોકોને ક્રાઇટાના આ વર્તનથી હસવું આવ્યું. ગરીબ છોકરો, ભણીભણીને યે કરવાનો તો ચાકરી જ ને? એની પાછળ તે આમ પૈસા બગાડવાના હોય?

ઍથેન્સમાં એ વેળા પંડિતાઇનો યુગ ચાલતો હતો એમ કહીએ તો ચાલે. એક પક્ષ એવો હતો કે જેનો ધંધો પાંડત્ય ને વિદ્વત્તાભરી ચર્ચાઓમાં જ દિવસો પસાર કરવાનો હતો. જ્ઞાનપ્રચારના બહાના નીચે લોકો પાસેથી પૈસા ઉઘરાવી એ સૌ ફાવે એમ રોજ નવી નવી નીશાળો ઉઘાડતા અને પછી ત્યાં મોટી મોટી વાતો કરવામાં પોતાના જીવનનું સાર્થક માનતા. એક રજ જેટલી વાત પર કલાકોના કલાકો ગાળી લોકોને અનેક પ્રકારનો દંભ દેખાડવામાં એ સૌ કુશળ થઇ ગયા હતા. એમની બોલવાની ઢબ એમણે એવી કેળવી હતી કે લોકો તો બીચારા એમને દુનીઆના સૌથી ડાહ્યા માણસો તરીકે માનતા અને પૂજતા.

ભણી રહીને પેલો ગરીબ છોકરો પણ આ નીશાળનો અનુભવ લેવા આવ્યો. એક નમ્ર વિદ્યાર્થીની જેમ—જાણે કે પોતે કશું ય જાણતો જ નથી એમ—એ પ્રશ્નો પુછતો. અને આવી વાતોમાં પણ વચ્ચે વચ્ચે એ એવા પ્રશ્નો પુછતો કે બધા પંડિતોને ફાટી આંખે એકબીજાનાં મોં સામું જોવાનો વખત આવતો. થોડા દિવસમાં તો એ છોકરાનું નામ ઍથેન્સની ચારે દિશામાં ગાજી ઉઠ્યું. ચીબા, કદરૂપા અને ઠીંગણા એ ગરીબ ચેલકાને વાટે ને ઘાટે બધા ય ઓળખી ગયા. એ બહાર નીકળે કે સૌ કોઇ આંગળી ચીંધી બોલી ઉઠે, 'આ જ પેલો સોક્રેટીસ.'

એક સમે ગ્રીસનું લશ્કર પડાવ નાખીને પડ્યું હતું ત્યારે સવારસાંજ કોઇક સૈનિક છાવણીમાં ભાઈબંધોને ભેળા કરી ખુબ મજાક ને ઠઠોળી કરતો અને સઘળાને પ્યારો લાગતો. એકવાર એ ભર મીજલસમાં બેઠો હતો એવે પેટ પકડીને હસતાં હસતાં ઉંધો જ વળી ગયો. વખત ઘણો ગયો છતાં એ ઉઠ્યો નહિ. મંડળમાં સૌને શંકા પડી. જોયું તો એને સમાધિ લાગી જણાઈ. પુરા ચોવીસ કલાકે એ જાગ્યો. એનો મીઠો અને નરમ સ્વભાવ રહ્યો, પણ એ તદ્દન બદલાઈ ગએલો હતો.

પહોળા ખભા, મજબુત છાતી, જાડા પગ અને મોટા માથાનો બેડોળ મશ્કરા જેવા ચહેરા વાળો આ સૈનિક બીજો કોઈ નહિ પણ સોક્રેટીસ.

જોતજોતામાં સોક્રેટીસને ઍથેન્સના પંડિતવરોના દંભ ને ઢોંગ સિવાય કશું ન જણાયું. એને ચોક્કસ લાગ્યું કે ઍથેન્સની પ્રજા આ ડોળઘાલુઓને હાથ પડતાં તેમની દશા પાયમાલી તરફ દોરાયે જતી હતી. જ્ઞાન મેળવવાની તેમણે કોઇનામાં પણ રહેવા નહોતી દીધી.



મહાત્મા સૉક્રેટીસ

તરત જ સોક્રેટીસે પ્રજાને સીધે માર્ગે વાળવાના આદરી દીધા. પૈસાના વશ પાછળ દોડધામ કરનારાઓને એણે મહા મુશ્કેલીએ શાન્ત પાડ્યા. અત્યંત નમ્રતાપૂર્વક લોકો સામે એણે ધર્મ અને કર્મના સિદ્ધાંતો રજુ કર્યા.

તેણે માણસોને કીધું કે તમે દેવોને તમારા જેવા ઈર્ષાળુ, ચીડીઆ, જુલ્મી અને પક્ષપાતી કલ્પેલા છે, પણ એમના કરતાં કોઇક એક તત્ત્વ આ વિશ્વમાં વધુ સાચું છે અને તે પરમાત્મા.

એ પરમાત્માને તમે સત્ય કહો, સૌન્દર્ય કહો કે કલ્યાણસ્વરૂપ કહો–એ બધું સરખું છે. એ એકલો સંપૂર્ણ છે. સૃષ્ટિની સઘળી વસ્તુઓ આપણે જોઇએ છીએ પણ તેમનું સૌન્દર્ય અધુરૂં જણાય છે; આપણે કલ્યાણ અને સત્ય જોઇએ છીએ પણ તે યે અપૂર્ણ છે. એક પરમાત્મા જ સત્ય, સૌન્દર્ય અને કલ્યાણના અખિલ સ્વરૂપ છે.

આવા પરમાત્માનું ભાન થાય તેના જેવું બીજું કયું સુખ માણસજાતને હોઈ શકે ? તેથી ડાહ્યા પુરુષે સત્ય, સૌન્દર્ય અને કલ્યાણના વિચાર કરવા ઘટે છે, અને નહિ કે માત્ર પૈસા મેળવવાના, ફક્કડ વસ્ત્રો પહેરવાના કે મહેલાતમાં રહેવાના. એને પ્રભુ તો પોતાના અંતરમાં જણાશે.

સોક્રેટીસે અનુભવેલું આ નવું જ્ઞાન હતું. ઍથેન્સ નગરની બજારો ને શેરીઓમાં તે ફરતો અને જે કોઈ પુછે તેને આ વાતો સમજાવતો. એની વાતચીત એટલી રમુજી અને ગમ્મતભરી હતી, એનું ચારિત્ર એટલું ખાનદાન અને પ્રેમળ હતું કે જ્ઞાનપિપાસુઓ એને વીંટી વળતા અને ઉભો રાખી સવાલો પુછતા.

એના જ્ઞાનથી લોકોની આંખ ખુલી ગઈ. જે કોઇ સોક્રેટીસ પાસે આવતું તેને એમ જ લાગવા માંડતું કે પોતે અત્યાર સુધી કોઈ અંધારામાં પુરાએલો હતો એમાંથી એને હમણાં સોક્રેટીસ જ બહાર પ્રકાશમાં લાવ્યો. કેટલાક તો સોક્રેટીસથી એટલા મંત્રમુગ્ધ બની ગયા કે તેઓ એના શિષ્ય બની રહ્યા. થોડા વખતમાં જ આખું ઍથેન્સ એને પુજવા લાગ્યું.

સોક્રેટીસની આવી અદ્‌ભુત વાતો સાંભળીને કોઇ વિદેશી રાજાએ એને પોતાના રાજ્યમાં બોલાવી લેવાનો વિચાર કર્યો. આ ખાતર તેણે એને દ્રવ્યની અનેક લાલચો આપી. પણ સોક્રેટીસનું મન ચળે એમ નહોતું. ઉત્તરમાં તેણે આટલું જ કહેવડાવ્યું, 'લાલચથી દબાઇને આપના ઋણી થવાની મને જરા યે ઇચ્છા નથી. દ્રવ્યનો પણ મને શો ખપ છે ? આ મારા ઍથેન્સમાં તો બહુ જ થોડા ખર્ચે પેટ ભરી શકાય છે. આથી મને અહીં સંપૂર્ણ સંતોષ છે.'

એ સમયે ગ્રીસમાં યુદ્ધના પ્રસંગો ઘણીવાર આવતા અને એમાં સોક્રેટીસ પણ જતો. જેઓ એની સાથે યુદ્ધમાં જતા તે સૌ સોક્રેટીસની બહાદુરીનાં ભારોભાર વખાણ કરતા. ચારે કોર બરફ અને ટાઢીનું જ જ્યાં સામ્રાજ્ય હોય ત્યાં બીજા લડવૈયાઓ ધાબળા ઓઢી

ઉંઘતા ત્યારે સોક્રેટીસ ખડે પગે, આખી રાત પહેરો ભરતો. ડેલીયામના યુદ્ધમાં શત્રુઓએ સોક્રેટીસના દળને મારી હઠાવ્યું હતું તે વખતે પણ સોક્રેટીસનો શાન્ત અને હસતો ચહેરો જોઇ ઍથેન્સના લોકોમાં ફરી વાર સાહસનો ઉદય થએલો. શત્રુનું લશ્કર ચોમેર કાપાકાપી કરતું હતું, પણ કોઇના ભાર નહોતા કે સોક્રેટીસની સામે આવીને ઉભા રહેવાની હામ ભીડે !

ડેલીયામના યુદ્ધ પહેલાં પણ સોક્રેટીસની એક સાચા ને શૂરા લડવૈયા તરીકેની કીર્તિ તો ક્યારની યે ફેલાઇ ગઇ હતી. પોટીડિયાના યુદ્ધના વિજયનું કારણ પણ સોક્રેટીસ હતો. એ યુદ્ધમાં કેટલાં યે કષ્ટો સહીને એણે પોતાના સેનાપતિનો પ્રાણ ઉગારેલો અને લડાઇને અંતે વિજયનો યશ પણ સેનાપતિને જ મળવા દીધેલો.

પોતે અત્યંત ગરીબ હોવા છતાં એક પાઇ પણ સ્વીકાર્યા વિના ગરીબ કે તવંગર જે આવે તેને સોક્રેટીસ મફત શિક્ષણ આપતો. આ ઉપરાંત પણ, જ્યારે જ્યારે વખત મળતો ત્યારે, ઍથેન્સની શેરીઓમાં સાવ સરલ સ્વભાવનો આ સોક્રેટીસ લોકોને ઉપદેશ આપ્યા કરતો. એ કદરૂપી પણ ગંભીર આકૃતિની મધુર વાણીમાંથી નીકળતા શબ્દો જે કોઇ સાંભળતું એની આંખમાંથી આંસુની ધાર વહેવા માંડતી. સાધારણમાં સાધારણ મનુષ્ય સાથે વાત કરવામાં એને શરમ કે હલકાઇ જેવું કશું નહોતું. એના શરીરની પણ એને કશી ચિંતા નહોતી. વિદ્વાન છતા કોઇ તેનામાં અહંકારનો છાંટો સરખો યે જોતું નહિ. વાતવાતમાં ક્રોધે ભરાઇ જવું એ તો એનાથી, એ પોતે ધારે તોપણ, બને નહિ. પોતાના કોઇ સાધારણ કામ તરફ એણે બેદરકારી બતાવી હોય એમ બને જ નહિ. શત્રુ હોય કે મિત્ર હોય—જે આવે તેને હોંશે હોંશે સત્કારવા એનું હૃદય સદા તત્પર રહેતું. કોઇ એની પાસે ઉંચે સાદે વાત કરે કે પછી ગાળાગાળીએ ચઢી જાય તો પણ સોક્રેટીસ પોતાની શાન્તિ કદિ ન ખોઇ બેસતો.

એ બેઠા બાંધા, બેડોળ ચહેરા અને સાધુ વેશ નીચે કેટલું ક્ષમાશીલ અને સંસારના ઘા ઝીલનાર હૃદય ધડકતું હતું એ જાણીએ છીએ ત્યારે આપણને તેને માટે પૂજ્યબુદ્ધિ થયા વગર રહેતી નથી. એની સહનશીલતા અને ક્ષમાનો પાર ન હતો. ઍથેન્સના પંડિતો અને શિષ્ટ મનાતા વિદ્વાનોનાં દાંતીઆ અને નિંદા તેણે શાન્તિથી ખમી લીધાં, અને એમણે નાખેલાં બધાં વિઘ્નો હસતે મુખે વેઠી લઇ નીડર બની એ પોતાનું સાચું જ્ઞાન ફેલાવતો જ રહ્યો.

અને આવું છતાં પણ સોક્રેટીસને દુશ્મનો નહોતા એમ નહિ કેટલાક તો એનો જીવ લેવા તલપાપડ થઇ રહ્યા હતા. પણ સોક્રેટીસને આવી વાતોની જાણ થતી ત્યારે તે તો માત્ર હસીને એ વાતને ઉડાવી જ દેતો !

બહાર તેમ ઘરમાં પણ સોક્રેટીસને માટે શાન્તિ કે આનંદનું સ્થાન ન હતું. એનું જીવન એટલે જાણે કાંટાનું બીછાનું. એની સ્ત્રી કર્કશા હતી. ખુબ જ ખીજા-જાળ. એક વખત સોક્રેટીસ પર અતિશય ચીડાઇને તેણે ગાળો ભાંડવા માંડી. સોક્રેટીસ તો સંસારમાં રહેતો છતાં વિદેહી સંન્યાસી હતો. તે તો કંઇ જ ન બોલ્યો અને શાન્ત મને બહાર જવા નીકળ્યો. આથી ઉલટું વધુ ચીડાઇને ક્રોધમાં બેફામ બનેલી તેની સ્ત્રીએ બારણામાંથી નીકળતા સોક્રેટીસ ઉપર બારીએથી એઠવાડનું હાંલ્લું રેડ્યું ! પરંતુ આથી પણ જરાયે મીજાજ ખોયા વિના સોક્રેટીસ તો અચળ શાન્તિ જ ધારી રહ્યો અને ધીમેથી ફક્ત એટલું જ બોલ્યો, 'આટલી બધી ગર્જના પછી વરસાદ વરસે એમાં નવાઇ છે ?'

સોક્રેટીસની કીર્તિ વધતી જોઇને ઍથેન્સના પંડિતો, ધર્મગુરુઓ અને જ્ઞાનના ઇજારદારો ઇર્ષ્યાથી બળી જવા લાગ્યા. તેઓનો જ્ઞાનનો દંભ સોક્રેટીસ ઉઘાડો પાડી દેતો. સોક્રેટીસને લીધે તેઓ સમાજ આગળ હીણા અને ખોટા પડતા.

આખરે સોક્રેટીસના દુશ્મનોને લાગ્યું કે એને લીધે જ પોતાની આબરૂ ધન અને જીવન બધાંની ખુવારી થાય છે એટલે એમણે આડકતરી રીતે એના માર્ગમાં વિઘ્નો નાખવાનું શરૂ કર્યું. એક વખત રાજ્યનાં અમુક માણસોને સજા કરવાની હતી. સોક્રેટીસને હુકમ થયો કે એણે એ સૌ માણસોને પકડી આણવાં. પણ સોક્રેટીસે એ અન્યાયી કામ કરવાની ચોખ્ખી ના પાડી.

વળી એકવાર આખું ગામ એક સેનાપતિની સામે થઈ તેને વિના વાંકે મારવા તૈયાર થયુ હતું. સોક્રેટીસથી આ અન્યાય સહ્યો ન ગયો. હીંમતભેર વચમાં પડીને એણે એ સેનાપતિને ઉગાર્યો. પણ આ બધાથી એના શત્રુઓની સંખ્યામાં વધારો જ થતો જતો હતો અને એમનું જોર પણ વધતું જતું હતું. પેલા પંડિતવરો પણ એની વધુ વધુ સામે થવા લાગ્યા. તેઓએ સોક્રેટીસને સમાજનો શત્રુ ઠરાવ્યો અને તેનું કાસળ કાઢવાનો મનસુબો રચ્યો. પણ સોક્રેટીસ તો સત્યનો મરજીવો હતો. એને આ સૌની ઓછી જ પરવા હતી.

એક વાર ગામના લોકોએ એકઠા થઈ સોક્રેટીસને હુકમ કર્યો કે એણે હવે પછીથી એક પણ યુવાનની સાથે કશો સંબંધ ન રાખવો. એમની દાનત એ હતી કે આથી સોક્રેટીસને જુવાનોની મદદ ચાલી જશે અને આખરે એનું જોર, એની લડત, એની સત્તા—સૌનો જલદી અંત આવશે. પણ સોક્રેટીસ આ ગણકારે જ શાનો ? તે તો અગાઉ કરતાં પણ બમણા ઉમંગે સૌ જુવાનોને શિક્ષણ આપવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે સોક્રેટીસની સત્તા નિતનિત વધુ ને વધુ જામતી ગઈ. આવા ઉત્સાહમાં કામ કરતાં બાર વર્ષ વીતી ગયાં.

અને જેમ આ બાજુ સોક્રેટીસની સત્તા જામ્યે જતી હતી તેમ બીજી બાજુ એના શત્રુઓનું જોર પણ વધતું જતું હતું. એ લોકોએ સોક્રેટીસની ખોટી નિંદા ફેલાવીને ઍથેન્સની વિચારસભામાં એની વિરૂદ્ધ અન્યાયી ફરીઆદ ઉભી કરી. રાજ્યનાં મોટા માણસોએ સાક્ષી પુરી કે સોક્રેટીસ એક ભયંકર માણસ છે, એટલું જ નહિ પણ એને હાથે જો ગ્રીસની ઉગતી પ્રજાને આડે રસ્તે જવા દીધી તો ભવિષ્યમાં દેશની પાયમાલી સિવાય બીજું કશું પરિણામ આવે એમ નથી. બધાએ આ વાતની હા પાડી અને ન્યાયના આસનેથી સોક્રેટીસને અનિષ્ટ વિચારો ફેલાવવાના આરોપસર ઝેર પાઈ મારી નાખવાની સજા થઈ. હજારો અંધ ઘુવડોમાં એક દેખતા હંસ જેવી આ વાત હતી.

પોતાના સ્વતંત્ર વિચારોને લીધે જ આ સજા આવેલી હતી એમ સોક્રેટીસ જાણતો હતો, એટલે તે તો એ સજા આનંદ સાથે સ્વીકારવા તૈયાર થયો. ઍથેન્સના લોકોની વિરૂદ્ધ એણે એક શબ્દ સરખો ઉચ્ચાર્યો નહિ. ઉલટું એ તો સૌ પર પ્રેમ કરતો હતો !

તોપણ સોક્રેટીસના બચાવ માટે એના શિષ્યો મહેનત કરવા લાગ્યા. સોક્રેટીસને આથી ઉલટું દુઃખ થયું. આમાં વળી એક દિવસ એના કેટલાક મિત્રોએ એને માફી માગવાની સલાહ આપી: કારણ કે ઍથેન્સમાં એવો કાયદો હતો કે જેને મૃત્યુની સજા થાય એ જો માફી માગે તો એની સજામાં ઘટાડો થાય. સોક્રેટીસે આ વિચાર હસી કાઢ્યો તેણે કહ્યું 'મારો આ દેહ નષ્ટ થશે પણ આત્મા તો નહિને?'


ઝેરનો પ્યાલો ગટગટાવી ગયો

એના મિત્ર ક્રીટીએ એને નાસી જવાની સલાહ આપી. પણ આ તો એનાથી કોઇ કાળે થાય એમ નહોતું. એના ઉત્તરમાં સોક્રેટીસે કહ્યું, 'ભાગી જવાની વાત ? ભાગીને પણ હું ક્યાં

જાઉં ? પછી મારે જીવીને પણ શું કરવું ? ઍથેન્સનું એકેએક મનુષ્ય મને પછી તિરસ્કાર સિવાય બીજી કઈ દષ્ટિએ જોશે ? મારે જીવવું યોગ્ય નહિ હોય માટે જ મને આ સજા થઇ હશે.'

ધીમેધીમે ઝેર પીવાનો દિવસ પાસે આવતો ગયો. એના મિત્રો, એના શિષ્યો—સૌએ મળીને એને રોઇરોઇને સમજાવ્યો, પણ એને જ જ્યાં મૃત્યુની બીક નહોતી ત્યાં કોઇથી શું થાય ? મૃત્યુનો ડર એણે ખોયો હતો એટલું જ નહિ પણ હવે તો મૃત્યુને શરણ જઈ તે એને જીતવાનો હતો. સોક્રેટીસના મોં પર તો ભયની રેખા પણ દેખાતી નહોતી. એ તો વારેવારે કહ્યા કરતો કે મૃત્યુ મળતાં તો મારો આત્મા પ્રભુને પામી શકશે. સૌએ એથી રાજી થવું જોઇએ.

વેળા થઇ એટલે જેલના ઉપરીએ રોતી આંખે સોક્રેટીસને ઝેરનો પ્યાલો ધર્યો. આપતાં આપતાં એણે ધ્રુજતે શબ્દે માફી માગી. એને આશ્વાસન આપી સોક્રેટીસે હસતે ચહેરે આશીર્વાદ પણ આપ્યા, અને પળનો યે વિચાર કર્યા વિના ઝેરનો પ્યાલો ગટગટાવી ગયો. થોડી વારમાં એનો દેહ પરવશ થઈ ગયો અને મૃત્યુએ આવી એ મહાન પુરુષના જીવનની સમાપ્તિ કરી. દુનીઆના ઇતિહાસમાં આજે એનું નામ અમર છે—પૂજનીય છે.

પ્રભુદાસ ઠક્કર



'તમને કેવી શાહી ગમે ?' શિક્ષકે પુછ્યું.
'જાંબલી' એકે કહ્યું. બીજાએ કહ્યું, 'કાળી'.
'મને તો બાદશાહી ગમે સાહેબ !' મુકુંદ બોલ્યો.

નવી સા રે ગ મ

સા, રે, ગ, મ, પ, ધ, ની, એ સાત સૂર ઉપર સંગીતશાસ્ત્ર રચાયું છે. પણ સંસારમાં યે એ સાત સૂર ઠેકઠેકાણે સંભળાય છે એ તમને નહિ ખબર હોય.

માંદા માણસની વાતચીત 'સા' થી શરૂ થાય છે. સાજા થઈ ગએલા માણસની વાતચીત 'રે' થી શરૂ થાય છે. તન્દુરસ્ત માણસ 'ગ' થી બોલવાનું શરૂ કરે છે. તોફાની માણસ, ઉશ્કેરાએલો માણસ કે સ્ત્રી, ફેરીઓ, ગાડીવાળો વગેરે 'મ' થી શરૂઆત કરે છે.

પોલીસનો ઉપરી, હમાલ, મજુર, ખીજવાએલો શિક્ષક, પત્ની ઉપર ગુસ્સે થએલો પતિ, છોકરાંને ધમકાવતી માતા, નોકર ઉપર ગુસ્સે થએલો શેઠ વગેરે લોકો 'પ' થી શરૂ કરે છે.

પોકેપોક મુકીને રોનાર, બહેરાને સંભળાવનાર, કથા વાંચનાર, માણભટ્ટ, ચોપાનીઆં વેચનાર છોકરા, નાટકમાં વીરરસનો પાઠ કરનાર અને ભયથી ચીસ પાડનાર, પોતાના અવાજની શરૂઆત 'ધ' થી કરે છે. 'ની' થી શરૂઆત તો છેક છેલ્લી ઘડીએ થાય. એ થાય એટલે સમજી લેવું કે ૧૦૫ ડીગ્રી ઉપર વાત વધી ગઈ.

સામાન્ય વાતચીતો, ભાષણો, વેપાર અને બીજી દૈનિક વ્યવહારૂ ધમાલ 'રે' અને 'ગ' થી શરૂ થાય છે. આમ સંગીતની છાયા દરેક વ્યવહારમાં સમાએલી છે. ગુ. મુ. બાવીસી

મિત્રોના ટોળામાં એક છોકરો બડાશ મારતો હતો કે હું તો ગમે તેવો હોય તેને પણ મોટે નામે બોલવું જ નહિ. કાન્તિલાલ, રમણલાલ, કેશવલાલ વગેરેને 'કાન્તિ' 'રમણ' 'કેશુ', એમ કહીને જ બોલાવું.

એ સાંભળીને એ ટોળામાંનો એક છોકરો બોલી ઉઠયો, 'એમ ? ત્યારે મને એવે ટુંકે નામે બોલાવ જોઉં ?'

એ છોકરાનું નામ બાપાલાલ હતું !

*

'એક જમણવારમાં ૬૦૦ માણસ જમાડવાને છ મણ દાળ જોઇએ, તો ૭૪૦ માણસ જમાડવાને કેટલી દાળ જોઇએ ?' માસ્તરે ઉપલો દાખલો વર્ગને લખાવી કહ્યું 'ચાલો જોઇએ, કોણ આ દાખલો પહેલો ગણી લાવે છે ?

ચંપકે તરત જ જવાબ લખી સ્લેટ ઉંધી વાળી.

માસ્તર—શાબાશ, ચંપક; તારો જવાબ વાંચ જોઉં ?

ચંપકે વાંચ્યું, 'દાળ તેટલી જ, પણ અંદર પાણી વધારે રેડવું !'

*


શિક્ષક—આજે કોણ કોણ ગેરહાજર છે ? ગેરહાજર હોય તે હાથ ઉંચા કરો જોઇએ !

*

શિક્ષક—એકસો વર્ષ પહેલાં અજાણી પણ આજે જાણીતી એવી બે ઉપયોગી વસ્તુઓનાં નામ આપો.

છોકરો—હું અને તમે.

*



ગીરનાં જંગલ

ઘોર અતિ વંકી ધરતી ને
વંકા પથરાયા બહુ પ્હાડ;
વિકટ અને વંકા પગરસ્તા,
ગીચ ખીચોખીચ જામ્યાં ઝાડ;
ઝરે ઝરણ બહુ નીર તણાં :
જો ગાજે જંગલ ગીર તણાં.

ઉતાવળી ને ઉંડી નદીઓ
સઘન ઘટાથી છાઇ રહે;
કાળાંભમ્મર પાણી એનાં,
ધસતાં ધમધોકાર વહે;
ઝુક્યાં તરુવર તીર તણાં :
જો ગાજે જંગલ ગીર તણાં.

શીઆળ, સસલાં, સાબર, હરણાં
મનગમતી સૌ મોજ કરે;
વાઘ, વરૂ, ચિત્તા, પારાધી,
શીકારીઓની ફોજ ફરે;
જીવન સાટાં શિર તણાં :
જો ગાજે જંગલ ગીર તણાં.

સિંહ સમા શુરવીર નરોની
દુર્ગમ ધરતી સાખ પુરે:
ડુંગરની વિકરાળ કરાડો,
ઉભી મિત્રવિયોગ ઝુરે;
સ્મરી ધીંગાણાં ધીર તણાં :
જો ગાજે જંગલ ગીર તણાં.

અજબ ખંજરી બજે ભયાનક
પ્રચંડ ધોધ–પછાડ તણી;
ઝીલે એના પડછંદાઓ,
પ્રબલ અડીખમ પ્હાડ તણી;
ભીષણ સુર સમીર તણા :
જો ગાજે જંગલ ગીર તણાં.

બહુરંગી વન વ્યાઘ્રચર્મ શાં
અંગ ધરી ઉભો ગીરનાર;
ધ્યાનમહીં બેઠો દૃઢ આસન,
પ્રેમભર્યો કરતો સત્કાર;
સાધુ સંત ફકીર તણા :
જો ગાજે જંગલ ગીર તણાં.


સ્વતંત્રતા ને સ્વાભાવિકતા
સુંદરતા સહ રાસ રમે;
ડુંગર ડુંગર દેવ વસે ને,
વિરાગીઓ અલમસ્ત ભમે—
વિસરી જતન શરીર તણાં :
જો ગાજે જંગલ ગીર તણાં.

મોટી ગોળી સરખાં માથાં
ઉપર સુંદર કુંઢાં શીંગ;
કુંજરનાં બચ્ચાંઓ જેવી,
ભેંશોની બહુ લઇને ધીંગ;
નેસ વસ્યા આહીર તણા :
જો ગાજે જંગલ ગીર તણાં.

વર્ષાની ઘનઘટા ચડે નભ
ડુંગર પર વીજળી ઝબકે;
મેઘ–દુંદુભી ગડે ગગનમાં,
મત્ત બની મયુરો ટહુકે;
ત્રાડન કેસરી વીર તણાં :
જો ગાજે જંગલ ગીર તણાં.

પુષ્પિત તરુ વનવેલ વસંતે
નવપલ્લવ ઘેઘૂર બને;
ફુંદ ખાખરા ખીલે કેશુડે,
મધુકર સંગીત છાય વને;
કલરવ કોકિલ કીર-તણા :
જો ગાજે જંગલ ગીર તણાં.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ



બીકણ (?) છોકરો

'સુચ્ચા ! ચોર! આજ સાંજ પહેલાં જ તારાં પાપનો બદલો તને મળશે.' જમદુત જેવા લૉરેને સખ્તાઈથી છોકરાને ધમકાવતાં કહ્યું. ભલભલાની છાતી થડકાવે એવો તેનો અવાજ જંગલમાં ગાજી ઉઠ્યો. છોકરો લપાઈને તેના પગ આગળ ધ્રુજતો પડ્યો હતો.

'આટઆટલાં વર્ષો સુધી તને ખવડાવી પીવડાવી ઉછેર્યો તે આ સારૂ ? નમાયા છોકરા ! તારા બાપની પેઠે તારૂં મોત પણ ફાંસીને લાકડે જ લાગે છે.' લૉરેનની વહુ જીનીએ ઝુંપડીના બારણા આગળ ઉભાં ઉભાં પોતાના પતિને ટેકો આપ્યો.

'ઍન્ટોઈન ! સાંભળી લે. આ પહેલી જ વાર તેં ઈંડાં ચોર્યાં હોય એમ કાંઈ નથી. પણ હવે આ છેલ્લી વાર સમજી લેજે.' આટલું કહેતાં લૉરેને એક લાંબું દોરડું લઈને ઍન્ટોઈનને એક ઝાડ સાથે સજ્જડ બાંધી દીધો.

'ઓ મા ! ઓ જીની મા ! મને છોડાવ ! તમે કોઈ નહિ ઉગારો ?' આંખમાંથી દડદડ આંસુ સારતાં આજીજીભરેલે સ્વરે છોકરો ચીસ પાડી ઉઠ્યો.

'શહેનશાહને ખાતર !' એક રૌફબંધ અવાજ આવ્યો. 'કોણ મદદ માગે છે ?'

પાસેની ઝાડીમાંથી એક બાંધીદડીનો જુવાન આવ્યો. એના મોંપર, એની આંખોમાં, એની છટામાં--બધે સત્તા અને જુવાનીનું જોમ તરવરતું હતું.

'છોકરા ! તું મદદ માગતો હતો કે ?' જુવાને પુછ્યું.

'તું કોણ વચ્ચે ડખલ કરનારો ? એના પર મારી માલીકી છે.' લૉરેને જુવાન સામે ડોળા કાઢી કહ્યું.

'એના પર ફ્રાન્સની માલીકી છે—તારી નહિ. કહે જોઉં એને બાંધ્યો છે શું કામ ?' જુવાનના શબ્દોમાં સવાલ કરતાં હુકમની લાગણી વધુ હતી.

'તે તું મને પુછનાર કોણ ? રસ્તાનો રખડેલ...'

'તારે સીધો ઉત્તર નથી દેવો ? તો હવે થાય એ કરી લે.' જુવાને તલવાર કાઢી છોકરાને બાંધેલું દોરડું કાપી નાખ્યું.

તરત લૉરેન મુદની પેઠે મુઠ્ઠી વાળી તે જુવાન તરફ દોડ્યો. પણ જુવાન તો પોતાનો એક હાથ ઍન્ટોઇનના માથા પર મુકી માત્ર શાંતિથી ઉભો જ રહ્યો.

'મુરખનો સરદાર નહિ તો !' લૉરેને જુવાન સામે નજર નાખી કહ્યું.

'હા, અને છતાં પોતાના શહેનશાહ અને દેશને ખાતર સર આપવાની એનામાં અક્કલ છે.' જુવાને શાંત મને કહ્યું.

'શહેનશાહ ? છટ્ ! એમ કહે કે કોર્સિકાના એક ભીખારી વકીલનો છોકરો......'

'ચુપ રહે ! નહિતર ફ્રાન્સના શહેનશાહ નેપોલીઅન બોનાપાર્ટની સામે બતાવેલી આ તોછડાઈનો હીસાબ ચુકવવો ભારે પડશે.' જુવાનની ભમ્મરમાં સત્તાનો મીજાજ આવતો હતો. એટલામાં એક લશ્કરી સરદાર ઘોડો દોરી ઝાડીમાંથી આવ્યો અને જુવાનને નમીનમીને કુરનસ બજાવી તેણે કહ્યું, 'નામદાર ! મહારાણીજી......'

'હા; ચાલો. રાત પહેલાં આપણે પારીસ પહોંચી જવું જોઈએ. છોકરા ! તારાં માબાપ ક્યાં છે ?'

જાણે વીજળી પડી હોય તેમ જીની અને લૉરેન ચમક્યાં.

'જહાંપનાહ! એને નાનો બાળક મુકીને જ એ મરી ગયાં—પછી મેં એને આ ચૌદ વર્ષનો કર્યો.' જીનીનો જીવ ધ્રુજતો હતો, છતાં પણ એણે છોકરા સામે હાથ લંબાવ્યો. અને એ જોઇ ઍન્ટોઇન શહેનશાહ નેપોલીઅનની સોડમાં વધુ ભીડાતો ગયો.

'જોયું? તમારાં ચૌદ વર્ષ કરતાં મારી પાસે પાંચ પળ રહ્યો એની એના પર વધારે અસર છે. બચ્ચા! મારી સાથે તું પારીસ આવીશ?'

'હા; ખુશીથી.' ઍન્ટોઇનને તો એટલું જ જોઇતું હતું.

'સરદાર! તમારી સાથે એને લઇ લો.' આવેલા ઘોડેસવારને નેપોલીઅને હુકમ કર્યો.

ત્રણે રવાના થઇ ગયા. લૉરેન અને જીની મટકું માર્યાં વિના, બાઘા બની આ બધું સ્થિર નજરે જોઈ રહ્યાં.

§

ઍન્ટોઇનને નેપોલીઅનની નોકરી મળી. પછી તો એને લીલાલહેર થઇ ગયા. કલ્લોલથી ભરેલ તેની જીંદગીના એ સુખી દિવસો વીતતા જતા હતા એવામાં એક દિવસ એને નેપોલીઅને બોલાવ્યો.

'ઍન્ટોઇન! તેં બહુ મોજ માણી. હવે તારે ધંધે વળગવું જોઇએ. બોલ; તને શું કરવું ગમશે?'

'તમે કહેશો એ. પણ તમારી સાથે જ મારે રહેવાનું થાય એમ કરજો.'

નેપોલીઅનને હસવું આવ્યું. પણ પાછો એ ગંભીર બની ગયો.

'જો—હું તો લડાઇમાં જાઉં છું. જેનામાં લડવાની હીંમત ને તાકાત હોય એ જ મારી સાથે આવી શકે. તારામાં છે?'

કશું ય વિચાર્યાં વિના ઍન્ટોઇને કહ્યું, 'હા'.

અને બીજે દિવસે પારીસના મહોલ્લામાંથી લશ્કર લઇને કુચ કરી જતા નેપોલીઅનની સાથે ઍન્ટોઇન પણ દેખાયો. ફ્રાન્સના વીર શહેનશાહ સાથે પોતાને પણ લડાઇમાં જવાનું મળ્યું એ વિચારે એની છાતી ગર્વથી ફુલતી હતી.

'તને ખરેખર લડવૈયા થવાનું મન છે?' નેપોલીઅને એક દિવસ ઍન્ટોઇનને પુછ્યું; 'કે પછી પારીસ પાછા જવાનો વિચાર થાય છે?'

પારીસ જવું એટલે નેપોલીઅનથી જુદા પડવું. એ જ ઍન્ટોઇનને નહોતું ગમતું.

'ના જી. મારે તો અહીં જ રહેવું છે.'

'તો પછી આટલું ગોખી લે કે ફ્રાન્સના લડવૈયાને બીક શું કહેવાય એની ખબર જ ન હોય.'

§

૧ લી ડિસેમ્બરે ઑસ્ટરલીઝની લડાઇ માટે તૈયારી થતી હતી. સરસામાન ઉપાડી લઇ જનાર એક ટુકડીની સાથે ઍન્ટોઇનને પણ મોકલવામાં આવ્યો હતો. ટુકડી આગળ વધતી હતી. એવામા સરદારનો હુકમ છુટયો, 'બસ કરો. આગળ વધતા અટકો. એ હેવાન રશીઅનોએ પેલા પુલની અંદર કંઇ રમત કરી હોય એમ લાગે છે. આપણે બીજે રસ્તે થઇને જવું પડશે.'

ટુકડી અટકી ગઇ. 'પણ' સરદારે કહ્યું, 'આપણી પાછળની બીજી ટુકડી અહીં અરધા કલાકમાં આવી પહોંચશે. એમને પણ આ ખબર કરી ચેતાવવા જોઇએ. ઍન્ટોઇન! અહીં તું રહે. એ ટુકડી આવે એટલે એને અટકાવજે.'

ઍન્ટોઇનને મુકી સૌ ચાલ્યા ગયા. હજી તો અરધો કલાક પણ નહિ થયો હોય એટલામાં અંધારૂં ઘેરવા માંડ્યું. ચારેકોર જ્યાં જુએ ત્યાં ધુમ્મસ! ઍન્ટોઇનને બીક લાગવા માંડી. પણ અહીંથી ખસે તો નેપોલીઅનના લશ્કરી કાયદાની બીક એથી પણ વધુ હતી.

એવામાં રશીઅન પોશાકમાં કોઇ એના સામું ધસી આવતું હોય એમ ઍન્ટોઇનને લાગ્યું. ભેખડ નીચેથી ઘુઘવતી નદીના અને દૂરથી ગોળીબારના ભયાનક અવાજ આવતા હતા. તેને એટલી તો બીક લાગી કે હુકમ અને કાયદો બધું ભુલીને તે ત્યાંથી પલાયન કરી ગયો!

કલાકેક સુધી તે અહીંથી તહીં ભટકયો. ત્યાં દૂર એક ઝુંપડીમાંથી જરાક અજવાળું આવતું તેણે જોયું. ઍન્ટોઇને એ ઝુંપડી આગળ જઇ ધીરેથી અંદર ડોકીઉં કર્યું, તો જેને તેણે રશીઅન પોશાકમાં જોયો હતો તેને જ અત્યારે ફ્રેન્ચ વેશમાં જોયો! આ ભેદથી વળી એ

વધારે ડર્યો. એક પણ શબ્દ પુછ્યા વિના એ ચુપચુપ ત્યાંથી ઉભી પુંછડીએ નાઠો.

... ...

સુરજ ઉગવાને જરાક વાર હતી એ પહેલાં ઍન્ટોઇન રખડતો ભટકતો પોતાના કૅમ્પમાં પહોંચ્યો. તંબુમાં જઇને જુએ છે તો નેપોલીઅન અને ઍન્ટોઇનનો સરદાર કંઇ ધીમી મસલત કરી રહ્યા હતા.

નેપોલીઅને ઍન્ટોઇન સામું જોયું કે એનું મગજ તપી ગયું. 'ઍન્ટોઇન ! તને શો હુકમ હતો ? બીજી ટુકડી પસાર થતી હતી ત્યાં જ પૂલ તુટ્યો અને લશ્કર મહામુસ્કેલીથી બચ્યું. તું ક્યાં ગયો હતો ?' નેપોલીઅનનો એક શબ્દ માત્ર ઍન્ટોઇનના હૈયામાં ફાળ પાડવાને બસ હતો.

ઍન્ટોઇનથી બોલાયું જ નહિ.

નેપોલીઅનથી આ સહેવાયું નહિ. ઉભા થઇ એણે જોરથી પગ પછાડી પુછ્યું, 'જવાબ દે.છોકરા !'

'મને બીક.........'

'બસ કર. નામર્દનું મારે કશું કામ નથી. તું અબઘડી પારીસ ઉપડી જા. સેંટ કેર નીશાળના ઉપરી પર હું ચીઠી લખી દઉં એટલે કાલ તું રવાના થજે. દૂર થા અહીંથી;— હવે મારે તારૂં કશું કામ ન હોય.'

ઍન્ટોઇન ઢીલે મોઢે ને ઢીલે પગલે ત્યાંથી ચાલ્યો ગયો. એના દિલમાં સંતાપની આગ સળગી રહી હતી.

એ આખો દિવસ અને આખી રાત એણે ચિંતાના ઉજાગરામાં ગાળ્યાં. છેક સવારે એને એક વિચાર સુઝ્યો: એક વખત ભુલની માફી માગી જોવી. કદાચ નેપોલીઅન પીગળે.

મળસ્કે, દૂર એક ટેકરી પર નેપોલીઅન બેઠો બેઠો ટપાલ લખતો હતો અને લડાઇનો વ્યુહ ગોઠવતો હતો. નીચે લશ્કરની ટુકડીઓ, ઘોડેસવારો અને તોપખાનાં તૈયાર થતાં હતા. તેમની વચ્ચેથી મહા મુસીબતે માર્ગ કરતો ઍન્ટોઇન નેપોલીઅન પાસે જતો હતો. એવામાં ઉતાવળેથી ચાલ્યા જતા એક કાળા સરખા સીપાઈ જોડે તે જોરથી અથડાયો. ઍન્ટોઇનને લાગ્યું કે પોતે એને ક્યાંક જોયો છે. પણ એ નીરખીને જુએ તે પહેલાં તો એ બબડતો ફફડતો ચાલ્યો ગયો, અને નેપોલીઅન પાસે જવાની આતુરતામાં ઍન્ટોઇન પણ એ વિસારી આગળ વધ્યો. શરમ ને ભયથી સંકોચાતો તે નેપોલીઅન પાસે જઇ પહોંચ્યો.

કેટલી યે વારે નેપોલીઅને એના સામે જોયું અને તુચ્છકારથી હસી વળી પાછો લખવામાં પરોવાયો. ધુમ્મસ ખસી ગયું હતું અને દૂરની ક્ષિતિજમાંથી, આજે થનારા ઑસ્ટરલીઝના યુદ્ધ પર પ્રકાશવા સૂર્યની પ્રતાપી સવારી સોનેરી કિરણો ફેંકતી આવતી હતી.

નેપોલીઅનને હસતો જોઇ ઍન્ટોઇનને કંઇક આશા પડી અને તે આનંદથી આગળ વધ્યો. પણ અચાનક તે અટક્યો. કોઈ લપાતું છુપાતું શહેનશાહ તરફ આવતું હતું. થોડી જ પળ પહેલાં પોતાની સાથે જે સીપાઇ અથડાયો હતો તે જ એ હતો; અને હવે એને જોતાંવેંત જ ઍન્ટોઇને એને ઓળખ્યો. તે રાતે પહેલાં પુલ આગળ રશીઅન પોશાકમાં, અને પાછળથી ઝુંપડીમાં ફ્રેન્ચ પોશાકમાં પોતે જે



'એ ઉંઘે છે, નામદાર!' ડાક્તરે બહુ જ ધીમે અવાજે કહ્યું.

માણસ જોયો હતો તે જ આ !

આવનારે ઝડપથી નેપોલીઅન તરફ તીણી નજર માંડી અને આગળ વધ્યો. તેની અને નેપોલીઅનની વચ્ચે માત્ર પાંચ હાથનું છેટું હતું. તેણે કમરપટામાં પીસ્તોલ પર હાથ નાખ્યો. નેપોલીઅનનું ધ્યાન તો લખવામાં જ હતું.

'ઓ નામદાર !' ઍન્ટોઇન ચીસ પાડી ઉઠ્યો.

નેપોલીઅને ઉંચું જોયું, પણ તે પહેલાં તો ઍન્ટોઇન વીજળીની ઝડપે કુદીને તે બંનેની વચ્ચે જઇ ઉભો. એ જ પળે પીસ્તોલનો અવાજ સંભળાયો, અને ઘાયલ થએલો ઍન્ટોઇન નેપોલીઅનનાં ચરણમાં ઉડી પડ્યો !

બીજી જ ક્ષણે સાવધ બનેલા નેપોલીઅનની પીસ્તોલે એ ભેદી પુરુષના પ્રાણ લીધા.

ચોમેરથી સીપાઇઓ દોડી આવી ઍન્ટોઇનની આસપાસ વીંટળાઇ વળ્યા અને એને દાક્તરના તંબુએ લઇ ગયા.

... ...

ઑસ્ટરલીઝનું યુદ્ધ શરૂ થઇ ગયું હતું. એનાં બ્યુગલ, પડઘમ અને ગોળીબારના અવાજો સ્વપ્નના મધુર ધ્વનિ જેવા ઍન્ટોઇનના કાનમાં અથડાતા હતા.

ક

બપોર થઇ, અને નેપોલીઅન ઍન્ટોઇનને જોવા આવ્યો.

'એ ઉંઘે છે, નામદાર !' દાક્તરે બહુ જ ધીમે અવાજે કહ્યું, 'હું નથી ધારતો કે એ હવે ફરી ઉઠે.'

નેપોલીઅને કરડાકીથી ઉંચે જોયું. 'તમે દાક્તરો માત્ર હેવાન છો ! હું કહું છું કે એ જીવતો ઉઠશે.'

છોકરાના ખભાપર માયાળુ હાથ મુકી નેપોલીઅને વત્સલ અવાજે કહ્યું, 'ઍન્ટોઇન !'

અને સાચે જ છોકરાએ આંખ ઉઘાડી.

'નામદાર !' ઍન્ટોઇનનું દિલ પીડાતું હતું, 'તમે ખરેખર મને પારીસ મોકલી દેશો ?'

'બચ્ચા ! હવે તે તને મોકલી દેવાનો હોય ? હવે તો આપણે સૌ સાથે પાછા ફરશું. અને ત્યારે માત્ર પારીસ તો શું, પણ આખું ફ્રાન્સ તને એક નરવીર તરીકે વધાવશે.

ઍન્ટોઇનના મોં પર સંતોષનો પરમ આનંદ દેખાયો.

... ...

'નામદાર ! જ્યાં આવી વધામણીનું કશું મુલ નથી ત્યાં—એ સરજનહારના દરબારમાં તે પહોંચ્યો !' દાક્તરે ડરતાં ડરતાં કહ્યું.

એક શબ્દ સરખો યે ઉચ્ચાર્યા વિના ભારે હૈયે નેપોલીઅન ત્યાંથી જતો રહ્યો.

ક

એ રાતે નેપોલીઅનના મોં પર કદિ ન જોવામા આવેલી લાગણી તરવરતી હતી. એ જ દિવસે જીતેલી લડાઇના જયનો આનંદ એની એકેય રેખામાં જણાતો નહોતો. ગમગીનીમાં એ ફરતો ફરતો ટેબલ આગળ ગયો. ત્યાં પોતે એક અરધો લખેલો પત્ર એના હાથમાં આવ્યો. સેંટ કેરની નીશાળના ઉપરી ઉપર તે લખેલો હતો. તેમાં આ પ્રમાણે લખ્યું હતું :

'ઍન્ટોઇનને હું પાછો મોકલું છું. એ લડવૈયો થઇ શકે એમ જરા યે લાગતું નથી......એ નામર્દ છે......'

અને નેપોલીઅને શરમમાં પોતાનું મોં ઢાંકી દીધું.

[અંગ્રેજી ઉપરથી]

'ઊંધા' થયા પહેલાં

કાકાસાહેબ કાલેલકરનાં બાળપણનાં સ્મરણોની આ લેખમાળાનો પહેલો જ હપતો ચૈત્રમાં પ્રગટ થયો, ત્યાં તો તેણે વાચકોનું અજબ આકર્ષણ કર્યું છે. આ બીજા હપતામાંની રસભરી હકીકત તો, હવે પછી આવનારાં તેજસ્વી તોફાનો અને ચતુરાઈભરી રમુજથી ભરેલા હપતાઓની આગાહી માત્ર છે



૨

'બાબાચી ખોલી'

ગયે ફેરે મેં કહ્યું છે કે મારા સૌથી મોટા ભાઈ બાબા અમારી નીતિના ચોકીદાર હતા. તેમની ભણવાની ઓરડી એ તો એક ભારે જાહેર સંસ્થા જેવી હતી. એ નીશાળે જતા ત્યારે બધું સુનું સુનું થઇ જતું. પણ બાકીનો વખત—આખો વખત કાવ્યશાસ્ત્ર અને વિનોદની પીચકારીઓ ચાલતી. બાબાને ચોપડીઓનો શોખ અસાધારણ હતો. એટલે હાઇસ્કુલના વિદ્યાર્થીઓને જરૂર હોય તેવી અને જરૂર ન હોય તેવી પણ જાતજાતની ચોપડીઓનો ઢગલો એમની ખોલીમાં પડેલો હોય. સ્વાભાવિકરીતે નીશાળના છોકરાઓ ગોળને માખીઓ ચોંટી રહે તેમ બાબાની એ ઓરડીને ચોંટી જ રહેતા. બાબા નીશાળમાં જેટલું ભણે તેટલું ઘેર આવી છોકરાઓને ભણાવે. સંસ્કૃત અને ઊંઘ એ એના બે ખાસ વિષય! ઉંઘતા ન હોય ત્યારે સંસ્કૃત શ્લોકો ગણગણતા હોય. અને શ્લોકોથી થાકે ત્યારે સોડ તાણીને સુઇ જાય! એમની ઉંઘ પણ મૂક ન હતી. પથારીભેગા થયા કે તરત જ એમનું ઘોરવાનું શરૂ થાય.

અણ્ણા, એ બાબાથી નાના ભાઇ. એમને બાબાનું ઘોરવું પસંદ ન પડે. તેઓ સુતરની નાનકડી દીવેટ વાળી બાબાને 'હવા લગાડતા'. 'હવા લગાડવી' એ અમારો પારિભાષિક શબ્દ. દીવેટ નાકમાં ઘાલે એટલે જોરથી છીંક આવે અને ઉંઘ તુટી જાય. લોકજાગૃતિની આ સેવાનું 'હવા લગાડવી' એ સાદું નામ હતું.

એક દિવસે મને થયું કે ચાલો આપણે કંઇક પુણ્ય મેળવીએ. સુતરની દીવેટ જડે નહિ, એટલે દીવાસળી લઇ લીધી અને ધીમે રહીને બાબાના નાસિકા-વિવરમાં તેનો પ્રવેશ કરાવ્યો! કહેછે કે કલિયુગમાં કર્મનું ફળ તરત જ મળે છે. મને એનો અનુભવ ઠીકઠીક થયો. પુણ્યના ફળ ઉપરાંત દ્રાડ (અટકચાળો), મસ્તીખોર અને ખોડકર, એવા ત્રણ ઇલ્કાબ પણ મને મળ્યા!

ભિસે માસ્તર રાત્રે બાબાને અને અણ્ણાને ભણાવવા આવતા. ભાષા, ગણિત અને ક્રોધ એ 'એમના' ખાસ વિષય. એ ઘરમાં આવે એટલે અમારે ઉંદર-બીલાડી ન્યાયે ખુણામાં ભરાઈ રહેવું પડતું. એટલે ભિસે માસ્તર વીશે અમારા નાના છોકરાઓમાં ખાસ અણગમો હોય એ સ્વાભાવિક હતું. એક દિવસ ભિસે માસ્તરને ભણાવવાનો ખુબ રસ પડયો હતો. મને અદેખાઈ આવી. રંગમાં ભંગ કેમ પડાવાય એ વિચારમા હું ચડયો—'પડયો' કેમ કહેવાય? આખરે કશું ન સુઝવાથી બારણા આગળ ઉભા રહી કુઉઉઉ...ઉ-—ઉ—ઉ—'નો મહામંત્ર લલકાર્યો! બસ, ભિસે માસ્તર કાલિનાગની પેઠે ફુત્કારી ઉઠયા. એમની નજર મારા ઉપર પડે તે પહેલાં તો હું જીવ લઇને નાઠો. એટલામાં ગોંદુના દુર્ભાગ્યે એને દોડતો દોડતો ત્યાં આણ્યો. ભિસે માસ્તરે એને પકડી એક લપડાક લગાવી દાધી અને કહ્યું. 'કેમ રે લુચ્ચા,

ખુમ શાને પાડે છે ?' એ બીચારો શું સમજે ? એણે તો જોરથી ભેંકડો તાણીને રોવા જ માંડ્યું ! ભિસે માસ્તરને થયું, આ વળી બીજી બલા ! એ છાનો ન રહે ત્યાં સુધી વર્ગ શી રીતે આગળ ચાલે ?

પણ ભિસેનું ભેજું ઉપજાઉ હતું. તેમણે એક દીવાસળી સળગાવી ગોંદુને કહ્યું, 'મોઢું બંધ કર, નહિ-તર જો, આ મોંમાં નાખું છું ! હું પાછળ રહ્યો રહ્યો આ આખો કરુણ પ્રસંગ જોતો હતો. હું કેવો બચી ગયો તે જ ખ્યાલ પ્રથમ આવ્યો;—પછી ગોંદુની ઠીક ફજેતી થાય છે એ વિચાર મનમાં આવ્યો, અને હસવું પણ આવ્યું. પણ કેમે કરીને ચિત્ત પ્રસન્ન થાય જ નહિ. કંઇક બગડ્યું છે, મેં કંઇક અણછાજતું કર્યું છે એવો ખ્યાલ મનમાં આવ્યો ખરો; કદિ નહિ અનુભવેલી એવી શરમ પહેલ-વહેલી જ મેં અનુભવી; પણ શરમ શા માટે લાગે છે એનું પૃથક્કરણ હું તે વખતે કરી શક્યો નહોતો. સજા પુરી થયે ગોંદુ બહાર આવ્યો. પણ એની આંખ સામે આંખ મેળવવાની મારી હીંમત ન ચાલી. મેં એનો કંઇક અપરાધ કર્યો છે એમ તો કંઈ સ્પષ્ટ લાગતું નહોતું, પણ કંઇક બગડ્યું છે ચોકસ, એમ મનમાં—ના, મનમાં નહિ, પણ હૈયા-માં વસી ગયું. તે દિવસે સુઈ જતાં સુધી ગોંદુ સાથે હું ખાસ કોમળતાથી વર્ત્યો, વગર કારણે એની ખુશામદ કરી અને છતાં તે દિવસનો પ્રસંગ ભુલી જવા જેટલી શાંતિ મને મળી જ નહિ.

ઘરમાં કંઈ પણ તોફાન કરીએ અથવા વાંકમાં આવીએ એટલે અમને બાબાની ઓરડીમાં બેસાડી રાખતા. તમાચા કે સોટી કરતાં પણ અમને આ સજા વસમી લાગતી. ઓરડીમાં જઇએ કે એક ખુણો બતાવી અમને હુકમ થતો કે 'બસ તિકડે, દેવા સરખા હાથ જોડુન.' (દેવની પેઠે હાથ જોડીને ત્યાં બેસી જા.) મારૂં શરીર તો બેસી જતું. પણ મન કંઈ થોડું જ બેસી રહે ? મનમાં વિચાર આવતો કે દેવો કેવા વિચિત્ર, કે રમતા પણ નહિ હોય, તોફાન પણ નહિ કરતા હોય અને હાથ જોડીને બેસી રહેતા હશે ! દેવો આમ બેસતા હશે એમ શંકા ન હતી, કેમકે ઘરમાં સેવાસન ઉપરના દેવો તો એમ જ બેસે છે. બીજા ન્હવડાવે ત્યારે ન્હાય, અને ખવડાવે ત્યારે ખાય.

હું બેઠો બેઠો બાબાની ઓરડીનું ચારે તરફથી નિરીક્ષણ પણ કરતો. સોટી ક્યાં છે, ચોપડીઓ ક્યાં છે, શાહીની શીશી ક્યાં છે, પથારીનો વીંટો ક્યાં છે વગેરે બધું જોઇ લેતો. દીવાની આસપાસ મંકોડાઓને પ્રદક્ષિણા કરતા જોઇ મને ખુબ મજા પડતી, અને દીવો એ પ્રત્યક્ષ દેવ છે એ વીશે ખાતરી થતી. બધા મંકોડાઓ એક જ દિશાએ ગોળ ગોળ ફરે, પણ એકાદ મોટો મંકોડો વળી ધૂમકેતુની પેઠે ઉલટી જ દિશા લે.

એક વખત આવી રીતે બાબાની ઓરડીમાં મને બેસાડવામાં આવ્યો હતો. અશોકવનમાંથી સીતા-ને છોડાવવા સારૂ રામચંદ્રજી હનુમાન જેવા વીરને લઇ ગએલા. પણ મને બાબાની ઓરડીમાંથી છોડાવી લઈ જનાર ભાગ્યે જ કોઇ આવવાનું હતું ! એટલે શિવાજીની વાર્તા જાણતાં પહેલાં જ મેં શિવાજીનું અનુકરણ કર્યું. પથારીનો વીંટો પડ્યો હતો એની પાછળ થાકીને સુઈ જવાનો મેં ડોળ કર્યો. બાબાએ મને એ સ્થિતિમાં એક બે વાર જોયો છે એટલી ખાતરી કરી લીધી. અને પછી, કોઇનું ધ્યાન નથી એવો લાગ જોઇ, પેટે ચાલીને પલાયન કર્યું ! મને આમ બહાર આવેલો જોઇ કેશુને ભારે આનંદ થયો. એણે મારી પાસેથી બધી વિગત જાણી લીધી અને ગોંદુ આગળ મારાં ખુબ વખાણ કર્યાં. ગોંદુ પાસે અગમચેતી જરાયે મળે નહિ. એણે જઇને ભાભીને વાત કરી અને મારી પલાયનકળાનો ભેદ છતો થઇ ગયો ! પણ કોઇએ એ પ્રસંગની ચર્ચા કરી નહિં.

મેં મનથી વિચાર્યું કે આ ઇલાજ ઠીક હાથ આવ્યો છે. બીજે વખતે વાંકમાં આવ્યો ને ઓરડીની સજા થઇ ત્યારે પહેલો ઇલાજ ફરી અખત્યાર કર્યો. પણ આ ફેરે મારા કરતાં બાબા જ વધારે ચતુર નીવડ્યા ! એમણે મારી તરફ છેક દુર્લક્ષ કર્યું, અને હું સરકતો સરકતો બારણા સુધી માંડ પહોંચ્યો હોઇશ, ત્યાં તો એકદમ ગરજી ઉઠ્યા. 'અરે ચોરા, પળતોસ હોય?'

હું સપડાયો એનું મને દુઃખ ન થયું, પણ મારી શાખ ગઈ, હવે હમેશાં મને ચોર જ કહેશે એવી અસ્પષ્ટ બીકને લીધે હું અસ્વસ્થ થઈ ગયો. રાતે જમતી વખતે અણ્ણાએ હસતાં હસતાં મારી વાત બધાંને કહી દીધી. હું તો શરમથી પાણી પાણી થઈ ગયો. તે દિવસે મુળાનું શાક બનાવેલું હતું. શરમને લીધે એની એકએક ચીર ગળે ઉતારતાં ખુંચતી હતી એનું સ્મરણ આજે પણ તાજું છે.

બાળકોને પણ આબરૂ હોય છે. ફજેતીથી તેઓ કરમાઈ જાય છે. મોટેરાં કરતાં બાળકોમાં આબરૂની અને સ્વમાનની લાગણી વધારે તીવ્ર હોય છે એનો વિચાર મોટેરાં કેમ નહિ કરતાં હોય?

એ દિવસની જાહેર ફજેતીને લીધે હું કંઇક રીઢો થઇ ગયો. ત્યાર પછી જ્યારે જ્યારે મને બાબાની ખોલીમાં પુરી રાખતા ત્યારે ત્યારે છટકી જવાનો પ્રયત્ન હું કરતો, અને તેમ કરતાં સપડાઉં તોપણ મને શરમ ઉપજતી નહિ.

એક દહાડો કેશુનો ખડીઓ ઢોળાયો. નીશાળે જવાનો વખત થયો હતો. શાહી વગર કેમ જવાય? કેશુ રોવા જેવો થઇ ગયો. એટલામાં મેં તેને કહ્યું, 'કેશુ, બાબાની ઓરડીમાં શાહીની આખી શીશી ભરેલી છે; એમાંથી જોઇએ તેટલી શાહી મળી શકશે.' પછી તો પુછવું જ શું? કેશુએ ખડીઓ ભરીને શાહી લીધી, અને સપડાઈએ નહિ એટલા સારૂ તેટલું જ પાણી તેમાં ભરી દીધું! આ શોધ થયા પછી કેશુ અને ગોંદુ બંને ખડીઓ સાચવવા વીશે બેદરકાર થઈ ગયા. દિવસમાં ચાર વાર ખડીઓ ઢોળાય, અને ચાર વાર બાબાની શીશી પાસેથી જકાત લેવાય! થોડા જ દિવસમાં શાહી સાવ પાણી જેવી થઇ ગઈ અને અમે સપડાયા. બાબા તાડુકીને બોલ્યા, 'કેશ્યા, શાહી ચોરે છે તે તો ચોરે છે, પણ પાછો વળી પાણી રેડી બાકીની બગાડી મુકે છે!'

આ સાંભળી વળી પાછું મારૂં વિચારયંત્ર ચાલવા લાગ્યું! મેં કેશુને કહ્યું, 'આપણે કોલસા વતી પાટી ઘસીએ છીએ ત્યારે ખુબ કાળું પાણી નીકળે છે. તે શીશીમાં ભરી દઇએ એટલે શાહી પાતળી નહિ થાય અને આપણે સપડાઇશું પણ નહિ.'

બીજે દિવસે શીશીમાંની બધી શાહી ફાટી ગઈ. આને પ્રતાપે કેશુને માર પડ્યો. ગુન્હામાં મારો 'હાથ' ન હતો, માત્ર ભેજું જ હતું, એટલે મને ગુન્હો કર્યાનું ભાન થયું જ નહિ. કેશુને માર તો મળ્યો; પણ સાથે સાથે પોતાની પાસે શાહી ન હોય ત્યારે માને કહીને બાબાની શીશીમાંથી શાહી લેવાનો હક પણ મળ્યો.

ગોંદુના ભોળપણથી મારી આવી અનેક યુક્તિઓની શોધ ઘરનાં બધાં વર્તી જતાં, પણ મેં જોયું કે વઢે તોપણ સૌ મને લાડ જ કરતાં. હું સૌથી નાનો, અને જે કંઇ કરતો તે કેશુ-ગોંદુને મદદ કરવાની દાનતથી કરતો, એટલે મારી કીર્તિ બાબાની નીશાળના દોસ્તોમાં ફેલાઇ ગઇ. બધા મને એક મજાનું રમકડું ગણતા થયા. પણ આમાંથી અણધાર્યું પરિણામ આવ્યું. અણ્ણાએ કહ્યું, 'યા લબાડાલા આમચ્યા ખોલીંતચ નીજૂં દ્યા' (આ લબાડને અમારી ઓરડીમાં સુવાડતા જાઓ. બસ, તે જ દિવસથી મારી પથારી બાબાની ઓરડીમાં પાથરવાનો મહાદુને હુકમ થયો અને અણ્ણા રોજ સુતાં પહેલાં મને થોડું થોડું ભણાવવા લાગ્યા.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

卐

દેશાટન કરવા દેવાની વિરુદ્ધ આપણામાં ઘણાં બંધનો છે. અટકની પેલે પાર કે દરીઆપાર કોઈ પણ કારણે ન જવું એવી જે માન્યતા છે તે આપણી પ્રાણહીનતા બનાવે છે. જુવાનોનો ધર્મ છે કે દરીઆની પેલે પાર શું છે તે પાટુ મારીને જોઈ લેવું....પરદેશ ખેડવાથી અંગ્રેજીમાં આપણે જેને 'પ્લક' કહીએ છીએ તે 'પ્લક' આપણામાં આવી જાય છે. હીંદીઓ સૌ એક છીએ તે જાણવા, તથા પ્રવાસની દૃષ્ટિથી પણ આપણે હીંદની મુસાફરી તો અવશ્ય કરવી જ જોઇએ. જે યુવાનો સાધનસંપન્ન છે તેમને મારી સલાહ છે કે તમારા પર ઉપાધિ પડે તે પહેલાં ગમે તેમ કરીને—નમ્રતાપૂર્વક કડવાશ વહોરીને પણ પરદેશ ખેડી લેવાની તક સાધવી; છેવટ હીંદનો પ્રવાસ તો જરૂર કરી લેવો.

નાનાભાઇ

પંજ પ્યારા

શીખોનો ઇતિહાસ એટલે આત્મબલિદાનની પરંપરાઓ. જગતની એ બહાદુરમાં બહાદુર અને સૌથી બલવાન ને દૃઢ પ્રજાએ માત્ર છેલ્લાં બસો વર્ષમાં જ પોતાના અતુલ બળ, ટેક, ઉજ્જવળ બલિદાનો અને શૌર્યભર્યાં સાહસોથી દુનીઆમાં દિગંત ડંકો વગાડી પોતાનું ને હીંદનું નામ ઉજ્જવળ કર્યું છે. એ વીર કોમનો ઇતિહાસ શૌર્ય અને સ્વાર્પણ તથા ધર્મભક્તિ અને દેશભક્તિની કથાઓથી ભર્યોભર્યો છે.

ચીનના વિગ્રહ વખતે જ્યારે યુરોપના ભલભલા શુરવીર સેનાપતિઓ હતાશ થઈ ગયા હતા તે વેળા પેકીનના દરવાજા શીખોએ તોડ્યા હતા; છેલ્લી મહાન યુરોપીય લડાઈ વખતે ફ્રાન્સના મેદાન ઉપર હાથોહાથની લડાઈમાં જર્મનોને હંફાવનાર શીખ યોદ્ધાઓ હતા; અંગ્રેજોએ પંજાબ જીતવા શીખો જોડે વિગ્રહ શરૂ કરેલો તે વેળા શીખ વીરોએ એવું તો શૌર્ય દાખવેલું કે એક બાહોશ અંગ્રેજ સેનાપતિના મોંમાથી ચીસ નીકળી ગએલી કે 'ઓ હીંદ ગયું !'

આ સિંહ સમી શૂરવીર પ્રજા કેમ ઉત્પન્ન થઈ તેનો આખો યે ઇતિહાસ અદ્દભુત છે. એ પ્રજાને ઉત્પન્ન કરનાર અને ઘડનાર એના દસ ગુરુઓ. હીંદના મહાન ગણાતા પુરુષોમાં એ ગુરુઓ મોખરે આવે. એમણે નવા ધર્મની સંસ્થાપના કરી. એ વીર પ્રજાને ઉત્પન્ન કરી તેનામાં શૌર્ય રેડ્યું, તેની સમાજરચના કરી, અને ત્રણચાર સૈકામાં તો અતુલ શૌર્યવતી એક નવી પ્રજાને જગત સમક્ષ ખડી કરી દીધી.

આજથી ચારસેં વર્ષ પહેલાં હીંદુ અને મુસલમાન સંસ્કૃતિ તથા ધર્મને એકઠાં કરી. તેમના ભેદભાવ ભુલાવી તેમાંથી એક નવી જ કોમ ઉત્પન્ન કરનાર એક મહાન સુધારક અને ધર્મપ્રચારક જાગ્યો. એ કોમ તે શીખ પ્રજા, અને એ મહાન નર તે શીખોના પહેલા ગુરુ અકાલ પુરુષ બાબા નાનક.

દેશના ડાબા અને જમણા બે અંગ જેવી હીંદુ અને મુસલમાન બંને પ્રજાઓ એ વેળા અંદર અંદર લડી રહી હતી. તેમને એકતાની ગાંઠથી બાંધી દેશને છિન્નભિન્ન થતો અટકાવવાનો મહાન પ્રયત્ન નાનકે આદર્યો. ધીમે ધીમે તેના આ નવા સંપ્રદાયના 'શિષ્યો' વધતા ગયા અને તેઓ 'શીખ' કહેવાયા. હીંદુ અને મુસલમાનનું ઐક્ય કરવાના ઉદ્દેશથી જ આ સંપ્રદાય સ્થપાએલો, પણ કાળબળે પાછળથી એ જ શીખો હીંદુ સંપ્રદાય રૂપે પલટાઈ ગયા અને મુસલમાનોના કટ્ટા વિરોધી બની ગયા !

બીજા ગુરુ અંગદે શીખો માટે ગુરુમુખી નામની લખવાની નવી લિપિ યોજી તેનો પ્રચાર કર્યો અને એને લીધે શીખ સંપ્રદાયની ઘણી પ્રબળ ઉન્નતિ થઈ. વળી તેમણે 'લંગર' નામની એક સંસ્થાની સ્થાપના કરી. તેમાં સૈકોઇને વિનામૂલ્યે ભોજન મળતું અને રાજાથી રંક સુધી સૌ સાથે બેસીને જમતા. આથી શીખ લોકોમાં ભાઈચારો ખુબ ફેલાયો.

જેમ જેમ પંજાબમાં વખત જતાં શીખોની સંખ્યા વધતી ગઈ તેમ તેમ તેમને ઉપદેશ કરવાનું અને તેમના પ્રાંતોમાં ફરવાનું મુશ્કેલ થઈ પડ્યું. આથી ત્રીજા ગુરુ અમરદાસે શીખોના પ્રદેશને ૨૨ ભાગમાં વહેંચી નાખી તે દરેક પર એકેક ઉપદેશક નીમ્યો. આ ભાગને 'મંજા' કહે છે.

ચોથા ગુરુ રામદાસે શીખોના મુખ્ય સ્થળ તરીકે અમૃતસરની સ્થાપના કરી. એ વેળા આખું પંજાબ



પહેલા ગુરુ: બાબા નાનક

શીખમય બની ગયું હતું. અમૃતસર એનું કેન્દ્ર થયું.

પાંચમા ગુરુ અર્જુનજીએ શીખોને હથીઆર ધારણ કરાવ્યાં અને પોતાના ધર્મના રક્ષણ અર્થે ઝૂઝી મરવાની પ્રેરણા પાઈ. શીખોના વેદરૂપ 'આદિગ્રંથ' નો તેમણે સંગ્રહ કર્યો. એ ગ્રંથસાહેબે શીખોમા અજબ ચેતના રેડી. અત્યાર સુધી શીખ પ્રજા સાદું ખેડુત જીવન ગાળતી. પણ હવે તેમને મુસલમાનો સામે મુકાબલો કરવાનો આવી પડેલો હોવાથી ગુરુ અર્જુનજીએ સૈન્ય, ઘોડા અને શસ્ત્રાસ્ત્રના દબદબા સાથે રહેવા માંડ્યું. અત્યાર સુધી શીખ ગુરુઓ 'સતગુરુ' કહેવાતા તે હવે 'સચ્ચા બાદશાહ' કહેવાવા લાગ્યા.

એમના સમયમાં દિલ્હીના તખ્ત ઉપર મોગલ બાદશાહ જહાંગીર હતો. તેના શાહજાદા ખુશરૂએ તેની સામે બળવો જગાવ્યો તેમાં ગુરુ અર્જુનજીએ તેને મદદ કરી. ખુશરૂ હાર્યો, ગુરુજી પકડાયા અને લાહોરના કીલ્લામાં તેને કેદ કરવામાં આવ્યા. જ્યાં થોડા વખત પછી તેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

ગુરુ અર્જુનજીના આ બલિદાનથી શીખ પ્રજાનાં લોહી ઉકળી ઉઠ્યાં અને તેના બુંદેબુંદમાંથી ક્રોધની પ્રબળ જ્વાળાઓ ભભુકી ઉઠી. હવે તેમને જરૂર હતી માત્ર લડાયક બનાવીને દોરનાર સુકાનીની. તે સુકાની પણ તૈયાર હતો. એ છઠ્ઠા ગુરુ હરગોવિંદ. તેમણે શીખોને કવાયત શીખવી બહાદુર લડવૈયા બનાવ્યા. અને મોગલો પર છુટાછવાયા છાપા મારી તેમનામાં વધારે હીંમત રેડી.

બસ: આ પછી શીખોના બલિદાનોની પરંપરા શરૂ થઈ. જેમજેમ મોગલ સલ્તનત તરફથી દંડ, કેદ, દેશનિકાલ ને ફાંસીની સજાઓ વધતી ગઇ તેમતેમ શીખ પ્રજાની સહનશીલતા, અને ધર્મપ્રેમ વધતાં જ ગયાં.

નવમા ગુરુ તેગબહાદુરને પકડી ઔરંગઝેબના દરબારમાં લઈ જવામાં આવ્યા અને તેમની સમક્ષ બે વાત મુકવામાં આવી: કાં તો મુસલમાન બની છુટી જાઓ, અથવા તો મરવાને તૈયાર થાઓ. તેગબહાદુરે બીજી જ વાત કબુલ કરી ધર્મને માટે માથું આપવાનું ઉચિત ધાર્યું. એમની એ અડગ ટેકનું જ્વલંત દૃષ્ટાંત નીચેની લીટીઓ રજુ કરે છે:

ધર્મહેત શાકા જીન કિયા,
શીશ દિયા પર ધરમ ન દિયા.

ગુરુ તેગબહાદુરના આવા મૃત્યુથી એમના બાળ પુત્ર–દસમા ગુરુ–ગોવિંદસિંહનો ક્રોધાગ્નિ ભભુકી ઉઠ્યો. તેમણે પોતાનું આખું જીવન, સર્વ સમય ને શક્તિ, શીખોને એક મહાન લડાયક પ્રજા તરીકે તૈયાર કરવામાં જ ખરચ્યાં, અને એને પરિણામે શીખો પરાક્રમી સિંહોના રૂપમાં ફેલાઇ ગયા. જીવ્યા ત્યાં સુધી લડીને ગુરુ ગોવિંદસિંહે ઔરંગઝેબ અને મોગલ સલ્તનતને તોબા પોકરાવી. પોતાના મરણ સમયે તેમણે આજ્ઞા કરેલી કે પોતાના પછી કોઇને ગુરુ ન નીમવો, એટલે ત્યાર પછી કોઇ ગુરુ થયા નહિ અને ગુરુપદનું મહત્ત્વ ત્યારથી ગ્રંથસાહેબ સાથે ભળી ગયું.*

§

કહેવાય છે કે ગુરુ ગોવિંદસિંહે શીખ પ્રજાને

* 'મહાન શીખ ગુરુઓમાંથી 'તારવીને




ફોટો: બાબુરાવ ઠાકોર

શ્રી રણછોડરાયનું મંદિર: ડાકોર

હીંદુસ્તાનનાં પુરાતન તીર્થોનાં મહાત્મ્યને ભુલાવી ગુજરાત અને હીંદના હીંદુઓનું કલિયુગમાં પણ પરમ તીર્થ બની રહેલું આ મંદિર ભક્તરાજ બોડાણાના જીવનચરિત્રનું અદ્‌ભુત સ્મારક છે.

પુરાણપ્રસિદ્ધ દ્વારિકાના અધિદેવ શ્રી કૃષ્ણ આ ભક્તની અડગ ભક્તિને વશ થઈ, પોતાની સ્થાપેલી મુળ નગરીનું મહાત્મ્ય તરછોડી, દુનીઆએ રંક ભીખારી ગણેલા બોડાણાની નેંજમાં બેસી ડાકોરમાં આવી મૂર્તિમંત થયા ત્યારથી પ્રેમના ધ્વજ આગળ વૈભવ અને સત્તાનો ધ્વજ નમન કરી રહ્યો. દ્વારિકાના ગુગળીઓએ માનેલું કે પ્રભુ તો તેમના મહાન મંદિરમાં જ પુરાએલા છે. એની કુંચીઓ પોતાની પાસે રાખી તેઓ દુનીઆ પાસેથી પ્રભુનાં દર્શન માટે કર લેરાવતા. પણ બાર બાર વર્ષ સુધી હાથમાં ને હાથમાં તુલસી ઉગાડી ચડાવી જતા પોતાના પ્રિય ભક્ત બોડાણાની ભુખડી નેંજમાં પ્રભુ રાતોરાત એ મંદિરમાંથી ઉડી ચાલ્યા અને ભક્તના ગામ ડાકોરમાં આવી વસ્યા. તે દિવસથી દુનીઆએ જાણ્યું કે પ્રભુ પથ્થરના મંદિરનાં સુવર્ણદ્વારોમાં પુરાએલા નથી પણ ભક્તિથી તરબોળ હૃદયમાં જ તેમનો પરમ નિવાસ છે.



પંજ પ્યારા
શિર ઝુકાવી બોલ્યો, 'ગુરુજી, મારું માથું હાજર છે.'

અમર લડાયક પ્રજા બનાવવા માટે બાર વર્ષ સુધી કઠણ તપશ્ચર્યા કરીને શક્તિની ઉપાસના આદરેલી. બાર વરસના તપ પછી ગુરુ બહાર આવ્યા ત્યારે શીખોએ ' ગુરુ તપશ્ચર્યા ' નો ઉત્સવ ઉજવવા સારૂ કેશગઢમાં એક મોટી સભા બોલાવી. ગુરુજીની આજ્ઞા ઝીલવા સેંકડો શીખ વીરો ત્યાં એકઠા મળ્યા હતા.

ઉપદેશ પુરો થયા પછી ગુરુએ વીજળીની જીભો પેઠે લબકારા કરતી પોતાની ભયાનક શમશેર બહાર કાઢી અને તેને હવામાં વીંઝી ધેરા ગંભીર સ્વરે તે બોલ્યા, ' હું તમારા બલિદાનનો ભુખ્યો છું; મને બીજું કશું ન જોઇએ, શીખ વીરોનાં શિર જોઇએ. છે કોઈ શીખ બચ્ચો, જે આ દેવીને પોતાનું માથું અર્પણ કરે ? '

આખી સભા સ્તબ્ધ બની સાંભળી રહી હતી. ચુપકીદીની શાંતિમાં ગુરુનાં ગંભીર વચનોનો પડછંદ ગાજી રહ્યો. અત્યાર સુધી માત્ર ગુરુમુખના સ્વાર્પણના શબ્દો જ સાંભળવાના હતા; પણ હવે ગુરુએ પ્રત્યક્ષ પ્રમાણ માગ્યું. ખડ્ગદેવીને પોતાનું માથું કોણ ધરે ! કોઈના મોમાંથી શબ્દ સરખો યે ન નીકળ્યો પથ્થરનાં પુતળાં જેવા સૌ શાન્ત હતા.

ગુરુએ ફરીથી તલવાર વીંઝી પુછ્યું. ' છે કોઈ આ માતાના ખપ્પરમાં શિર સોંપનાર ? '

શાન્ત મેદનીને બંને હાથે ખસેડતો કનૈયા જેવો રૂપાળો એક યુવાન શીખ આગળ આવ્યો. તે લાહોરનો ક્ષત્રિય દયાસિંગ હતો. ગુરુના બબ્બે વખતના આદેશની અવગણના કર્યા બદલ જાણે દયા યાચતો હોય તેમ ગુરુ ચરણે શિર ઝુકાવી તે બોલ્યો: ' ગુરુજી, મારૂં માથું હાજર છે. '

એકપણ શબ્દ બોલ્યા વિના ગુરુ તેને મંદિરમાં લઈ ગયા. થોડી વારે ગુરુ પાછા આવ્યા. તેમની તલવાર લોહીથી તરબોળ હતી !

આ વિકરાળ દૃશ્યથી આખી સભા સ્તબ્ધ બની ગઇ. ગુરુએ ફરીથી હવામાં તલવાર ઉછાળી ગર્જના કરી, ' હજી વધુ બલિદાન જોઇએ ! તૈયાર હોય તે ચાલ્યા આવે. '

એ એક બલિદાનથી તો શીખોનું લોહી ઉછળી



દસમા ગુરુ ગોવિંદસિંહ

ઉઠ્યું. ગુરુના એ શબ્દે સંખ્યાબંધ શીખો બલિદાન માટે ધસ્યા. તેમાં ધર્મસિંગ જાટ પહેલા હતા. તેમને પણ મંદિરમાં લઈ જવામાં આવ્યા, અને થોડી ક્ષણ પછી એવી જ લોહી ટપકતી તલવાર ઘુમાવતા બહાર આવી ગુરુએ ફરી પાછી એ જ માગણી કરી.

પછી તો શું ! ગુરુનો બોલ પડતાં મોખનસિંગ તૈયાર થયા. તેમની એ જ દશા થઇ. પછી સાહેબસિંગ, અને તેમની પછી હીંમતસિંગ. અને એ પાંચેયનાં એ જ રીતે બલિદાન લેવાયાં. ગુરુજીએ અંદર જઇ મંદિરનાં બારણાં બંધ કર્યાં.

થોડીવારે મંદિરનાં દ્વાર ઉઘડ્યાં અને એ પાંચેય શિષ્યો ' વાહ ગુરુજી ફતેહ ' પોકારતા બહાર આવ્યા! આખી મેદની પર જાણે વીજળી પડી હોય તેમ સૌ આશ્ચર્યથી ચમકી ઉઠ્યાં ! બધે મંદ કોલાહલ મચી રહ્યો. એવામાં ગુરુજીનો ઘેરો સ્વર સંભળાયો:

'પ્યારા શીખો ! નવાઈ ન પામતા. આ તો માત્ર

મેં તમારી કસોટી કરી હતી, અને એ કસોટીમાંથી તમે પાર ઉતર્યા છો. મારી ખાતરી થઈ છે કે મારો બોલ પડતાંવેંત શીખ ધર્મને ખાતર પોતાનું શિર દેતાં કોઇપણ શીખ બચ્ચો હવે નહિ અચકાય.'

અને આખી મેદની આનંદથી પોકારી ઉઠી, 'વાહ ગુરુકી ફતેહ !'

વર્ષો સુધી અખંડ પરિશ્રમ ખેડીને ગુરુ ગોવિંદસિંહે શીખ પ્રજામાં સીંચીસીંચીને શૌર્ય અને ઝનૂન ભર્યાં હતાં. છેવટે, તેમણે આ પ્રસંગ શોધી, તેઓ બલિદાન માટે કેવાક તૈયાર છે તેની કસોટી કરી જોવા આ તદબીર કરી. તલવારમાંથી ટપકતું લોહી વગેરે બધું નકલી જ હતું. ગુરુએ બલિદાનમાં માથું માગ્યું, અને એક પછી એક પાંચ જણ માથાં આપનારા પણ નીકળ્યા. ગુરુજીએ તેમને 'પંજ પ્યારા' કહી ભર સભામાં ભારે માન આપ્યું, અને ત્યારથી શીખસમાજ બલિદાન દેવા હરદમ ખડે પગે તૈયાર રહેવાનું શીખી ગયો.

[અંગ્રેજી ઉપરથી] મ. મા. પરમાર

જ્ઞાનલીલા

આ નવા સવાલોના જવાબ શ્રાવણના અંકમાં પ્રકટ થશે.

શબ્દ સાંકળી

ક્રમસર એવા છ શબ્દો આપો કે જેના દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઈને પછીનો શબ્દ બનતો જાય, અને તેના અર્થ નીચે મુજબ થાય: (૧) એક ફળ (૨) રજા (૩) મીઠી નજર (૪) હીંદનું એક શહેર (૫) સ્વાર્થ (૬) રાત

શોધી કાઢો

આ સામેના નમુના મુજબ નવ શબ્દો એકએકની નીચે મુકેલા છે. એ દરેક શબ્દ ત્રણ અક્ષરનો બનેલો છે. તેમના અર્થ અનુક્રમે નીચે પ્રમાણે થાય છે: (૧) રદ (૨) પંચ (૩) મઝા (૪) ગામડાનું (૫) હડસેલા (૬) ગોઠવણ (૭) અંધકાર (૮) સ્ત્રી (૯) પ્રપંચ

*	*	૬
*	*	૫
*	*	૮
*	૧૦	*
*	૯	૩
*	*	૨
*	*	*
૪	*	૧
*	૭	*

આ શબ્દો તમે ખરેખરા શોધી કાઢી શકશો, એટલે તે દરેકનો પહેલો અક્ષર લેવાથી ઉભી લીટીમાં એક દેશભક્તનું નામ બની જશે. અને તે ઉપરાંત જ્યાંજ્યાં આંકડા માંડયા છે ત્યાંત્યાંના અક્ષરો એ આંકડાના ક્રમ પ્રમાણે લેવાથી ગુજરાતના એક કવિનું નામ બની જશે.

ઓળખી કાઢો

ઘંટીનું પડ ને ગાડાની ધરી,
બંનેના છેડા જ્યાં રહે છે મળી,
એટલામાં આવ્યું એક નામ,
કહો કુમાર એ ક્યું ગામ ?

*

એવી કઈ વસ્તુ છે કે જેને પરમેશ્વરે રંગી છે, છતાં પોતે ના કહે છે ?

*

એવી કઇ વસ્તુ છે કે જે તમારી પોતાની જ હોવા છતાં આખી દુનીઆ તેનો ઉપયોગ કરે છે; અને તમે પોતે જ તેનો ઉપયોગ નથી કરતા ?

*

અમે બે જણા છીએ પણ અમારૂં નામ એક જ ગણો. અમે પુરાણા કાળના છીએ અને દેવલોકોને બહુ ઉપયોગી છીએ. આ માસિક જોડે અમારો અરધોઅરધ સંબંધ છે. એક રાજકુમારીનું કોઇ વૃદ્ધ ઋષિ જોડે લગ્ન થયું હતું પણ તે સતી હતી તેથી અમે તેના પતિ ઉપર ઉપકાર કર્યો હતો. અમારા નામમાં નીચેની વસ્તુઓ છે: પાણી અને છોકરો. તો અમે કોણ ?

ગણિતગમ્મત

એક ખેડુતને ૧૫ દીકરા હતા અને તેમાંનો દરેક દોઢ દોઢ વર્ષને અંતરે જન્મ્યો હતો. એમાં સૌથી નાના દીકરા કરતાં સૌથી મોટો આઠગણી ઉમરનો હતો. તો એ બંનેની ઉમર કેટલાં કેટલાં વર્ષની હશે ?

ફોટોગ્રાફીની નવી હરીફાઈ

ફોટોગ્રાફીનાઉ પાસકો, તૈયાર થઇ રહેજો. તમારા કુટુંબના, મિત્રમંડળના, સગાસંબંધીના કે પાડોશના, બાળક, યુવાન કે વૃદ્ધ સ્ત્રી અથવા પુરુષના, કલા અને કલ્પનાભરી બેઠક અને રચનાના ફોટોગ્રાફો લઇ શકો, અને તેમાંથી સરસ લાગે તે પસંદ કરી હરીફાઇમાં મોકલજો. હરીફાઇની શરતો આવતા અષાડના અંકમાં જોશો; અને પરિણામ શ્રાવણના અંકમાં પ્રકટ થશે.

આફ્રીકાના પત્રો

વેપારનો આફ્રીકા તો વળી જુદો જ છે. હું મોમ્બાસાની બજારમાં ફરવા નીકળ્યો ત્યારે મને તો એમ જ લાગ્યું કે આ આપણા દેશની જ કોઈ બજાર છે. અહીંનો વેપાર આખો આ રીતે આપણા હાથમાં છે. મોમ્બાસા, નૈરોબી. કમ્પાલા અને જીન્જા એ પ્રસિદ્ધ શહેરોમાં જ આપણા વેપારીઓ પહોંચ્યા છે એમ ન સમજશો. આ યુગાન્ડામાં હું ફરૂં છું ત્યાં ઠેઠ ઉંડાણમાં પણ પોરબંદરનો એકાદ લોહાણો કે જામનગરનો એકાદ વાણીઓ નાની હાટડી માંડીને પડ્યો છે. પુછું છું ત્યારે કહે છે કે અમારા બાપદાદા અહીં આવ્યા હતા. અહીંનાં નાનાં ગામડામાં પણ આપણા ભાઇની એકાદ દુકાન તો હોય જ. પરંતુ આ સ્થિતિ યે બદલાતી જાય છે. આફ્રીકાના દરવાજા આપણા માટે બંધ થતા જાય છે!

મોમ્બાસામાં અમે ફરવા નીકળ્યા ત્યારે કિલિન્ડિની બંદર પાસે થઇને આખા ટાપુ ફરતું ચક્કર દીધું. આ ભાગ બહુ જ મનોહર છે. આપણે જેને 'કલર-બાર' અથવા તો વર્ણભેદ કહીએ છીએ તે આફ્રીકામાં ખુબ જોરમાં ચાલે છે. અંગ્રેજો માટે રહેવાનાં સ્થળો જુદાં, આપણે માટે રહેવાનાં સ્થાનો જુદાં; અંગ્રેજો માટે ગાડીના ડબ્બા જુદા, આપણા માટે જુદા; અંગ્રેજ વસાહતીઓ માટે ખેતરો જુદાં, આપણા માટે જુદાં. આપણાં ગામડાંઓમાં જેમ ઢેઢવાડો આપણે જુદો રાખીએ છીએ અને જરૂર પડે ત્યારે વિવાહમાં ઢોલ વગાડવા ઢેઢને બોલાવીએ છીએ તેમ આ લોકો આપણો ઢેઢવાડો જુદો કાઢવા મથી રહ્યા છે! અમે જે ભાગમાં ફરવા ગયા તે 'રિઝર્વ્ડ' (જુદો પાડેલો) ગણાય છે. ત્યાં યુરોપીઅન સિવાય



હાઇસ્કૂલનો દરવાજો, મોમ્બાસા

કોઈ રહી ન શકે એવો નિયમ છે. આ ભાગમાં આપણા એક મુસલમાન ભાઇના જુના વખતના બે બંગલા છે; પણ તે ભાઈ પોતે એ બંગલામાં રહી ન શકે! આવી આપણી પરિસ્થિતિ ત્યાં છે.

અહીંથી ચક્કર લેતાં અમે મોમ્બાસાની હાઇસ્કુલ તરફ ચાલ્યા. માર્ગમાં મોટાં મોટાં જંગી રૂખડાનાં ઝાડો આવે છે. આપણા તરફ મહુવા પાસે રૂખડો છે તેનું થડ જાડું છે ખરૂં પણ તે બહુ ઉંચો નથી. અહીં તો એથી પણ વધારે જાડા અને ઘણા વધારે ઉંચા રૂખડા ઉગે છે. મને લાગે છે કે આઠ મોટા માણસો એકબીજાના આંકડા ભીડીને આ રૂખડાને બાથ લે તોપણ બાથમાં આવે નહિ.!

મોમ્બાસાની હાઇસ્કુલનું મકાન અહીંના શેઠ અલીદીના વિશ્રામે બંધાવેલું છે. અલીદીના વિશ્રામ એટલે ઇસ્ટ આફ્રીકાનો રાજા. ઇસ્ટ આફ્રીકાનું નાનું છોકરૂં પણ તેનું નામ જાણે. આ તરફ એની સખાવતો મશહૂર છે. એક દિવસ એવો હતો કે જ્યારે એની મિલ્કત કરોડોની ગણાતી; પણ અત્યારે કાળ ફરી ગયો છે. તેના કુટુંબને અત્યારે આફ્રીકામાં મોં સંતાડવું પડે છે. આ શેઠ અલીદીના વિશ્રામે રૂપીઆ પાંચ લાખ ખરચીને આ હાઇસ્કુલનું મકાન બંધાવી આપ્યું છે. મકાનની એક બાજુએ કબ્રસ્તાન છે; એક બાજુ ઘોડાઓની ઇસ્પીતાલ છે. એક બાજુ ખાડીનો કચરો છે અને એક બાજુ રસ્તો છે. આવી ખરાબ જગ્યામાં આપણા લોકોએ હાઇસ્કુલ બાંધવાનું કેમ સ્વીકાર્યું હશે તે સમજાતું નથી.

તા. ૧૫ મીએ અમે મોમ્બાસાથી જીન્જા આવવા નીકળ્યા. તમે પૂર્વ આફ્રીકાના નકશા પર નજર કરશો

તો જણાશે કે આ ભાગમાં મોમ્બાસાથી ઠેઠ કિસુમુ સુધી યુગાન્ડા રેલ્વેની લાઇન છે. અમારા માટે સેકન્ડ ક્લાસની બે ટીકીટો લીધી હતી અને ઠેઠ જીન્જા સુધી જગા રીઝર્વ્ડ કરાવી હતી. મોમ્બાસાથી કિસુમુ સુધી અઠવાડીઆમાં ચાર દિવસ ટ્રેન જાય છે. પણ પછી કિસુમુથી જીન્જા જવું હોય તો તો પાછું વિક્ટોરીઆ સરોવરની નાની આગબોટમાં બેસવું પડે છે, અને તે અઠવાડીઆમાં એક જ વખત જાય છે. આથી કરીને મોમ્બાસાથી જીન્જા જવું હોય તેને તો અઠવાડીઆમાં એક દિવસ જ--શુક્રવારે ગાડી મળે છે. આને યુગાન્ડા મેલ કહેવામાં આવે છે. અમે તા. ૧૫મીએ યુગાન્ડા મેલમાં ઉપડ્યા.

ગાડી મોમ્બાસાથી ઉપડી. કિલિન્ડિની આવ્યું. ત્યાંના મુસાફરોને લઈ અમે ઉપડ્યા તે ઉપડ્યા જ. આખી ટ્રેન મોમ્બાસાથી ઉપડે છે તે ચડાણમાં જ. મોમ્બાસા તો દરીઆની સપાટી બરાબર છે, પણ પછી તો એક પછી એક સ્ટેશન--કોઈ ૫૨૫ ફીટ ઉંચું તો કોઈ ૭૩૯ ફીટ ઉંચું એમ અમે ચડતા જ ગયા! આ ચડાવનો દેખાવ કયા શબ્દોમાં તમને કહી દેખાડું તે મને સુઝતું નથી. આપણે ત્યાં પુના તરફના ઘાટોના દેખાવ અદ્દભુત ગણાય છે; પરંતુ ભોરઘાટ સુદ્ધાંનો દેખાવ મને અહીં તુચ્છ લાગ્યો. એક પછી એક ગોઠવાએલી ટેકરીઓની કુખોમાંથી ચાલતી ગાડી, પેલો દૂરનો મોમ્બાસાનો દરીઓ, નીચે દૂરની ખીણોમાં વસેલાં નાનાં નાનાં ગામડાં, સ્થળે સ્થળે ડુંગર પરથી સરતી એકાદ નાનીશી સરિતા, ઉભી વાડે પથરાએલી કેળો, મોટી મોટી કેળોની પછવાડેથી ડોકીયાં કરતા ઝુમ્બાઓ, અને ચાલતી ગાડીથી ચકિત થઇ જોવા નીકળેલા દિગંબર સીદીઓ---આ બધો દેખાવ આથમતા સૂર્યના ઝળહળતા પ્રકાશમાં કેવો લાગતો હશે તેની તમે કલ્પના જ કરશો. પણ આ દ્દશ્ય વધુ ટક્યું નહિ. તરત જ અંધારૂં થયું અને અમે આંખો સંકેલવા લાગ્યા.

અમારા ડબ્બામાં અમે ૭ જણ હતા. અને જગા (બર્થ્સ) પણ ૭ હતી. આ તરફની રેલ્વેમાં કાળાગોરાનો ભેદ અસહ્ય છે તે તો તમે જાણો છો.



આફ્રીકાના દિગંબર સીદીઓ

રેલ્વેમાં આપણા લોકનો ડબ્બો હોય એના પર 'ફક્ત એશીઆવાસી' અને યુરોપીઅનોના ડબ્બા પર 'ફક્ત યુરોપીઅન' એમ લખેલું હોય છે! ત્રીજા વર્ગમાં તો સીદીઓ લગભગ નાગા અને શરીરે ચરબી વગેરે ચોળીને બેસે છે, એટલે ત્યાં આપણા લોક મોટે ભાગે બેસી શકતા નથી.

રાત્રે આઠ વાગ્યા પછી તો રસ્તામાં એવી ધુળ ઉડવા લાગી કે ન પુછો વાત. અહીંથી ઠેઠ નૈરોબી સુધીનો પ્રદેશ લગભગ ઉજ્જડ જેવો છે. અને આખે રસ્તે લાલ ધુળ ઉડે છે. યુરોપીઅન મુસાફરો પોતાની ગાઇડ બુકમાં એવી સલાહ આપે છે કે આ ભાગમાં સૌએ જુનાં કપડાં પહેરવાં. અને છે પણ એમ જ. અમે સવારે ઉઠ્યા ત્યારે આખી પથારી, ઓશીકું, ધાબળો, આખો ડબ્બો અને ટ્રંક લાલ થઇ ગયાં હતાં. સવાર પડી ત્યાં તો અમે લગભગ ૩૦૦૦ફીટ ચડી ગયા હતા. પ્રભાત થતાં જ પાછો સુંદર પ્રદેશ



કિલિમાંજારો પર્વત

આવ્યો. હું મોમ્બાસાથી ગાડીમાં બેઠો ત્યારનો આફ્રીકાનાં જંગલી જનાવરો ક્યારે દેખું તેની રાહ જોયા જ કરતો હતો; પણ કંઇ નજરે ન પડ્યું.

વોય જંકશન આવ્યું ત્યારે મેં દૂર કિલિમાન્જારોનાં હિમાચ્છાદિત શિખરો જોવા ઘણાં ફાંફાં માર્યાં પણ અંધકાર ફરી વળ્યો હતો. હવે સવાર પડી એટલે હું તો જનાવરો માટે દૃષ્ટિ ફેરવવા લાગ્યો, અને બેશુમાર જનાવરો નજરે પડવા લાગ્યાં. રેલવે લાઇનની બંને બાજુએ અનેક પ્રકારના પટાવાળા ઝિબ્રા, જાતજાતનાં હરણો, સાબર, કાળીઆર, જંગલી ભેંસો વગેરે પાર વિનાનાં આમતેમ ફરતાં હતાં. આ ભાગમાં અને ખાસ કરીને 'આથી' નદીમાં જોવાલાયક ગેંડાઓ થાય છે એમ મેં સાંભળેલું, એટલે હું તો તેની વાટ જોઇને જ બેઠેલો. પણ 'આથી' નદીના કોઇપણ વાંકમાં ગેંડો મારી નજરે પડ્યો નહિ, તેમ સિંહ, વાઘ, ઝરખ વગેરે પણ નજરે ચડ્યાં નહિ. પહેલાં તો, કહે છે કે, યુગાન્ડા રેલવે બંધાઈ તે વખતે આ સિંહ વાઘોએ આપણા અનેક દેશી કામદારોના પ્રાણ લીધા છે. પણ હવે તે બધાં લાઇનથી ઘણાં દૂર ચાલ્યાં ગયાં છે.

બપોરના બાર વાગ્યે અમે નૈરોબી પહોંચ્યા. નૈરોબી સ્ટેશન આ તરફ ઘણું સરસ ગણાય છે. પણ કોલાબા, બોરીબંદર, હાઉરા વગેરે સ્ટેશનો જોયાં હોય તેમને નૈરોબીમાં કંઇ જોવા જેવું ન લાગે. અહીં ટ્રેન ચાર કલાક ઉભી રહે છે, એટલે અમે ગામમાં જમવા માટે ગયા. સામાનની વ્યવસ્થા કરી અમે ગામમાં જમી આવ્યા.

ચાર વાગ્યે ગાડી ઉપડી. એનાં એ સુંદર દશ્યો, એનાં એ સ્વતંત્ર જનાવરો અને વધારામાં કેનીઆના હાઇલૅન્ડઝના મોટા વગડા વાવેલા શામ્બાઓ. ક્યાંક કેતકી તો ક્યાંક કૉફી તો ક્યાંક રબરનાં ઝાડો, તો વળી એકાદ જગાએ શેરડીનું વાવેતર. હવે તો અમે દરીઆની સપાટીથી ૬૦૦૦ ફીટ જેટલા ઉંચા ચડી ગયા હતા. ટાઢ પણ ધીમે ધીમે વધતી જતી હતી. રાત પડી અને ઠંડો પવન વધારે વાવા લાગ્યો. અમે આશરે ૮૦૦૦ ફીટ જેટલા ચડી ગયા અને કિજાબી સ્ટેશન આવ્યું. પવન તો કહે મારૂં કામ. ગૌરીશંકરને મેં કહ્યું, 'પાણી લઇ આવો.' ગૌરીશંકરે બારણું તો ઉઘાડ્યું. પણ કોના ભાર તે બારણે પગ દેવાય! તેમણે પાટલુન ચડાવ્યું હતું; અંદર બાંડીયું, ગરમ બંડી, ઝબ્બો તથા ખાદીનો કોટ પહેર્યો હતો; માથે બોકાનું બાંધ્યું હતું; છતાં ડબામાંથી ઉતરવું ભારે થઇ પડ્યું!

ગાડી કિજાબીથી ઉપડી તો ઉપડી, પણ સુવું શી રીતે? ડબાનાં બારણાં તો બંધ હતાં, પણ બારણાનાં કાણાંમાંથી આવતો પવન પણ ઓછો ન હતો. ટાઢ તો આવી કયાંય દીઠી જ નથી—આખા જીવતરમાં. હું અને ગૌરીશંકર છટ્ઠી સવારીએ સુઇ રહ્યા. બધાં કપડાં એમના એમ પહેરીને પછેડી, ધાબળો ગોદડું અને સ્વામી આનંદનો ભુટીઓ કામળો ઓઢ્યો. વચ્ચે વચ્ચે તો શેતરંજીને પણ ઉપાડી લઇ ઓઢી લેવાનું મન થાય એવું હતું. પાણી તો હોદથી પા ઈંચ



વિક્ટોરીઆ ન્યાંઝા



વિક્ટોરીઆ ન્યાંઝા


છેટું જ રહેતું હતું.!

આ સ્થિતિ આખી રાત ચાલી. જોકે ઉંઘ તો સારી આવી હતી. સવારે ટ્રેન ઉતરવા લાગી. વધારેમાં વધારે ચડાણ લગભગ ૯૦૦૦ ફીટનું છે, અને ત્યાર પછી ટ્રેન પાછી નીચી સપાટીએ આવે છે. સવારે નવ વાગે અમે બધા પથારી છોડી બહાર આવ્યા. સહેજસાજ ગરમી પણ લાગવા માંડી. અહીંથી ઠેઠ કિસુમુ સુધી ગાડી નીચે ઉતરે છે.

કિસુમુ તે યુગાન્ડા રેલ્વેનું વિક્ટોરીઆ સરોવર પરનું છેલ્લું સ્ટેશન (ટરમીનસ). મેં તો વિક્ટોરીઆ સરોવરની અનેક કલ્પનાઓ બાંધી રાખી હતી, એટલે હું તો સરોવરની રાહ જોઇને જ બેઠો હતો, એવામાં કિસુમુ પાસે ગાડીની સીટી વાગી. પરંતુ સરોવર જોતાં પહેલાં તો ગાડીમાંથી ઉતરી સ્ટીમરમાં બેસવાની ઉતાવળ કરવી પડે તેમ હતું કારણકે અમારી ગાડી મોડી હતી.

હું અને ગૌરીશંકર એક પગાજી (મજુર) કરીને સ્ટીમરમાં પહોંચ્યા. ગાડી સ્ટીમરની બહુ જ નજીક ઉભી રહે છે એટલે બહુ તકલીફ પડે તેવું નથી. પરંતુ એક તો આ કાળા લોકની ભાષા આવડે નહિ અને તેમાં પણ બધા દેખાય સરખા, એટલે નંબર વિનાના હોવાથી ઓળખાય નહિ. આ પરિસ્થિતિમાં ગૌરીશંકરનો વીંટો ગુમ થયો, પણ માંડ માંડ હાથ લાગ્યો. અમે મોમ્બાસાથી જ સ્ટીમરમાં બે જગા રીઝર્વ કરવાનો તાર કર્યો હતો, પરંતુ સ્ટીમરના ગોઅન મુખ્ય અધિકારીએ ગરબડ કરીને અમારી જગ્યા અમને આપવાને બદલે બે ગોઆનીઝ લોકોને આપી દીધેલી. અમે તો કૅબિનમાં અમારાં નામ શોધીએ પણ નામ મળે નહિ. સામાન તો એક કૅબિનની પાસે જેમતેમ ખડક્યો. સ્ટીમર ઉપડવાની તૈયારીમાં કૅપ્ટન પણ નવરો ન હતો. એટલે અમે પણ જ્યાંત્યાં જગા લીધી. સવારનું કાંઇ ખાધું ન હતું એટલે નાહીને ખાવાનું શરૂ કર્યું. સ્ટીમર ઉપડી.

વિક્ટોરીઆ ન્યાંઝા (ન્યાંઝા એટલે સરોવર તેમ જ દરીઓ) ઘેરાવમાં તે આખા આફ્રીકામાં મોટામાં મોટું સરોવર છે. જો કે ઉંડાણમાં ટાંગાન્યીકા સરોવર વધારે ગણાય. આ સરોવરને કાંઠે કાંઠે કિસુમુ, એન્ટેબી, કમ્પાલા, જીન્જા, બુકોબા વગેરે બંદરો સ્થાપવામાં આવ્યાં છે. આ સરોવરનો અરધો ભાગ બ્રિટિશ ઇસ્ટ આફ્રીકામાં આવેલો છે અને બાકીનો અરધા જેટલો પહેલાંના જર્મન ઇસ્ટ આફ્રીકામાં આવેલો છે.



વિક્ટોરીઆ ન્યાંઝા પર સૂર્યોદય

આખા સરોવરને ફરતી મજબુત પાળ તરીકે નાની મોટી સુંદર ટેકરીઓ પથરાઈ ગઇ છે. આ ટેકરીઓ બારે માસ લીલીછમ જ રહે છે. આ

ભાગમાં જેટલો વરસાદ થાય છે તેટલો એક યા બીજી રીતે આ સરોવરમાં જ વહી આવે છે. આ વિક્ટોરીઆ સરોવરમાંથી આફ્રીકાની ગંગા—નાઇલ નદી નીકળે છે. ઉપરાંત સરોવરની વચ્ચે વચ્ચે નાના નાના સુંદર ટાપુઓ બની ગયા છે અને સ્ટીમર જ્યારે ટાપુઓની વચ્ચે થતી માર્ગ કાપે છે ત્યારે વિક્ટોરીઆ સરોવરને બદલે આપણે જાણે કોઇ નાના સરોવરમાં કાંઠે ઉગેલાં વૃક્ષોની શીળી છાંયામાં પસાર થતા હોઇએ એવો ભ્રમ થઇ જાય છે. ઘણા ભાઇઓએ રંગુનનું રૉયલ લેઇક જોયું હશે. એ લેકમાં સ્થળે સ્થળે સુંદર વાંકો કાઢેલા છે અને આવા વાંકમાં એકાદ હોડકામાં લોકો લાંબા પગ કરીને પડ્યા હોય તે જેવું સુંદર લાગે છે તેથી પણ વધુ સુંદર આ ટાપુઓની વચ્ચે થઇને સ્ટીમર જાય છે ત્યારે લાગે છે.


વિક્ટોરીઆ ન્યાંઝાનો ખલાસી

વળી આ સરોવરની સ્ટીમર રાત્રે ચાલતી નથી. વિક્ટોરીઆ સરોવરમાં, કહે છે કે, કેટલાક ફરતા બેટા છે. અમુક રીતે લાકડાં અને માટીના સંમિશ્રણથી જામી ગએલા, અને ઉપર તો ખાસી લીલોતરી ! પણ આ બેટા આજે અહીં હોય તો કાલે ત્યાં હોય ! આવા બેટા સાથે અથડાવાના ભયથી જ રાત્રે સ્ટીમર ચાલતી નથી.


અમારી સ્ટીમરનું નામ 'ક્લેમેન્ટ હિલ' હતું. યુગાન્ડા મેલની આ સ્ટીમર ગણાય છે. ક્લેમેન્ટ હિલનું ટનેજ ફક્ત ૮૦૦ છે. તેમાં સેકન્ડ ક્લાસ માટે પાંચ જ કૅબિનો છે. સેકન્ડ ક્લાસની કૅબિનમાં આ સ્ટીમરમાં બેસવું તે તો ખરેખર મોટી તપશ્ચર્યા કરવા બરાબર છે. એક તો આ પ્રદેશની ગરમી. કૅબિનની એક જ બાજુ બારણું. બધી કૅબિનો આ લોકના રસોડાની અત્યંત નજીક એટલે આપણાથી તેમની ગંધ તો સહી ન જાય. આપણી કૅબિન સામે જ સંડાસ કે નાસણુ માંજવાનો નળ યા તો મારેલ ઘેટાંનું માંસ લટકે. અમને પહેલાં તો કૅબિન મળી ન હતી, પણ પાછળથી હું કૅપ્ટનને મળ્યો અને તકરાર કરી ત્યારે મને તેમજ ગૌરીશંકરને પેલા ગોઆ લોકોની કૅબિન ખાલી કરી આપી હતી. અમારી કૅબિનની સામે જ માંસ ટાંગવામાં આવતું—બરાબર સાડા છ ફુટને છેડે; તેમજ બરફમાં મચ્છીને સાચવી રાખવાની પેટી પણ અમારી કૅબિન પાસે જ પડી રહેતી ! રસોડાથી અમારી કૅબિન ચારેક ફુટ દૂર હશે. આ કૅબિનમાં ફક્ત સામાન રાખી શકાય. સુવા માટે તો ઉપર ડેકમાં જ જવું પડે.

કિસુમુના ઉપડ્યા સોમવારે સવારે અમે એન્ટેબી પહોંચ્યા. એન્ટેબી આ ભાગનું રાજધાનીનું શહેર છે. સ્ટીમર અહીં બે કલાક થોભે છે. જે મુસાફરો કમ્પાલા જવાનાં હોય તેઓ પણ કોઇવાર અહીં ઉતરી જાય છે અને અહીંથી મોટરમાં કમ્પાલા જાય છે.

સોમવારે બપોરના ત્રણ વાગ્યે અમે કમ્પાલા પહોંચ્યા. આ બંદરનું નામ તો પૉર્ટબેલ છે. પૉર્ટબેલથી કમ્પાલા પાંચેક માઇલ દૂર છે. લોકો અહીં ઉતરી વળી રેલમાં બેસે છે અને કમ્પાલા પહોંચે છે. અમે પહોંચ્યા ત્યારે ટ્રેન તૈયાર હતી. ઉતારૂઓ સ્ટીમરમાંથી ઉતરી ટ્રેનમાં જવા લાગ્યા. અમારી સ્ટીમર આખો દિવસ અહીં પડી રહી, રાત્રે પણ પડી રહી અને મંગળવારે સવારે દસ વાગ્યે ઉપડી.

સાંજે છ વાગ્યે અમે જીન્જા પહોંચ્યા. આજે માર્ચની અઢારમી તારીખ હતી. ભાવનગરથી નીકળ્યે બરાબર એક મહીનો અને એક દિવસ થયો હતો, એટલે જીન્જા ક્યારે આવે એમ જ મનમાં તો હતું; ત્યાં જીન્જાનું બંદર દેખાયું અને ઘડી વારમાં સ્ટીમરે કાંઠે પહોંચી લંગર નાખ્યું. અમે મોટરમાં ઘેર પહોંચ્યા અને જમીને સુઇ ગયા.

નાનાભાઇ



અમૃતસરનું સુવર્ણમંદિર

અમૃતસરનું સુવર્ણમંદિર એ શીખ ધર્મનું મોટું ધામ છે. શીખો પોતે આ જગાને 'હરિમંદિર' અથવા 'દરબારસાહેબ'ના નામે ઓળખે છે. તેઓ પોતાના ધર્મપુસ્તકને 'ગ્રંથસાહેબ' કહે છે. આમ 'સાહેબ' શબ્દનો આટલો ધાર્મિક અને ઉંચો અર્થ શીખોએ કર્યો છે. 'સાહેબ'નો અર્થ તેઓ 'પરમાત્મા' કરે છે. 'સત્ નામ સાહેબનું' એ એમનું મહાવાક્ય છે.

અમૃતસર પંજાબ પ્રાંતની રાજધાની લાહોરની દક્ષિણે ચાળીસ માઈલ પર આવેલું છે. તેની આજુબાજુ જેલમ અને ગગર નદીઓ આવેલી છે. આ બે નદીઓની વચ્ચેના પ્રદેશમાં શીખ ધર્મનો ફેલાવો અને શીખ લોકનાં ખુબ પરાક્રમો થએલાં છે. શીખ ગુરુઓએ આ બે નદીઓના અંતરાળમાં રહીને જ પોતાના ભજન ગાયાં છે; એ સ્થળે જ તેઓએ મોગલ સામ્રાજ્યની જોહાકી સામે ઝુંબેશ ઉઠાવી જીવસટોસટના સંગ્રામો ખેડ્યા છે; આજે પણ એ પ્રદેશમાંથી જ અકાલી દળના બહાદુર લડવૈયાઓ ધર્મને માટે પ્રાણ આપવા તૈયાર થાય છે.

કહેવાય છે કે સતયુગમાં જ્યારે ઋષિઓ પંજાબની પાંચ નદીઓના કાંઠા ઉપર બેસી ઋગવેદનાં સ્તોત્રો બોલતા તે વેળા, અત્યારે જ્યાં આ સુવર્ણમંદિર છે તે જગ્યાએ, એક નાનકડું પવિત્ર સરોવર હતું. એ સ્થળનો ત્યાર પછીનો ઇતિહાસ જણાયો નથી. પણ ચોથા ગુરુ રામદાસના સમયમાં એ સ્થળ એકાએક પ્રકાશમાં આવ્યું.

§

બન્યું એવું કે એ સમયે મૌધ પ્રદેશના રાજાને ત્રણ કુંવરી હતી. એમાં સૌથી નાની બીજીઓ કરતાં ચતુર અને સાચાબોલી હતી. એકવાર રાજાએ ત્રણે કુંવરીઓને બોલાવીને પુછ્યું કે તમારે મન પ્રભુ મોટો કે હું ? મોટી બેએ કહ્યું કે તમે. નાનીથી કહ્યા વિના ન રહેવાયું કે પ્રભુ ચડે. ગુમાની રાજાને આથી ગુસ્સો ચડ્યો અને તેણે એ નાની કુંવરીને, હાથેપગે ઠુંઠા એવા એક કંગાલ રક્તપીતીઆ સાથે પરણાવી દીધી.

પ્રભુ પર અડગ શ્રદ્ધા ધરાવનાર એ શીલવતી કુંવરીએ તો પોતાના પ્રારબ્ધે પામેલા પતિને સ્વીકારી તેની સેવા કરવા માંડી. એક ટોપલીમાં સુંવાળી ગાદી નાખી તેમાં એ પોતાના પતિને સુવાડી માથે ઉચકીને ફેરવતી અને ભીખ માગી ગુજરાન ચલાવતી. અત્યારે જ્યાં સુવર્ણમંદિર છે તે સ્થળે એ એકવાર

ફરતી ફરતી આવી ચડી, અને ત્યાં એક ઝાડને છાંયે પેલી ટોપલી મુકી પાસેના ગામમાં ભીખ માગવા ગઈ. ઝાડ પાસે જ એક મોટું ખાબોચીઉં હતું. એક લુલો કાગડો ઠેકતો ઠેકતો એમાં પડ્યો અને સાવ સાજો થઈને બહાર આવી ઉડી ગયો! ઝાડ નીચે ટોપલીમાં પડેલા પેલા રક્તપીતીઆએ આ બનાવ જોયો, અને એને પણ આ અજમાયશ કરી જોવાનો વિચાર થયો. મહામુસીબતે ટોપલીમાંથી બહાર નીકળી એ ખાબોચીએ પહોંચ્યો. અંદર ડુબકી મારીને જ્યાં બહાર આવ્યો ત્યાં તો એની કાયા કંચન જેવી થઈ ગઈ અને એ દેખાવડો જુવાન બની ગયો! માત્ર જે હાથ વડે ખાબોચીઆના કાંઠા પરના ઝાડવાં પકડી રાખી તે અંદર પડ્યો હતો, તે બહાર રહેવાથી એટલો હાથ પીળો રહી ગયો.

કુંવરીએ આવીને આ જોયું કે એને ફાળ પડી! એના તો માનવામાં જ આ વાત ન આવી. એણે ગુરુ રામદાસ પાસે જઈ બધી હકીકત નિવેદન કરી, અને ગુરુએ આવી એને ખુબ સમજાવી ખાતરીપૂર્વક કહ્યું કે એ દૈવી ચમત્કાર જ હતો, ત્યારે એણે માંડ વાત માની.

પછી તો ગુરુએ એ ખાબોચીઆને સ્થળે મોટું તળાવ ખોદાવ્યું અને પાસે જ એક મોટું ધર્મમંદિર ચણવા માંડ્યું. અમૃતસરના સુવર્ણમંદિરની સ્થાપના આમ થઈ.

એ મંદિરનો પાયો નાખવા માટે ગુરુએ એ વેળાના મોગલ શહેનશાહોના ગુરુ મીયાં મીરને નોતર્યા. એમણે આવી ધ્યાનસ્થ દશા પ્રાપ્ત કરી,' અને એ દશામા એક પથ્થર ઉપાડીને ત્યાં ગોઠવ્યો. એમની પાસે જ મુખ્ય કડીઓ ઉભો હતો; એને લાગ્યું કે પથ્થર સહેજ વાંકો ગોઠવાયો છે, એટલે પોતે જરા ફેરવ્યો. મીયાં મીર સમાધિમાંથી જાગી ઉઠ્યા અને કડીઆ સામું જોઈ બોલ્યા, 'આ પથ્થર ખસેડીને તેં આ મંદિરને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. આ મંદિર બે વાર બંધાશે.'

અને સાચ્ચે જ, ગુરુની આ ભવિષ્યવાણી ખરી પડી! અહમદશાહ દુરાનીએ હીંદ ઉપર સવારી કરી તે વેળા તેણે એ મંદિરને જમીનદોસ્ત કરી ગાયના લોહીથી અપવિત્ર કર્યું અને ૧૧૦૦ સ્ત્રીઓને ઉપાડી ચાલતો થયો. શીખોએ જશસિંહની મદદથી સ્ત્રીઓને મહામહેનતે છોડાવી, પણ એ મંદિરનો ઉદ્ધાર તો, પાછળથી શીખ રાજા રણજીતસિંહ ગાદીએ આવ્યો તેણે જ કરાવ્યો. એણે મંદિરનો નીચલો અરધો ભાગ આરસ અને બીજા બેમુલ પથ્થરોથી ચણાવ્યો અને ઉપલા ઘુમટના ભાગને સોનાના પાતળા પતરાથી મઢાવ્યો. ત્યાર પછી જ એ 'સુવર્ણમંદિર' તરીકે ઓળખાવા લાગ્યું.

§

શીખ પ્રજા વીશે એક વાત ખાસ જાણવા જેવી છે. કોઈપણ શીખ જન્મથી શીખ નથી ગણાતો. બાળક જન્મ્યા પછી તેને એકાદ મુખ્ય મંદિરમાં લઈ જવામાં આવે છે. ત્યાં થોડાક પાણીમા સાકર નાખી, એ વાસણને વીંટળાઈને પાંચ માણસ પ્રાર્થના કરતા બેસે છે. પ્રાર્થના દરમીઆન કીરપાણથી પાણીને હલાવ્યા કરે છે. પછી એ પાણીને બાળકના મોં અને વાળ પર છાંટે છે અને બાકીનું એને પીવડાવી દે છે. આ દીક્ષા લીધા પછી જ બાળક શીખ થયો ગણાય છે.



જુના સમયનો અકાલી શીખ

શીખ લોકોમાં પણ અંદર અંદર જુદા જુદા વિભાગો છે. દસમા ગુરુ ગોવિંદસિંહને માનનારા શીખો સિંહ તરીકે ઓળખાય છે. પહેલા ગુરુ નાનક અને એમની પછીના આઠ ગુરુઓમાં માનનારાઓ

માત્ર શીખ કહેવાય છે. વળી તેઓની સંજ્ઞા પાંચ 'ક'માં રહેલી છે. એકેએક ધર્મચુસ્ત શીખ પાસે આ પાંચ વસ્તુ તો હોવી જ જોઇએ: કેશ—લાંબા વાળ, કરપાણ—જમૈયા જેવી નાની તલવાર, કંગી—દાંતીઓ, કચ્છ, અને કાંડા ઉપર લોઢાનું કડું. આ બધાં ચિહ્નો બતાવે છે કે શીખોને લડાયક પ્રજા તરીકે તૈયાર કરવાનો જ એમના ધર્મગુરુઓનો ઉદ્દેશ હતો. કડું પહેરે છે તે સંયમની નીશાની છે; કચ્છ સહેલથી સમજાય છે; કરપાણ એ ધર્મની રક્ષા કરવાની શક્તિની નીશાની અને શત્રુને ત્રાસ પમાડનારી વસ્તુ રૂપે મનાય છે. કેશનું તો એ લોકો બહુ જતન કરે છે, તેથી કંગી (કાંસકી) ની તો જરૂર રહી જ છે. વાળ ઉતારવાની કે બીડી પીવાની એમને ધર્મની સખ્ત બંધી હોય છે. એ સૈ માંસાહારી છે, પણ ગાયનું માસ ખાવાની એમના ધર્મની મનાઈ છે.

શીખોની સંખ્યા ત્રીસ લાખની ગણાય છે. લડાયક શક્તિ તો એમની જન્મસિદ્ધ છે, અને વળી સદ્‌ભાગ્યે તેઓમાં શરાબ, ભાંગ કે તમાકુ જેવી કેફી વસ્તુઓની ધર્મથી બંધી છે એટલે તેમની એ શક્તિ, એ જોર ટકી રહ્યાં છે. તેઓનાં શરીર પાતળાં પણ દૃઢ, ગંઠાએલાં અને ઉંચાં હોય છે. તેમનું અંગેઅંગ કસાએલું ને સ્ફૂર્તિથી ભરેલું હોય છે. તેઓ અવિશ્રાંત પરિશ્રમ ખેડી શકે છે.

શરૂઆતમાં ગુરુ નાનકના પરિશ્રમથી હીંદુ અને મુસલીમ એક બનીને બનેલી આ કોમ પાછળથી તો લગભગ હીંદુ જેવા રૂપમાં જ ફેરવાઈ ગઈ છે. તેઓનાં ધર્મમંદિર ગુરુદ્વારાને નામે ઓળખાય છે. શીખો વર્ણાશ્રમ ધર્મ માનતા નથી; તેઓમાં ઉંચનીચ ભાવ નથી; અસ્પૃશ્યતા પણ નથી. મૂર્તિપૂજાને તેઓ પાપ માને છે. રામ, કૃષ્ણ વગેરેને માન આપે છે, પણ હીંદુ ધર્મમાં જે સ્થાન રામ કૃષ્ણને છે તે રીતે તેઓ નથી ભજતા. તેમનો ધર્મગ્રંથ 'ગ્રંથસાહેબ' છે. તેમાં એમના ગુરુઓની વાણીઓનો સંગ્રહ છે. એ સીવાય બીજાં શાસ્ત્રોને તેઓ ધર્મશાસ્ત્રો તરીકે નથી માનતા.

§

અમૃતસરનું સુવર્ણમંદિર તળાવની વચ્ચોવચ બાંધેલું છે. સૂર્યના તેજમાં ઝળહળતો સોને મઢેલો તેનો ઉપરનો ભાગ, અને તળાવના પાણીમાં પડતાં પ્રતિબિમ્બ દૂરથી જોતાં આ મંદિર ઉંચા કરતાં બેઠા ઘાટનું અને પહોળું પથરાએલું વધારે લાગે છે. તેનો ઘુમ્મટ તાજમહાલના મોગલ કારીગરીના ઘુમ્મટ જેવો લાવણ્યભર્યો નથી; છતાં જેમજેમ સ્થિર નજરે તેના તરફ જોઇએ તેમતેમ તેનો દરેકેદરેક ભાગ આપણને સુંદર પ્રમાણબદ્ધ લાગતો જાય છે.

તળાવનો કાંઠો આરસની ફરસબંધીથી જડેલો છે, અને તેના ઉપર અનેક જાતના ચિત્રવિચિત્ર માનવીઓ—ભીખારીઓ, શીખ ભજનિકો અને શ્રદ્ધાળુ યાત્રાળુઓનાં ટોળાં બેઠેલાં જોવામાં આવે છે. તળાવની પાળ પરથી મંદિરમાં જવા માટે કોતરકામવાળા એક મોટા દરવાજામાંથી પસાર થઇએ, એટલે મંદિર તરફ જવાનો એક પહોળો આરસજડિત રસ્તો આવે છે, જેના ઉપર થઇને તળાવ ચીરી મંદિરમાં જવાય છે. મંદિરના મુખ આગળ આવેલા મોટા આરસના ચોગાનમા, તથા ભીંતો પર ઠેરઠેર રંગબેરંગી પથ્થરનાં પશુપક્ષી, ફુલવેલ વગેરે વિવિધ સુશોભનો કોતરેલાં છે. પ્રભુ સર્વ દિશાએથી પૂજાય એ આશયથી મંદિરની ચારેકોરનીં દિવાલોનાં બધાં દ્વાર સદા ખુલ્લાં રાખવામાં આવે છે. પ્રાર્થના સવારના ત્રણથી રાતના અગીઆર સુધી ચાલુ હોય છે. પ્રાર્થના ચાલતી હોય ત્યારે પણ ગમે તે ધર્મના માણસને દાખલ થવા દેવામાં આવે છે. નવા આવનારને કશું પણ બંધન હોય તો એ માત્ર એટલું જ કે એને જોડા બહાર ઉતારવા પડે છે. પછી તે મોટો રાજામહારાજા હોય, કે ગવર્નર યા વાઇસરૉય હોય. ત્યાં એમનું ચોકખું ધર્મવાક્ય લખવામાં આવ્યું છે કે 'તારા પગમાંથી જોડા ઉતારી નાખ, કારણ જે જમીન પર તું ચાલવા માગે છે એ પવિત્ર છે.'


અને એમની પ્રાર્થના કરવાની રીત પણ રસિક હોય છે. ગ્રંથી મોટેથી ગ્રંથસાહેબ વાંચે, એક જણ મોટા ચમર વડે ગ્રંથસાહેબને ચમર ઢાળે અને બાકીના શાંતિથી સાંભળે. નવા આવનારાઓ આ

સ્થાને પણ ખુશીથી આવી શકે. પણ આવનાર માણસ ગમે તેટલો મોટો હોય તોપણ ગ્રંથી એના માન અર્થે ઉભો ન જ થાય. ગ્રંથસાહેબને એક ઉંચી વ્યાસપીઠ પર રેશમની મોટી મુલાયમ ગાદી પર રાખવામાં આવે છે. ભક્તજન આવીને ગ્રંથસાહેબ પર ફુલ અને દક્ષિણા ચડાવે. આપણાં મંદિરોમાં દક્ષિણાના બદલામાં ચરણામૃત મળે છે; શીખ મંદિરમાં પુજાને વખતે જાઓ તો 'કણાસાહેબ' પણ મળે. 'કણાસાહેબ' એટલે પ્રસાદનો શીરો.

આ મંદિરના દરેક બારણે એકેક જબ્બર દરવાન ઉભો રાખવામાં આવે છે. એના હાથમાં લોખંડના શસ્ત્ર હોય છે; કારણ શીખ ધર્મમાં લોખંડ એ ખાસ પવિત્ર મનાય છે. આમ દરવાન રાખવાનો હેતુ શાંતિ જાળવવાનો છે.

આ દરવાનો નિહંગ એટલે કે મગરમચ્છ કહેવાય છે. એમ કહેવાય છે કે ગુરુ ગોવિંદસિંહ પાસે એક દરવાન ગયો ત્યારે એની પાઘડી પર કેટલાંયે હથીઆરનાં ચિત્રો દોરેલાં હતાં. આને જોતાં જ ગુરુ આનંદમાં આવી ગયા અને એને 'નિહંગ' — મગરમચ્છની ઉપમા આપી. ત્યારથી દરેક દરવાન નિહંગ તરીકે ઓળખાય છે.

મંદિરના પાછળના ભાગમાં મંડપ છે. તળાવનો આ ભાગ ખાસ પવિત્ર ગણાય છે અને ત્યાં ન્હાવામાં બહુ પુણ્ય મનાય છે. એમ માનવામાં આવે છે કે આ તળાવ ખોદાતું ત્યારે વિષ્ણુ રૂપમાં પ્રભુ પોતે ત્યાં પધારેલા અને એમણે એક મજુર તરીકે તળાવ ખોદવામાં ભાગ લીધેલો. મંદિરનો ઉપલો માળ થોડાં વર્ષ પહેલાં પડી ગએલો તે હજુ હમણાં જ ફરી બાંધ્યો છે, અને અરીસા, ચીનીખાનું તથા એવા બીજા આજકાલના શોખ પુરા પાડે એવી કલાહીન ચીજો અંદર ખડકવામાં આવી છે.



ચાર વીર પુત્રો

શીખોના છેલ્લા ગુરુ ગોવિંદસિંહે ઔરંગઝેબ સામે માથું ઉપાડ્યું તેથી ક્રોધે ભરાઈને ઔરંગઝેબે પોતાનું બાદશાહી લશ્કર તેની સામે મોકલ્યું. ગોવિંદસિંહ આનંદપુરના કિલ્લામાં રહેતા હતા. બાદશાહી લશ્કરે કિલ્લાને ઘેરી લીધો. ઘણા દિવસ સુધી ગોવિંદસિંહે શૌર્યથી કિલ્લાનું રક્ષણ કર્યું. પણ છેવટે દાણોપાણી ખુટી ગયાં ને શીખોને ઉપવાસ પડવા લાગ્યા. આથી નાસીપાસ થઈ કેટલાક શીખો ગોવિંદસિંહનો પક્ષ તજી ચાલ્યા ગયા; માત્ર ૫૦ ચુનંદા વફાદાર યોદ્ધાઓ જ એની સાથે રહ્યા. આથી છેવટે કેસરીઆં કરી દુશ્મનના લશ્કરની વચ્ચે થઈને સોંસરા નીકળી જવાનો ગોવિંદસિંહે ઠરાવ કર્યો.

ગોવિંદસિંહે ફાચરના આકારની એક ત્રિકોણ સૂચિની વ્યૂહરચના કરી. મોખરા ઉપર પોતે રહ્યા, વચ્ચે પોતાની માતા અને બાળકો વગેરેને રાખ્યાં અને આજુબાજુ બહાદુર શીખો ગોઠવાઈ ગયા. રાત પડ્યે દરવાજા ઉઘાડી, મોગલ લશ્કરની વચ્ચે થઈને ઝપાટાબંધ એ લોકો અંધારામાં નીકળવા લાગ્યા. મોગલોએ તેમને જોયા, અને એકદમ ઘેરી લેવા માંડ્યા. હાથોહાથનું યુદ્ધ જામ્યું. ગોવિંદસિંહ તથા તેના સૈનિકોએ કેટલાએક મોગલોનો કચ્ચરઘાણ વાળ્યો, પણ છેવટે તેમના વ્યૂહમાં ભંગાણ પડ્યું. ગોવિંદસિંહ અને તેના બે પુત્રો એક બાજુ રહી ગયા. ગુરુની માતા તથા બીજા બે પુત્રોને કેટલાક શીખ યુવાનો ચાલાકીથી બચાવી લઈ ડોળીમાં બેસાડી દૂર ઉચકી ગયા, અને તેમને તેમના જુના રસોઈઆ બ્રાહ્મણને સોંપી ગુરુની શોધ માટે પાછા ફર્યા.

ગોવિંદસિંહ અને તેના સાથીઓ શત્રુના મસ્તક ઉપરથી ઘોડાને કુદાવીને ચમકૌડના કિલ્લામાં ભરાઈ ગયા. મોગલોને ખબર પડતાં જ એમણે ચમકૌડના કિલ્લાને ઘેરો ઘાલ્યો. બાદશાહી લશ્કરની

સામે કિલ્લો ટકી શકે તેમ નહોતું એટલે ગોવિંદસિંહે એવો ઉપાય શોધ્યો કે શીખોમાંના સારા સારા યોદ્ધાઓએ બહાર જવું અને તાકીતાકીને મોગલ સેનાપતિઓનો સંહાર કરવો. મરવાનું તો છે જ, તો પછી અંદર રહ્યાંરહ્યાં મરવા કરતાં મેદાને પડવું જ બહેતર. આ વિચાર ચાલતો હતો એટલામાં ગુરુસાહેબના મોટા ૧૮ વર્ષના પુત્ર અજીતસિંહે મૃત્યુ મેળવવા પરવાનગી માગી. ગુરુએ અતિશય આનંદથી એ પરવાનગી આપી અને તેને વીર ગતિ પ્રાપ્ત કરવાનો આશિર્વાદ આપ્યો.

અજીતસિંહે બહાર નીકળતાંવેંત જ કેસરીની પેઠે શત્રુઓ ઉપર ઝપટ લગાવી. વીજળી જેવી તેની તલવાર રણભૂમિમાં સંહાર કરતી નાચવા લાગી. મસ્તક પરથી સણસણાટ કરતી દુશ્મનની તલવારો ચાલી રહી હતી; પણ એ તરફ કશું ધ્યાન નહિ આપતાં આ છોકરો તો વિદ્યુતવેગે ઘા કરતો આગળ ને આગળ ધસ્યે જતો હતો. એક મોગલ સરદારની ખોપરી પર એની તલવારનો ઝપાટો પડ્યો અને એ એક ઘાએ જ એના પ્રાણ નીકળી ગયા. જાણે જીવતી બની રહેલી અજીતની એ તલવાર તરત જ બીજા પર અને પછી ત્રીજા પર જઈ પડી. ચોથા પર પડતી હતી તેવામાં પાંચસાત ગોળીઓ આવી. એ વીર કુમાર વીંધાયો. 'વાહ ગુરુ' શબ્દો બોલતો બોલતો અજીતસિંહનો પ્રાણ તેના દેહને છોડીને ચાલ્યો ગયો.

આ બનાવ પછી ગોવિંદસિંહના બીજા ૧૪ વર્ષના પુત્ર જુઝારસિંહે કહ્યું, 'પિતાજી! શું મોટાભાઇની પેઠે હું પણ મારૂં જીવતર ધન્ય ન કરી શકું?'

ગોવિંદસિંહે કહ્યું, 'કેમ નહિ બેટા? અવશ્ય કરી શકે.'

'ત્યારે મને પણ રણે પડવાની આજ્ઞા આપો.'

'ભલે બેટા; એના કરતાં વધારે રૂડું બીજું શું? જા અને ક્ષત્રાણીનું દુધ દીપાવ.

'પિતાજી તરસ ઘણી લાગી છે. થોડું પાણી હોય તો આપો.'

'બેટા, પાણી તારા ભાઇ પાસે છે; તેની પાસે જઇને પીજે.'

એ સાંભળીને જુઝારસિંહ તરત જ બંને હાથમાં બે તલવારો ઘુમાવતો બહાર નીકળી પડ્યો. પહેલાં તો એને કોઇ નાદાન ગાંડો છોકરો જાણી મોગલોએ એની ઉપેક્ષા કરી; પણ જ્યારે પાસે આવી તેણે બેચારને ધુળ ચાટતા કર્યા ત્યારે ચોંકીને બધા હોશીઆર થઇ ગયા, અને તેના પર તુટી પડ્યા. જુઝારસિંહ તપીતપીને તલવાર ચલાવી રહ્યો હતો, અને આગળ ને આગળ ધસ્યે જતો હતો. શત્રુની એક તલવાર પડી અને તેનો એક હાથ કપાઈ ગયો; પણ બીજા હાથની તલવાર હજુ ચાલુ જ હતી. બીજો ઘા તેની જાંઘ પર પડ્યો અને ત્રીજો ખોપરી પર. બાળક તમ્મર ખાઇ નીચે પડ્યો અને થોડી જ ક્ષણમાં ભાઈને માર્ગે સીધાવ્યો.

* *

બીજી બાજુ ગોવિંદસિંહની વૃદ્ધ માતા નવ અને સાત વર્ષના બે પુત્રોને લઇ પોતાના રસોઇઆના આશ્રયે છુપી રહી હતી. પણ નાણાંની લાલચથી રસોઇઆએ વિશ્વાસઘાત કરી તેમને મોગલોને સોંપી દીધાં. તેમને કેદ કરી સરહીંદના સુબા પાસે લઇ જવામાં આવ્યાં. સુબા અને તેના સલાહકારોએ ઠરાવ્યું કે એ લોકોને કાં તો મુસલમાન કરવા, નહિ તો મારી નાખવા. આમ ઠરાવી સુબાએ પ્રથમ એ બંને બાળકોને દરબારમાં બોલાવી મંગાવ્યા.

દાદીએ તો, હવે શું થશે તેની બરાબર અટકળ કરી લીધી હતી. એણે બાળકોનાં માથાં પર હાથ મુકી કહ્યું, 'બેટા કોઇ પણ રીતે ગભરાશો નહિ. ધર્મ પર અચળ રહેજો. અકાલ પુરુષ (ઇશ્વર) તમારો રક્ષક છે.'

સત શ્રી અકાલ પુરુષ, ગ્રન્થ સાહેબ અને ખાલસાનો પંથ, એ ત્રણ સિવાય કોઇ ચોથાને ન નમવાની આ બાળકોને કેળવણી મળી હતી. ટટાર માથું રાખી એ જુગલ ભાઇઓ દરબારમાં ખડા થયા.

સુબાએ બંને ભાઇઓને ઇસ્લામ ધર્મ કબુલ કરાવવા ઘણો પ્રયત્ન કર્યો. એમને પૈસા, જમીન, સરદારી, હાથીઘોડા, ઝવેરાત, સુંદર કપડાં વગેરેની ઘણીઘણી લાલચો આપી, પણ છોકરાઓ ડગ્યા નહિ; એટલે છેવટે તેમને કમોતે મારવાની ધમકી

આપી. પણ આ તો વીર ગોવિંદસિંહના પુત્રો! એ તો નિશ્ચલ જ હતા. છેવટે સુબાએ મોટા છોકરા જોરાવરસિંહને કહ્યું, 'મુર્ખ છોકરા! આ નાની સરખી જીદને ખાતર જીવ કાં ખુએ છે?'

જોરાવરે જવાબ દીધો, 'હું ભલે મુર્ખ રહ્યો; પણ તું જો સમજદાર છે તો તારી જીદ કેમ નથી છોડતો? અને શા માટે મને જબરદસ્તીથી મુસલમાન બનાવવા ચાહે છે?'

'અરે નાદાન! એ તો મારા ધર્મનું ફરમાન છે, એમ મેં તને કેટલી વાર કહ્યું?'

'ત્યારે મેં પણ તને કેટલી વાર કહ્યું કે મારા ધર્મનું યે ફરમાન છે કે પોતાના ધર્મને છોડવો નહિ; છતાં તું શું કામ ફરીફરીને પુછે છે?'

બંને ભાઇઓની દઢતા જોઇ ઘણા વિચારને અંતે સુબાએ ઠરાવ્યું કે તેમની એકદમ કતલ ન કરાવતાં આખરની ઘડી સુધી તેમને રીબાવતા જઇને તેમનો ધર્મ છોડવાની તક આપવી; અને તેટલા માટે કિલ્લાની ભીંતનો એક ભાગ તોડી તેમાં બંને ભાઇઓને ચણી લેવાનો, તથા ચણતાં ચણતા તેઓને ફરી ફરી સમજાવવાનો, અને તેમ છતાં પણ મક્કમ રહે તો આખરે જીવતા ચણી લેવાનો હુકમ કર્યો!

બંને ભાઇઓને તેમને થએલી શિક્ષા સમજાવવામાં આવી અને ફરી પાછું સુબાએ પુછ્યું, 'કહો હજી પણ દીન ઇસ્લામ કબુલ કરો છો?'

ઉત્તરમાં મોટા કુમારે કહ્યું, 'ઘણા વખત પહેલાં જ વિચાર કરી મુકયો છે. મોત કબુલ છે; પણ ધર્મ ત્યજવો નથી.'

હુકમ પ્રમાણે ચણતર શરૂ થયું. ઘુંટણ સુધી દીવાલ પહોંચી ત્યારે સુબાએ જોરાવરને કહ્યું, હજુ માન; હજુ બચીશ.' બાળકે દઢતાથી કહ્યું, 'વારંવાર મિથ્યા બકવાદ શા માટે કરો છો? મને મારા ઇષ્ટદેવનું ધ્યાન ધરવા દો.'

ચણતર કમ્મર સુધી આવ્યું. વળી પાછું પહેલાંની માફક સુબાએ કહ્યું; પણ એનો એ જ જવાબ મળ્યો.

ચણતર વધવા લાગ્યું. મોટો ભાઇ નાના ભાઇ સામે જોવા લાગ્યો. એ પણ દઢ શાન્તિથી ચણતર સહન કરતો હતો. મોટાએ નાના ભાઇને પુછ્યું, 'કેમ ભાઇ, શા હાલ છે? કંઇ ચિંતા તો નથી કરતો ને?'

નાના ભાઇ ફતેહસિંહે નિશ્ચલતાથી શાંત ઉત્તર આપ્યો, 'ચિંતા શાની હોય? આજે તો આપણાં ધન્ય ભાગ્યનો દિવસ છે જાણી આનંદ થાય છે.'

મોટાએ નાનાને ધન્યવાદ આપ્યો. દીવાલ છાતી સુધી પહોંચી. વળી એ જ સમજાવટ, અને એ જ ઉત્તર. દીવાલ ગળા સુધી આવી ત્યારે છેલ્લી ચેતવણી મળી. બંને ભાઇઓએ આંખ બંધ કરી ઓંકારના રટણથી ઉત્તર વાળ્યો. દીવાલ મસ્તક પર ફરી વળી!

પોતાના દાદા ગુરુ તેગબહાદુરની પેઠે આ પૌત્રોએ પણ 'શીશ દિયા, પર ધરમ ન દિયા.'

દાદી આ કઠોર સમાચાર સાંભળતાં મૂર્છિત થયાં, અને પછી સાવધ થતાં કિલ્લાના બુરજ પરથી ઝંપલાવી તેમણે પણ પ્રાણ તજ્યા.

('મહાન શીખ ગુરુઓ' માંથી સુધારાવધારા સાથે.)

વિદ્યાર્થીઓ!

તમારે તદ્દન જુજ ખર્ચે 'કુમાર' વાંચવું છે?
તો એક યોજના છે. તમારા વર્ગના દસ છોકરાઓ મળી બધાનાં નામ એક કાગળ પર લખો. પછી દરેક પાસેથી આઠ આઠ આના લો, એટલે 'કુમાર'નું (વિદ્યાર્થીઓ માટેનું) લવાજમ પાંચ રૂપીઆ થઇ જશે. પછી એમાંના કોઇપણ એક વિદ્યાર્થીને નામે 'કુમાર' મંગાવવું શરૂ કરો. એક અંક પહેલેથી શરૂ કરીને અને બીજો અંક છેલ્લેથી શરૂ કરીને, કાગળમાંના નામ પ્રમાણે દરેક વિદ્યાર્થીને 'કુમાર' અનુક્રમે વાંચવા આપતા જાઓ. દરેક વિદ્યાર્થી 'કુમાર' જુદું મંગાવીને વાંચે તે વધુ ઇચ્છવાજોગ છે; પરંતુ જેઓ તેમ કરવાને અશક્ત હોય તેઓ આ યોજનાનો લાભ અવશ્ય લઇ શકે. તમારા જ્ઞાનમાં ઉમેરો કરનાર 'કુમાર' માટે વરસે પાંચ રૂપીઆ નહિ તો આઠ આના તો ખરચશો ને? વઢવાણ કેંપની હાઇસ્કુલમાં અમે આ યોજના અમલમાં મુકી છે. **વ્રજલાલ અબજી શાહ**

સ્વીકાર

બૌદ્ધ સંઘનો પરિચય: લખનાર, ધર્માનંદ કોસંબી; પ્રકાશક, ગુજરાત પુરાતત્ત્વ મંદિર અમદાવાદ; કીંમત રૂા. ૨
સમાધિમાર્ગ: લેખક-પ્રકાશક ઉપર પ્રમાણે; કીં. ૦-૮-૦



આકાશદર્શન

દૃષ્ટિ ૧૨ મી

દિશા અને સમયનું જ્ઞાન

અત્યાર સુધી આપણે આકાશના મુખ્ય મુખ્ય તારાઓ વીશે થોડુંક જાણ્યું. આ ઉપરથી આ વિશ્વની અદ્ભુતતા અને અનન્તતાનો કંઈક ખ્યાલ આવ્યો હશે. જો ખગોળશાસ્ત્રનો આટલો જ લાભ હોત તોપણ તે બહુ કહેવાત. પણ આ શાસ્ત્રનો વ્યાવહારિક ઉપયોગ પણ ઘણો છે. આપણે જાણીએ છીએ કે રાત્રે ખલાસીઓ તારાઓની મદદથી પોતાનો રસ્તો કાપે છે. ખેડુતોનું તો એ ઘડીઆળ છે. આપણે પણ જો ઇચ્છીએ તો તારાઓની મદદથી દિશા અને વખત સહેજે જાણી શકીએ.

ઉત્તર દિશા ધ્રુવ ઉપરથી નક્કી થાય છે. ઉત્તર જણાય એટલે દક્ષિણ જણાય જ. વળી કેટલાક તારાઓના ઉગવા આથમવા ઉપરથી પણ દિશા નક્કી થાય છે. જેમકે:

(૧) મૃગનો મધ્ય ભાગ બરાબર પૂર્વમાં ઉગી બરાબર પશ્ચિમમાં આથમે છે;

(૨) અશ્વિની, રોહિણી, મઘા અને ફાલ્ગુનીના દક્ષિણ તરફના તારા ઇશાનમાં ઉગી વાયવ્યમાં આથમે છે;


(૩) વ્યાધ, હસ્તનો ઉત્તર ભાગ અને વિશાખા અગ્નિખુણામાં ઉગી નૈઋત્યમાં આથમે છે;...વગેરે.

આવી રીતે બીજાં નક્ષત્રો પણ કયા દિશામાં ઉગે આથમે છે એ અવલોકનથી સહેજે યાદ રહી જાય છે. ઉપર જણાવેલી યુક્તિઓની મદદથી કોઇ પણ અજાણ્યા સ્થળમાં દિશા બરાબર સમજાય છે.

આપણે જોયું છે કે કોઇ પણ તારો જ્યારે બરાબર ઉત્તર અથવા દક્ષિણ તરફ આવે છે ત્યારે તે 'યામ્યોત્તર' થયો કહેવાય છે. કોઇ પણ વખતે કયા કયા તારાઓ યામ્યોત્તર પર છે એ જાણવાની સ્થૂળ રીત આ પ્રમાણે છે: ધ્રુવ તરફ મોં કરીને, મોંની દિશા બદલ્યા વગર, મોં વધારે ને વધારે ઉંચું કરતાં, ઠેઠ માથા ઉપરના તારા સુધી જાઓ. પછી પીઠ ફેરવો, જેથી ધ્રુવ બરાબર પીઠ તરફ રહે અને તેથી મોં બરાબર દક્ષિણ દિશા તરફ રહે. હવે ફરી ઉપર પ્રમાણે જ મોં ઉંચું કરતાં ઠેઠ માથા ઉપરના તારા સુધી જાઓ. આમ કરવાથી જે તારાઓ દૃષ્ટિમાં આવે તે યામ્યોત્તર પર છે એમ જાણવું.

કયો તારો કઇ તારીખે રાતના નવ વાગ્યે યામ્યોત્તર થાય છે તે ૧૧મા અંકમાં જણાવ્યું છે. દરેક તારો રોજ ચાર ચાર મીનીટ, એટલે દરેક મહીને બબ્બે કલાક વહેલો યામ્યોત્તર થતો જાય છે. આ ઉપરથી કોઈ પણ તારાને યામ્યોત્તર થતો જોઇને વખત જાણી શકાય છે.

દાખલા તરીકે, ફેબ્રુઆરીની ૧૫મી તારીખે સ્વાતિને યામ્યોત્તર થતાં જોયો, તો વખત કેટલો થયો હશે ? આનો જવાબ નીચેની રીત પ્રમાણે શોધાય. ૧૧મા અંકમાં જણાવ્યા પ્રમાણે સ્વાતિ જુનની ૨૦મીએ રાત્રે ૯ વાગ્યે યામ્યોત્તર થાય છે. ફેબ્રુઆરીની ૧૫મીથી જુનની ૨૦મી સુધી ૪ મહીના અને ૫ દિવસ થાય છે. તેથી વખતમાં ૪×૨=૮ કલાક અને ૫×૪=૨૦ મીનીટનો ફરક પડશે. અહીં આપેલો દિવસ જુનની ૨૦મી કરતાં વહેલો હોવાથી આટલો વખત મોડો થશે. તેથી ૯ક.+૮ક. ૨૦મી. એટલે સવારના ૫ ક. ૨૦મી. જવાબ.



પુસ્તકો નવાં અને જુનાં

દુનીઆની જુનામાં જુની વાર્તાઓ

એક રીતે કહી શકાય કે ઉપનિષદની વાતો આ દુનીઆની જુનામાં જુની વાર્તાઓ છે. આશ્ચર્ય એ છે કે અત્યાર સુધી એ ઉપનિષદની વાતો કોઇએ ભેગી જ કેમ ન કરી ! ઉપનિષદો એટલે વેદાંતનું મુળ ઝરણું. તેમાં કંઈ વાર્તા જેવું હશે એવો સાહિત્યાચાર્યોને ગંધ પણ ન આવે; અને કબીર જેવી ઝાંખ વળેલી જુની આંખોવાળા વેદાંતીઓને આ વાર્તાઓનો રસ અલગ કાઢી દુનીઆને પાવાનું મન ન થાય. આપણે ત્યાં તો ઉપનિષદમાં એકલો નચિકેતા જ કંઇક પ્રસિદ્ધિ પામ્યો છે. પણ ઉષસ્તિ, સત્યકામ જાબાલ, જાનશ્રુતિ, રૈકવ, શ્વેતકેતુ વગેરે વાર્તાના નાયકો તો આજ સુધી ઉપનિષદની અંદર જ રહ્યા હતા. કેટલીક અંગ્રેજી કવિતાઓમાં એમને સ્થાન મળ્યું છે ખરું, પણ તેથી આપણે શું ? આપણે ત્યાં તો ઉપનિષદો એટલે મરવાની આળસે જીવનાર ડોસાઓના શાસ્ત્રગ્રંથ. તેના તરફ જુએ જ કોણ ?

પણ આખરે ભાઇ પાંડુરંગ વળામેએ ઉપનિષદની વાતો ભેગી કરી, એમાંની આધ્યાત્મિક ચર્ચાને કાપીકુપી આસ્વાદ લેવા લાયક રૂપમાં તેને ગુજરાતીમાં ઉતારી છે. આખી દુનીઆને દંગ કરી મુકે એવું તત્ત્વજ્ઞાન જે ઋષિઓએ ચલાવ્યું તેઓ વાર્તાના ઉપયોગમાં કુશળ તો હોવા જ જોઇએ. તેથી જ તો આટલાં બધાં પુરાણ લખાયાં છે.

વેદો અને ઉપનિષદોમાં એ વાર્તાનો જુનામાં જુનો નમુનો મળે છે. એમાં રાજાઓ આવે, રાજકન્યાઓ આવે, અગ્નિ આવે, વાયુ આવે; ગાયો તો હોય જ. સત્યકામ જાબાલની વાર્તામાં જેટલો મુગ્ધ રસ છે તેટલો ક્યા નવલકથાકારે આજ સુધી ખીલવ્યો છે ? નચિકેતાનો વીરરસ એના પછી ફક્ત સાવિત્રીએ જ કેળવેલો દેખાય છે. પ્રાણવાન યાજ્ઞવલ્ક્યની બેત્રણ વાતોમાં જ તે ભવ્ય દ્રષ્ટાની આબેહૂબ છબી દૃષ્ટિ આગળ ખડી થાય છે. નકશા કે હોકાયંત્ર વગર અજ્ઞાતનો અપાર સાગર વટાવીને આત્માનો અભેદ ખંડ શોધી કાઢનાર યાજ્ઞવલ્ક્ય, અને વિત્તપૂર્ણ પૃથ્વીને તુચ્છ લેખનાર એની વીર પત્ની, એ બેનો જોટો હજી દુનીઆમાં જડ્યો નથી. 'આ વિત્ત લઇને હું શું કરૂં ? જે તને મળ્યું છે તે જ મને આપ.' એમ કહેનાર બીજી સ્ત્રી તો એકલી સિદ્ધાર્થપત્ની યશોધરા જ દેખાય છે. જનક જેવા સમ્રાટને પણ અભયદાન દેવાની શક્તિ તો માત્ર યાજ્ઞવલ્ક્યે જ બતાવી છે.

ઉપનિષદની આ વાતો એકવાર વાંચીને કોરે મુકવા માટે નથી. એ તો આપણા હજારો વર્ષના જીવનની મુળ પ્રેરણા છે. ભક્તિનમ્ર થઈ આ વાર્તાઓનું શ્રવણ અને મનન કરવું જોઇએ. આ વાર્તાઓ જેમજેમ વધારે વાર વાંચીએ છીએ તેમતેમ પહાડમાંથી આરપાર કોતરેલા બોગદા જેવી ઉંડી તે દેખાય છે. જેમ બાઇબલની વાતોની અંગ્રેજી સાહિત્ય ઉપર સર્વત્ર અસર દેખાય છે તેમ આ વાર્તાઓની આપણી ભાષા ઉપર અસર થયા વગર રહે નહિ.

અમદાવાદના 'ગુજરાત સાહિત્ય મંદિરે' છ આનાની કીંમતે પ્રકટ કરેલી એ 'ઉપનિષદની વાતો'માંની એક વાર્તા નમુના માટે આ નીચે ઉતારી છે:

द द द

દેવો, મનુષ્યો અને અસુરો પોતાના પિતા પ્રજાપતિની પાસે શિષ્યભાવે વિદ્યાભ્યાસ કરવા માટે રહ્યા અને બ્રહ્મચર્ય પાળી એમની સેવા કરવા લાગ્યા. આમ બ્રહ્મચર્યપૂર્વક કેટલોક કાળ પિતાની પાસે વસીને પ્રથમ દેવોએ જઇ પ્રજાપતિને કહ્યું, 'અમને ઉપદેશ કરો.' પ્રજાપતિએ ઉત્તરમાં માત્ર **'દ'** એ એક જ અક્ષર કહ્યો. એ સાંભળી દેવો પોતાને કૃતકૃત્ય માની ચાલવા માંડ્યા. એટલે પ્રજાપતિએ પૂછ્યું, "કેમ, મેં ઉપદેશ કરેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો ?" વિલાસપ્રિય દેવોએ કહ્યું, "હા જી. અમે એ બરાબર સમજ્યા છીએ. આપ અમને 'તમે દમન--ઇંદ્રિયોનો નિગ્રહ--કરો' એવું કહો છો." આ સાંભળી પ્રજાપતિએ કહ્યું, "હા એ જ મારા કહેવાનો અર્થ છે. તમે એ બરાબર સમજ્યા છો, માટે જાઓ. એનું બરાબર પાલન કરજો. તમારૂં તેથી કલ્યાણ થશે."

ત્યાર પછી મનુષ્યો પ્રજાપતિ પાસે ગયા અને બોલ્યા, "અમને ઉપદેશ કરો." પ્રજાપતિએ તેમને પણ **'દ'** એ જ અક્ષરનો ઉપદેશ કર્યો. એ સાંભળી મનુષ્યો પાછા જવા લાગ્યા, એટલે પોતાનું કહેવું શિષ્યો બરાબર સમજ્યા છે કે નહિ તેની પરીક્ષા કરવા માટે પ્રજાપતિએ પુછ્યું, "કેમ ! તમે જાઓ છો તો ખરા; પણ મેં ઉપદેશેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો ?" લોભી મનુષ્યોએ કહ્યું, "જી, હા. આપે અમને, 'તમે દાન કરો' એમ કહ્યું." પ્રજાપતિ ખુશ થઇ બોલ્યા, 'હા, એ જ અર્થ છે. પણ યાદ રાખજો, માત્ર જાણીને કારજ નહિ સરે. એ પ્રમાણે વર્તશો તો જ કલ્યાણ થશે."

મનુષ્યો ચાલ્યા ગયા એટલે અસુરો પ્રજાપતિ પાસે ગયા અને "અમને ઉપદેશ કરો" એવી વિનંતિ કરી. એમને પણ પ્રજાપતિએ **'દ'** એ એકાક્ષરી મંત્રનો જ ઉપદેશ કર્યો. ઉપદેશ

પુરી થયા પછી પ્રજાપતિએ પુછયું, "કેમ, મેં શાનો ઉપદેશ કર્યો તે તમે સમજ્યા ?" આ સાંભળી અસુરોએ વિચાર કર્યો કે આપણે સ્વભાવથી હિંસાપરાયણ છીએ; તેથી જરૂર બાપુ આપણને પ્રાણીમાત્ર પર દયાભાવ રાખવાનો જ ઉપદેશ કરે છે. આમ વિચારી તેમણે કહ્યું, "હા, આપના કહેવાનો અર્થ અમે બરાબર સમજ્યા છીએ. અમે હિંસાપ્રિય છીએ તેથી આપ અમને, 'પ્રાણીમાત્ર પર દયા કરો' એમ કહો છો. આપે ઉપદેશેલા 'દ'નો 'દયા' એ જ અર્થ છે." આ સાંભળી પ્રજાપતિએ કહ્યું, 'બરાબર છે. એ જ મારા ઉપદેશનો અર્થ છે; માટે જાઓ, વેરભાવ ત્યજી દઈ પ્રાણીમાત્ર તરફ દયાભાવ રાખો. એમ કરવાથી તમારૂં કલ્યાણ થશે."

આજે પણ મેઘગર્જનારૂપ દૈવી વાણી '**દ દ દ**' કહી પ્રજાપતિના એ જ પ્રાચીન અને સનાતન ઉપદેશનો અનુવાદ કરે છે; અને પ્રતિવર્ષ કાનમાં ઢોલ વગાડી આ ત્રણે વૃત્તિના જીવોને કહે છે, "હે કલ્યાણકાંક્ષી જીવો! દમન કરો, દાન કરો, દયા કરો."

સ્વીકાર

આનંદધારાઃ બાળકો માટે સચિત્ર વાર્તાઓનો સંગ્રહ કરનાર તથા પ્રકાશક, રમણલાલ નાનાલાલ શાહ; બાલજીવન કાર્યાલય, કાલબાદેવી, ગાયવાડી, મુંબાઈ—૨; છ આના

ઢીંગલી (ઈબસેન કૃત નાટક): અનુવાદક, પ્રાણજીવન વિશ્વનાથ પાઠક; પ્રકાશક, યુગધર્મ કાર્યાલય; વેચનાર, ગુજરાત સાહિત્યમંદિર અમદાવાદ; કીંમત બાર આના.

કાંતિની જ્વાળાઃ લખનાર લતીફ; પ્રકાશક, દામજી વીરજી શાહ, કચ્છ પ્રકાશ મંદિર મુંબાઈ.

લીલો મેવો

શિવાજીની 'ભવાની તલવાર' હાલ બ્રિટિશ મ્યુઝીઅમમાં છે ! ત્યાંથી પાછી લાવવાની ચળવળ ચાલે છે.

અમેરિકાની એક કૉલેજમાં ગાંધીજીનાં બે પુસ્તકોને પાઠ્ય પુસ્તક તરીકે મંજુર કરવામાં આવ્યાં છે.

માણસની બુમ વધુમાં વધુ ૧૬૦૦ ફુટ ઉંચે સંભળાય છે.

ચીતાગૉંગ ગામમાં લગભગ ૯૦૦ તળાવો છે; એ વસ્તીમાં આશરે નડીઆદ જેવડું હશે.

ચાંદપુર આગળ મેઘના અને પદ્મા નદીનો સંગમ થાય છે, તેનો પટ લગભગ દસ માઈલ પહોળો છે.

અમેરિકાના એક ડૉકટરે ઠરાવ્યું કે નાનાં બાળકોને બને ત્યાં સુધી માતાના ધાવણ ઉપર રાખવાં; અને પરિણામે આજે ત્યાં નમાયાં અથવા જેમની માતાને ધાવણ ન આવતું હોય તેવાં બાળકો માટે સ્ત્રીનું ધાવણ વેચાતું મળી શકે છે ! પહેલાં તો એ બહુ મોંઘુ પડતું, પણ હવે અઢી રૂપીએ રતલને ભાવે મળી શકે છે; ગરીબોને ઓછે ભાવે અથવા મફત આપવાની ગોઠવણ પણ થઈ છે; પણ બાળકોને સ્ત્રીના ધાવણ ઉપર જ ઉછેરવાં એ વાત એમને બરોબર ગળે ઉતરી ગઈ છે.

રાજપીપળાના જંગલમાં એક વિચિત્ર જાતની કેળ થાય છે. તે પથ્થરમાં એની મેળે ઉગે છે અને તેને મોટાં કાકડી જેવાં કેળાં આવે છે !

દક્ષિણ આફ્રીકામાં એક ઝાડ થાય છે. એને છીંકવૃક્ષ જ કહેવામાં આવે છે. એને વહેરનારાઓ વહેરતાં વહેરતાં છીંકયા જ કરે છે. કોઈ પણ જીવજંતુ એને અડતું નથી. સ્વાદે એ કડવું લાગે છે. રંગ રહેજ ભુરાશ પડતો છે અને વજનદાર છે. દેખાવ રૂપાળો છે અને જલદી સડતું નથી.

ગોકળગાયના પગની રચના એવી છે કે તેના પગની આસપાસ ગોળ ગોળ વળાં છે, અને એથી આગલા પગ લંબાય છે ત્યાં પાછલા પગ ખેંચાય છે અને પરિણામે દર પગલે આગલા પગની ઝડપ બાદ થાય છે. આથી જ તે અતિ ધીમી ચાલે છે.

વઢવાણ રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓ પગે ચાલીને દોઢસોથી પોણાબસો ગાઉની દ્વારકાની મુસાફરી કરી આવ્યા.

સુરતમાં આવતા ઑકટોબરમાં ગુજરાત કલા પ્રદર્શન ભરાવાનું છે.

આ અંક સાથે વહેંચાએલી 'ગાંડિવ સાહિત્યમંદિર'ની પત્રિકા તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ.



માધુકરી

ઠુંઠો છોકરો ચિત્રકાર !

હીંદુસ્તાનમાં કોઈ માણસ અપંગ હોય કે શરીરને જરા ખોડ આવે એટલે તે દયાપાત્ર ગણાય. લોકો તેને દાન આપી તેનો નિર્વાહ ચાલતો રાખે, એટલે તે નીરાંતે એ મફત મળતાં અન્નવસ્ત્રપર તાગડધિન્ના કરે. આવા સંખ્યાબંધ ભિક્ષુકો આપણે ત્યાં વધી પડયા છે. ભીખનો હરામચસ્કો જેને એકવાર પણ લાગ્યો તે કદિ જાતમહેનત કરવાનો નહિ. જરા આંખ ગઈ, હાથ કપાયો, પગ લંગડાયો, કે તુરત લાંબો હાથ કરતા ચાલ્યા દુનીઆમાં ભીખવા ! નવાઇની વાત છે કે માણસોને એમ પારકા પાસે હાથ લાંબો કરતાં પોતાની જાત પર તિરસ્કાર નથી છુટતો ! જરા જેટલું કામ કરી કમાઈ શકતા હોય એવા પણ ભીખ ઉપર જીવ્યાં કરે છે !

અમેરિકામાં એમ ન ચાલે. અમેરિકામાં દરેક માણસ પોતાની તમામ શક્તિઓનો પુરો ઉપયોગ કરી છુટે છે. અનાથ અને અપંગ જેવાઓ માટે સરકારી ઉદ્યોગશાળાઓ ને તાલીમખાનાંઓ છે; જેમાં તેઓ એકાદ હુન્નર—હાથનો, પગનો કે સંચો ચલાવી કરવાનો—શીખી લે ને પોતાની રોજી રળતા થાય. પારકાને આશ્રયે જીવવાનું તેઓ અધમમાં અધમ ગણે છે. પોતાની જ રળનો રોટલો દરેક માણસ મેળવી શકે અને કોઇને બોજારૂપ ન થાય એવો ત્યાંની આખી પ્રજાનો સ્વભાવ છે.

હેનરી વિગમૅન આવા દેશમાં જન્મેલો છતાં તેના પર કુદરતે પુરો કોપ કર્યો હતો. કમાવાનાં કે કામ કરવાનાં મુખ્ય સાધન રૂપ તેના હાથ જ આખા જન્મથી ગુમ હતા ! તે મોટો થયો ત્યારે તેના બાપે તેને ખોડખાંપણવાળા છોકરાઓને તાલીમ આપી કામ શીખવનારી શાળામાં મુકયો.

ત્યાંના શિક્ષકોએ તેને આંખથી અક્ષરો ઓળખતાં તો શીખવ્યું, પણ લખતાં શીખવવાનો કોઇ માર્ગ તેમને નહોતો. ખભા આગળથી જ ઠુંઠા થએલા એ છોકરાને બનાવટી હાથ પણ શી રીતે લગાડી શકાય ? છેવટે પગનાં આંગળાંમાં પેન્સિલ આપી લખાવવું એમ ધાર્યું; પણ ત્યાં યે જુએ તો આંગળાં ન મળે !

છેવટે ગળા ઉપર દાઢીથી ઢોલની દાંડી પકડાવી તેને ટાઇપરાઇટર પર કળો દાબવાની તાલીમ આપવા માંડી. આ કામ થોડો વખત તો બહુ કઠણ થઈ પડયું; પણ હેનરી ચકોર બુદ્ધિનો હતો. તેણે એ ક્રિયાનું મહત્ત્વ સમજી લીધું અને ખુબ મહેનતે ટાઇપરાઇટર પર કાબુ મેળવ્યો. છેવટે એટલી ઝડપથી તે ટાઇપરાઇટર ચલાવતો થયો કે તેના શિક્ષકોને પણ હરીફાઈમાં હઠાવી દેવા લાગ્યો. આટલો કિસ્સો તો એ શાળા માટે મહાન અભિમાનનો વિષય ગણાય; છતાં શાળાની મુખ્ય શિક્ષિકા જેઈન નેઇલે ડાકટરોની એક મોટી પરિષદમાં, એ છોકરા માટે હજી આગળ કોઈ



ઠુંઠો ચિત્રકાર હેનરી વિગમૅન અને તેણે ચીતરેલું ક્રિસ્ટમસ કાર્ડ

માર્ગ છે કે નહિ તે વીશે પ્રશ્ન મુકયો, પણ કોઇને કશું સુઝ્યું નહિ.

એ અરસામાં શિકાગોના એક મહાન સર્જન ડાકટર ઇટાલીમાં પ્રવાસ કરતા હતા, ત્યાં કેટલાક માણસોએ તેમને એમના દેશના આ ચમત્કારિક પ્રયોગની વાત પુછી; પણ સર્જને એ છોકરાને નજરે જોએલો નહિ એટલે શું કહે? મુસાફરી કરી અમેરિકા પહોંચતાં જ પહેલી તકે સર્જને પોતાના દવાખાનાનો આખો યે કાફલો સાથે લઈ એ શાળાની મુલાકાત લીધી અને હેનરીને જોયો.

તેણે પહેલો પ્રશ્ન એ કર્યો કે હેનરીને એક્સ કિરણોથી કોઇએ તપાસ્યો હતો? જવાબમાં ના મળતાં તેણે એક્સ કિરણોથી તેનું શરીર તપાસ્યું, તો ખભા આગળ હાથનાં હાડકાં બરોબર હતાં પણ વણખીલ્યાં ઠુંડવાઈ ગએલાં રહ્યાં હતાં. તેણે હેનરીનાં માબાપની રજા માગીને એક ખભા આગળ નસ્તર મુકી હાડકાનો વિકાસ રોકનારાં સ્નાયુ કાપી નાખી બાજુ કર્યાં. તેને પરિણામે એક માસમાં તો વેંત જેટલું હાડકું વધી આવ્યું. ૧૯૨૦ માં એ કામ થયું.

પહેલા હાથ પરનો અખતરો સફળ થયો એટલે બીજા હાથને પણ નસ્તર મુકી એ પ્રમાણે હાડકું બહાર આણ્યું. હવે તો હેનરીને બે બાજુ નાની પાંખો જેવી કોણી જેટલી હાલતી ચાલતી ડાળીઓ ઉગી ગઈ! તે જોઇ તેની શાળાના શિક્ષકોના પગ બહુ જોરમાં આવી ગયા. તેમણે તે ઠુંઠાં ડાળાં પર કૃત્રિમ હાથ ચડાવી તેમાં પેન્સિલ પકડાવી કામ આગળ લીધું. હેનરી થોડા વખતમાં અક્ષરો લખતો થઈ ગયો. તે વસ્તુ પકડતો, ખસેડતો અને ઉપાડી પણ શકતો.

પણ આથી યે વધારે નવાઇની વાત તો એ છે કે વખત જતાં એ પોતાના ઠુંઠા હાથે સુંદર ચિત્રો અને આકૃતિઓ પાડી બતાવવા લાગ્યો અને તેનામાં ઉંચી કલાવૃત્તિ દેખાઈ! એ પરથી તેને વધારે સગવડવાળા ઉંચી બનાવટના રબરના કૃત્રિમ હાથ અપાવ્યા. શિક્ષકોએ તેને સમજ પાડી કે હવે તેણે તે હાથની રકમ જાતકમાઇથી ભરી આપી ઋણમુક્ત થવું ઘટે. અને ખરે જ, હેનરીએ નાતાલનાં સુંદર પોસ્ટકાર્ડો ચીતરી ૨૦૦ ડોલર જેટલી રકમ કમાઇને શાળાને ભરી આપી! હમણાં તો હેનરી હાઇસ્કુલમાં ચોરણવાર ભણતો નિયમિત વિદ્યાર્થી બન્યો છે. તેની નીશાળના શિક્ષકો કહે છે કે તે આગળ જતાં સરસ ચિત્રકાર થશે. કોણ કહેશે કે દુનીઆમાં અપંગો માત્ર ભારરૂપ જ હોય?

હીંદુ

જેના નામ ઉપરથી આપણા આ પ્યારા વતનનું નામ પડયું છે તે હીંદુ કોમની આજે શી દશા છે? નગાધિરાજ હિમાલય અને હીંદુકુશની છાયામાં વસી, આપણા વીર્યવાન વડવાઓ વેદની ઋચાઓના ઉચ્ચારણે ગગન ભેદતા તેમનાં સંતાનો આજે ક્યાં છે?

એ કોઈ સંશય વિનાની વાત છે કે હીંદુ કોમ આજે રોગગ્રસ્ત છે. એક દિવસ આ મુલકમાં ૧૦૦ એ ૧૦૦ હીંદુઓ વસતા, તેને બદલે આજે ૧૦૦ એ ૬૮ સુધી હીંદુઓનું પ્રમાણ ઉતરી ગયું છે. આ રોગને હું ક્ષયરોગ કહું છું. હીંદુ કોમને ઘાસણીનું દર્દ લાગુ પડયું છે. તેની પ્રાણશક્તિ કમ થઈ ગઈ છે. પણ તેનું કારણ શું છે? આ દેશમાં જ નીપજતાં બે ઝેરી ફળ—કુટ અને વેર—નું વિષ આપણી રગે-રગમાં ઉતરી ગયું છે.

એક મુસલમાન બિરાદરે મને હમણાં જ કહ્યું કે "તમે હીંદુ કેવા નાતાકાત છો? તમને કોઈ મારવા આવે ત્યારે મોં ધરીને શા માટે ઉભા રહો છો? ગીતાજી જેવું તમારૂં ધર્મપુસ્તક છે. 'ધર્મ સંરક્ષણાર્થ યુદ્ધસ્વ—' ધર્મના રક્ષણ અર્થે યુદ્ધ કરો એવો શક્તિવંત એનો સંદેશ છે. તેની વારસદાર હીંદુ કોમ આટલી નામર્દી કાં બતાવે?" મહાત્માજીએ પણ સામાન્ય હીંદુને ભીરૂ અને સામાન્ય મુસલમાનને દમ છાંટનાર કહ્યા છે. ભારતમાં આજે જેટલા મુસલમાન છે તેમાંથી સાડા છ કરોડ તો પહેલાં શુદ્ધ હીંદુ હતા. સાઠ સીત્તેર હજાર પણ શુદ્ધ ઈરાની કે અરબી મુસલમાનો અત્યારે ભારતવર્ષમાં નથી. છતાં મજહબી ઝગડાઓમાં સંખ્યાબળમાં અનેકગણો બળવાન હીંદુ માર ખાવા કરે છે.

હીંદુ સાચે જ આટલો કમતાકાત છે? આ દેશમાં સિકન્દરથી ચડી જાય એવો કોઈ લડવૈયો નથી આવ્યો. પણ એ સિકન્દરને યે પંજાબથી જ પાછા નાસવું પડયું હતું. કારણ એ સમયે મગધ રાજ્યનું જોર હતું. એ વખતે હીંદુ જાતિ વીર્યવાન હતી. તાજો જ દાખલો આપું. ગયા યુરોપીય મહાયુદ્ધમાં આપણા હીંદુ ક્ષત્રી, ગુરખા કે જાટ સશસ્ત્ર યુદ્ધમાં કોઈથી કમ નથી ઉતર્યાં. જર્મન, ફ્રેન્ચ કે અંગ્રેજ યોદ્ધાઓથી પણ વિશેષ વીરતા બતાવી તેમણે વિક્ટોરીઆ ક્રૉસના ચંદ્રકો મેળવ્યા છે. એ છતાં હીંદુને ભીરૂ શા માટે કહેવામાં આવે છે? જે હીંદુ ધર્મ પહેલાં એના અનુયાયીઓને વીર બનાવતો, તે આજે એમને વીરતા નથી શીખવતો એ માનવાનું કાંઈ કારણ છે? મને આ બધી નામર્દી અને નાતાકાતનું એક જ કારણ દેખાય છે. ફૂટ અને વેરના વિષે આપણી તાકાત હણી લીધી છે.

કહેવામાં આવે છે કે હીંદુસ્તાનમાં ૨૨ કરોડ હીંદુઓ વસે છે. હું આંખો ફાડીફાડીને ચોતરફ જોઉં છું, પણ ૨૨ કરોડ તો શું, પણ ૨૨ લાખ પણ 'હીંદુ' હું નથી ભાળતો. હું જેને પુછું છું તે કહે છે કે 'હું શૈવ છું, હું વૈષ્ણવ છું, હું માહેશ્વરી છું, કાન્યકુબ્જ છું.' કોઈ એમ નથી કહેતું કે હું

હીંદુ છું. એટલે જ આજે હીંદુ મહાસભા અને હીંદુ સંગઠનની જરૂર છે. હીંદુ દુનીઆમાંથી એમ નહી મીટી જાય. તે નવે અવતારે, સબળ અને સશક્ત કોમ તરીકે જીવશે: અને હીંદુસ્તાનનો સ્વાતંત્ર્યધ્વજ લઇને હીંદુત્વની વિજયગાથાઓ ગાતો જગતમાં ઘુમશે.

—બાબુ ભગવાનદાસ

મુષક નામ કેમ પડયું ?

ઉંદરને આપણે અંગ્રેજીમાં 'માઉસ' અને સંસ્કૃતમાં 'મુશક' કહીએ છીએ. ઘણી ભાષાઓમાં આનું નામ ઉપરના જેવા જ ઉચ્ચારવાળું થાય છે. વલંદા તેને 'મુઇસ' અને આઇસલાંડના વતનીઓ 'મુસ' કહે છે. ડેન્માર્કના લોક 'મૂસ', સ્વીડનના 'મુસ', જર્મનીના 'મૉસ', રશીઆના 'મુઇસ' અને ઇરાનના 'મુશ' બોલે છે. આ સૌ સરખા જેવા શબ્દોનું મુળ તો જુની સંસ્કૃત ભાષામાં છે. સંસ્કૃત ધાતુ 'મુષ્' નો અર્થ 'ચોરવું' છે. એ ઉપરથી મુષક એટલે ચોર. અને કોણ કહેશે કે ઉંદર ચોર નથી ?

વિશ્વાસુ માળી

ફ્રાન્સના એક નાના શહેરમાં ફુલની એક દુકાન છે. હું એ દુકાને મને મોકલેલાં ફુલોના પૈસા દેવા ગયો. હું જેવો દુકાન આગળ પહોંચ્યો કે મેં એક જાહેરખબર ચોડેલી જોઈ: "આજે માળી પૅરીસ ગયો છે." પણ એ જાહેરખબર કરતાં વધુ નવાઈ પમાડે એવું એક હતું. દુકાનનાં બારણાં છચોક ઉઘાડાં પડયાં હતાં. લોકો છુટથી દુકાનમાં જતાં આવતાં. આ બધી વાત હું કળી ન શક્યો, તેથી મેં પડોશીઓને પુછ્યું. તેમણે મને કહ્યું, 'તમે આ માળીના ઘરાક નથી જણાતા. નહિતો તમે આ વાત ન જાણો એ કેમ બને ? જ્યારે જ્યારે આ માળી બહારગામ કામે જાય છે ત્યારે ત્યારે તે પોતાનાં ઘરાકોને જ દુકાન સોંપી જાય છે. ઘરાકો જ આ દુકાનની સંભાળ રાખે છે. જો તમારે એમાંથી ફુલ વગેરે કાંઈ જોઇતું હોય તો તે લઈ લો અને તેના ખાનામાં કીંમતના પૈસા મુકી દો. જો તમને કીંમત માલુમ ન હોય તો બીજે દિવસે પૈસા દઈ જઈ શકો છો. અમે પણ બધાં એમ જ કરીએ છીએ.' હું બીજી વખત ત્યાં જાઉં તેમ નહોતું, તેમજ ફુલની કીંમત હું જાણતો નહોતો; એટલે મેં એક નોટ ખાનામાં મુકી. તે સાથે માળીને એક ચીઠ્ઠી લખી અને સરનામું આપી મને મળવા બોલાવ્યો. મારા લખવા મુજબ એકવાર એ આવી ચડયો.

મેં કહ્યું, 'તમે નહોતા અને તમારી દુકાનનાં બારણાં ઉઘાડાં હતાં એ જોઈ મને બહુ નવાઈ લાગી. આવું જોખમ તમે ખેડો છો ? ગમે તે માણસ ગમે તે લઇને ચાલવા જ માંડે.'

'પણ એટલા સારૂ જ હું એમ કરૂંછું. હું એકલો માણસ છું એટલે જો દુકાન બંધ કરી બહાર જાઉં તો ઘરાકો ચાલ્યાં જાય, ધંધો ન ચાલે; તેથી હું તો તેમને સોંપીને જ જાઉં છું.'

'અને તમારો માલ કદિ ચોરાઈ ગયો નથી ?'

'ના, કોઈ દહાડો નહિ.'

બીજાંઓ પર ભરોસો રાખવાથી લોકો આપણો ભરોસો કરે છે. આ ખરી વાતમાંથી કેટલું શીખવાનું મળે છે ?

૯૨મે વર્ષે

આ વિકરાળ ચહેરાનો માનવી આજ ૯૨ વર્ષથી આ દુનીઆ ઉપર છે. આજથી ૨૨ વર્ષ પહેલાં એને કેદ કરવામાં



આવ્યો હતો: એ કારણે કે એ સુદાનમાં અંગ્રેજો સામે બહુ લડયા કરતો. જુઓને, એનો ડાબો હાથ કયાં ? એ દરવીશને નામે અંગ્રેજ સોલ્જરો ત્રાસતા, અને એને છુટો રાખવો એ પણ એક જોખમ હતું. પણ હવે—૨૨ વર્ષ પછી એને છોડવામાં આવ્યો છે; અને જીવનનાં પાપ ધોવા એ મક્કાની હજે ઉપડયો છે. ૯૨ વર્ષે પણ ૬૨ના લાગતા આ ઉસમાન દીગ્નાને અંગ્રેજ કવિ રડયાર્ડ કિપ્લિંગે પોતાના એક કાવ્યમાં 'ફઝીવઝી' ના નામે ચીતર્યો છે.

*

કેરીઆડીઆનો રાજા સીસોવટી દુનીઆમાં સૌથી ઘરડો રાજા છે; અને એ પણ ૯૨ વર્ષનો છે. આ ઉમરે એ દુનીઆની સફરે નીકળી પડ્યો છે :

મિજલસ

[પાન ૨૦૩ થી ચાલુ]

ઉગતી વયથી જ તમારાં ખર્ચ ઓછાં રાખતાં શીખો કે જેથી તમને ભવિષ્યમાં પૈસાની બહુ તંગી ભોગવવા વારો ન આવે. પોતાની જરૂરીઆતો અને તેટલી ઓછી કરી નાખો. ઉપરાંત એકાદ નાનો હુન્નર કે કારીગીરી એવી શીખી લો કે જેનું દુનીઆમાં કોઈને કોઈ ગ્રાહક હોય જ.

તમારો નિર્વાહ ચાલે એટલે આળસુ થઈને ઘોરતા નહિ. તમારે તો તમારા દેશમાંથી દારિદ્રયના કૈંક ઢગ દૂર કરવાના છે. એટલે દરેક જણે પોતાની આજીવિકા પુરતું કામ કરવા ઉપરાંત દેશના સાર્વજનિક હિતમાં બને તેટલાં કામ, શક્તિ કે જ્ઞાનનો ફાળો આપ્યા વિના ચાલવાનું નથી.

ભલે તમને તમારી ધારણા પ્રમાણે ફળ આવતું ન દેખાય, ભલે તમે તે કામ નકામું જતું જુઓ, પરંતુ ધીમે ધીમે તમારી દરેક હીલચાલ તમને અને દેશને એક એક કદમ મુક્તિના દ્વાર તરફ ખેંચતી જશે. તમે ખેતી ચાહતા હો તો ખેતીના ઉદ્ધાર માટે યત્ન કરો; તમે ઉદ્યોગ ચાહતા હો તો ઉદ્યોગી બનો; સાહિત્યકળાનો વિકાસ ચાહતા હો તો તેને માટે બને તેટલું કરી છુટો; કેળવણીથી મુક્તિ થશે એમ માનતા હો તો સારા શિક્ષક થવાની તૈયારી કરો; રાજકીય દશા ખરાબ માનતા હો તો સાચા દેશસેવક થવાની ઉમેદ રાખો.

પણ તમારી આ ઇચ્છામાં બદલાની, કીર્તિની કે ધન–માનની જરા યે જગ્યા ન રાખતા. તમારૂં એ કામ તો તમારા ધર્મરૂપે રહેવાનું. તમે તેનો દેખીતો બદલો નહિ પામો તોપણ અનેકને તેનું શુભ ફળ મળશે અને આવતી પેઢીને તમે વારસામાં કંઈ ને કંઇ આપી શકશો.

કુમાર પ્રિન્ટરી

ઘણા માસથી ચીંતવેલું અમારૂં સ્વપ્ન આ અંકરૂપે સાચું પડ્યું છે, એ વાત લખતાં મને આનંદ થાય છે; અને તમને પણ એટલો જ થશે એમ માનું છું. આ અને હવે પછીના બધા અંક 'કુમાર પ્રિન્ટરી'માં જ છપાએલા હશે.

એક વસ્તુની કલ્પના અને તેની સિદ્ધિની વચ્ચે કષ્ટો, મુંઝવણો અને કસોટીઓની મહાનદી ધોધમાર વહી જતી હોય છે એ કોણ નથી જાણતું? એટલે જ ઝંપલાવનારા ઓછા હોય છે. એ ઝંપલાવનારમાંથી જેની શ્રદ્ધા ખુટે, જેનો ઉત્સાહ ડગે, અને જે હારી ખાઇ થાકે એનાં તો બારે વા'ણ ડુબે.

'કુમાર પ્રિન્ટરી' 'કુમાર'ને ચિરંજીવ રાખવાનું એક સાધન છે. પણ એ પ્રિન્ટરી અને 'કુમાર' બંનેને ચિરંજીવ રાખનાર મોટું સાધન તો તમારૂં સૌનું અકેક લવાજમ છે. તમે એક એક 'કુમાર'ને પડખેથી ખસો એટલે 'કુમારે' દેશવટો જ લેવાનો રહે. પણ 'કુમાર'ના રક્ષકોને તમારામાં અપાર શ્રદ્ધા છે એટલે જ આ નવું સાહસ તેમણે આદર્યું છે.

*

તમારામાંનાં કેટલાકનાં લવાજમ (છ માસિક હોઈ) આ અંક સાથે પુરાં થશે. 'કુમાર'નું કાર્ય તમે સમજી ગયા હશો, પ્રજાને તેની જરૂર છે એવી તમારી ખાતરી થઇ ગઇ હશે અને એને પગભર થઇ ફુલેલું ફાલેલું જોવા ઇચ્છતા હશો તો તો તમે જરૂર એના ગ્રાહક ચાલુ રહેશો. ગ્રાહક તરીકે બંધ થવાનું ઇચ્છતા હો તો એવું અમને લખી નાખતાં પહેલાં શાંતિથી વિચાર કરી જોજો કે છેલ્લા છ મહીનામાં એનાથી તમને કંઇ પણ ફાયદો કે સંતોષ થયો છે?

'કુમાર'ના માત્ર ગ્રાહક બનીને જ તમે સંતોષ ન લેતા. તેનો દરેક રીતે વિકાસ થાય એ જોવા તમારાથી બનતી સુચનાઓ અને સહાય, તથા કુમાર કાર્યાલયને નિર્વાહ આપતું કામ વધારી આપવાની નેમ ઉભી કરો.
